દૈનિક
# મુંબઈ સમાચાર
૨૦૫ વર્ષ
R.N.I. No. 1563/1957 ★
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપના: ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તક: ૨૦૫ ■ Volume 69 ■ Issue 182 ■ વિક્રમ સંવત ૨૦૮૨
આષાઢ વદ-૫ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 3 August 2026, Monday ■ REGD.No. MCS/058/2024-26
સોમવાર, ૩ ઑગસ્ટ ૨૦૨૬, (૧૨ પાનાં), કિંમત ₹ ૧૦.૦૦
ધર્મતેજ પૂર્તિ ૫ ૬ ૭
LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# સિદ્ધિવિનાયક મંદિરની દાનચોરીને મુદ્દે રાજકારણ ગરમાયું




## મંદિરમાંથી દર વર્ષે ₹ ૧૮ કરોડની ચોરીનો આક્ષેપ: નવ જણ પકડાયા

મુંબઈ: દેશની આર્થિક રાજધાનીમાં પ્રભાદેવી ખાતે આવેલાં સિદ્ધિવિનાયક મંદિરમાં શ્રદ્ધાળુઓ દ્વારા અપાતા દાનની રકમમાંથી દર વર્ષે રૂપિયા ૧૮ કરોડ ચોરાઈ જતા હોવાનું કહેતા મહારાષ્ટ્ર નવનિર્માણ સેના (એમએનએસ)ના વડા રાજ ઠાકરેના આક્ષેપને પગલે મહારાષ્ટ્રના રાજકારણમાં નવો વિવાદ ઊભો થયો છે, કારણ કે સિદ્ધિવિનાયક ગણપતિ મંદિર ટ્રસ્ટના અધ્યક્ષ સદાનંદ શંકર સરવણકર રાજ્યના નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેની શિવસેનાના નેતા અને માહિમના ભૂતપૂર્વ વિધાનસભ્ય છે અને મહારાષ્ટ્રના ભૂતપૂર્વ મુખ્ય પ્રધાન નારાયણ રાણેના એક સમયના નજીકના સાથી હતા. આવતા મહિને ગણેશોત્સવ હોવાથી આ મુદ્દો વધુ ગરમાયો છે.

સિદ્ધિવિનાયક મંદિરની દાનની રકમની ચોરીના સંબંધમાં અત્યાર સુધીમાં નવ જણ પકડાયા હોવાની વાતનો અધ્યક્ષ સદાનંદ સરવણકરે સ્વીકાર કર્યો હતો..

રાજ ઠાકરેએ વધુમાં આક્ષેપ કર્યો હતો કે અયોધ્યાનાં રામમંદિરમાં ૧,૪૦૦ કરોડ રૂપિયાની ચોરી કરાઈ છે. હવે મંદિરો પણ સલામત રહ્યાં નથી. ઠાકરેએ માગણી કરી હતી કે વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ આ બાબતે બોલવું જોઈએ.

દરમિયાન શિવસેના (યુબીટી)ના નેતા સંજય રાઉતે રવિવારે રાજ ઠાકરેના દાન-ચોરીના આક્ષેપને સમર્થન આપ્યું હતું. રાઉતે કહ્યું હતું કે મંદિરનો વહીવટ નાયબ મુખ્ય પ્રધાન

(જુઓ પાનું ૨) ▸▸





સિદ્ધિવિનાયક ગણપતિ મંદિર ટ્રસ્ટના અધ્યક્ષ અને શિંદે શિવસેનાના નેતા સદાનંદ શંકર સરવણકર

## રિઝર્વ બૅન્ક બુધવારે વ્યાજદર જાહેર કરશે

મુંબઈ: ભારતીય રિઝર્વ બૅન્કની વ્યાજદર અને અન્ય આર્થિક પગલાં જાહેર કરતી સમિતિની બેઠક ત્રીજી ઑગસ્ટથી પાંચમી ઑગસ્ટ સુધી મળવાની છે અને તે પાંચમીએ વ્યાજદરમાં ફેરફારની કે યથાવત્ રાખવાની જાહેરાત કરશે.

ભારતીય શૅર બજાર મહત્ત્વનું ટ્રેડિંગ વીક શરૂ થવાનું છે. બધાની મીટ આરબીઆઈના વ્યાજદરના નિર્ણય, પશ્ચિમ એશિયાની વિકટ પરિસ્થિતિ અને ખનીજ તેલના ભાવ પર છે.

આ અઠવાડિયું ઘણું અગત્યનું છે. શેર બજારની મીટ વિવિધ કંપનીઓના નાણાકીય વર્ષ ૨૦૨૭ના પ્રથમ ત્રિમાસિકના પરિણામો પર છે. અનેક લાર્જકેપ અને મિડકેપ કંપનીઓ તેમના ત્રિમાસિક પરિણામની જાહેરાત કરવાના છે. વિદેશી રોકાણકારોએ ચાર મહિના શૅર

(જુઓ પાનું ૨) ▸▸

## ભારતને ૩૯માંથી ૧૦ મેડલ મુક્કાબાજોએ અપાવ્યા

ગ્લાસગો: સ્કૉટલૅન્ડમાં ગઈ કાલે ૨૩મી કૉમનવેલ્થ ગેમ્સનો ૧૧મો અને અંતિમ દિવસ હતો અને ભારતીય સ્પર્ધકોએ છેલ્લા તબક્કામાં મોટી સંખ્યામાં જે ચંદ્રકો મેળવ્યા એના અનેરા આનંદ સાથે પોતાના અભિયાન પર પડદો પાડ્યો હતો. ૨૦૩૦ની આગામી કૉમનવેલ્થ ગેમ્સ અમદાવાદમાં યોજાશે અને એ યજમાની ભારતીય સંઘને સોંપવામાં આવી હતી. ગઈ કાલ સાંજ સુધીમાં ભારતને કુલ ૩૯ મેડલ મળ્યા હતા જેમાંથી ૧૦ ચંદ્રક મુક્કાબાજોએ અપાવ્યા હતા. એમાં સાત ગોલ્ડ અને ત્રણ સિલ્વર મેડલ હતા. શનિવારના દસમા દિવસે ભારતીયો કુલ ૧૬ ચંદ્રક જીતીને સમગ્ર રમતોત્સવમાં છવાઈ ગયા હતા. એને કારણે જ ભારત નીચલા ક્રમેથી પ્રગતિ કરીને ચોથા નંબર પર આવી ગયું હતું.

૨૦૨૨ની પાછલી કૉમનવેલ્થ ગેમ્સની તુલનામાં ભારતને વધુ ચંદ્રકો અપાવતી પાંચ રમતની ગેરહાજરી હોવાથી આ વખતે ઓછા ચંદ્રકો મળ્યા હતા, પરંતુ ખાસ કરીને બૉક્સિંગ, ઍથ્લેટિક્સ, જૂડો, પૅરા ઍથ્લેટિક્સ (દિવ્યાંગો માટેની) અને વેઇટલિફ્ટિંગની રમતના સ્પર્ધકોની સફળતાઓને લીધે ભારત ગયા વખતની જેમ આ વખતે પણ ગઈ કાલ સાંજ સુધીમાં ચોથા નંબર પર

(જુઓ પાનું ૨) ▸▸

## મોદીએ નશા વિરુદ્ધ અભિયાનની કરી શરૂઆત

નવી દિલ્હી: વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ રવિવારે 'નશા મુક્ત યુવા વિકસિત ભારત' રાષ્ટ્રવ્યાપી અભિયાનની શરૂઆત કરી હતી. વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ રવિવારે કહ્યું કે વિકસિત ભારતનું લક્ષ્ય હાંસલ કરવા માટે દેશના યુવાનોએ માનસિક અને શારીરિક રીતે સ્વસ્થ રહેવું જોઈએ, જેના માટે તેમણે તમામ પ્રકારના નશાથી દૂર રહેવું જોઈએ.

યુવાનોમાં માદક દ્રવ્યોની લતને નાબૂદ કરવાના હેતુથી 'નશા મુક્ત યુવા ફોર વિકસિત ભારત સંકલ્પ અભિયાન'ની શરૂઆત કરતા મોદીએ કહ્યું હતું કે આ અભિયાન ફક્ત યુવાનો માટે જ નહીં પરંતુ તેમના પરિવારો, સમાજ અને સમગ્ર દેશ માટે પણ છે. વડા પ્રધાને મોટી સંખ્યામાં યુવાઓની હાજરીમાં વર્ચ્યુઅલ રીતે આ અભિયાનની શરૂઆત કરી હતી. આ કાર્યક્રમ એવા સમયે થઈ રહ્યો છે જ્યારે દિલ્હી અને દેશના અન્ય ભાગોમાં જાહેર પરીક્ષા

(જુઓ પાનું ૨) ▸▸

## કેરલમમાં ભારે વરસાદના કારણે આઠ લોકોનાં મોત, ૧૩ ઘાયલ

તિરુવનંતપુરમ : હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, કેરલમમાં છેલ્લા ૨૪ કલાકમાં ભારે વરસાદ પડ્યો છે. રવિવારે, મુખ્ય પ્રધાન વી.ડી. સતીસને જણાવ્યું હતું કે રાજ્યમાં ભારે વરસાદ અને ભૂસ્ખલનને કારણે આઠ લોકોનાં મોત થયા છે અને ૧૩ ઘાયલ થયા છે. વધુમાં ૫,૭૯૨ લોકોને ૨૦૯ રાહત શિબિરોમાં ખસેડવામાં આવ્યા છે. તેમણે જણાવ્યું હતું કે રાજ્યમાં ભૂસ્ખલન, પૂર અને વ્યાપક નુકસાન થયું છે. આ માહિતી મુખ્યમંત્રી કાર્યાલય દ્વારા આપવામાં આવી હતી.

મુખ્યમંત્રી કાર્યાલયના જણાવ્યા અનુસાર, કેરળમાં વરસાદને કારણે ૨૭ ઘરો નાશ પામ્યા છે અને લગભગ ૨૦૦ ઘરોને નુકસાન થયું છે. સરકારે જણાવ્યું છે કે તે વરસાદથી પ્રભાવિત લોકોને મદદ કરવા તૈયાર છે. જેમણે પોતાનો જીવ ગુમાવ્યો છે તેમના પરિવારોને તેમજ જેમના ઘર અને આજીવિકાને અસર થઈ છે તેમને સહાય પૂરી પાડવામાં આવશે. મુખ્યમંત્રી કાર્યાલયના જણાવ્યા અનુસાર, શનિવારથી વરસાદ ઓછો થઈ ગયો છે, પરંતુ મુખ્ય પ્રધાને જનતાને ખાસ કરીને પહાડી વિસ્તારોમાં રહેતા લોકોને, સતર્ક રહેવાની અપીલ કરી છે.

સતીસને વધુમાં જણાવ્યું હતું કે,

(જુઓ પાનું ૨) ▸▸

## મોસ્કોમાં પ્રચંડ વિસ્ફોટ: ત્રણનાં મોત, ૨૧ ઘાયલ

મોસ્કો: રશિયાની રાજધાની મોસ્કોમાં શનિવારે(૧લી ઑગસ્ટ) સાંજે એક રેસ્ટોરન્ટ નજીક પ્રચંડ વિસ્ફોટ થયો હતો. જેમાં ત્રણ લોકોનાં મોત થયાં હતાં. જ્યારે ૨૧ લોકો ઘાયલ થયા હતા. આ જાણકારી રશિયન અધિકારીઓએ આપી હતી.

અધિકારીઓના જણાવ્યા અનુસાર આ વિસ્ફોટ મધ્ય મોસ્કોમાં એક મોંઘા રેસ્ટોરન્ટની નજીક એક ખાનગી કાર્યક્રમ દરમિયાન થયો હતો. ઘરે બનાવેલા બૉંબ સાથે પહોંચેલી મહિલાનું પણ વિસ્ફોટમાં મૃત્યુ થયું હતું. મીડિયા અહેવાલો અનુસાર દેશની એન્ટી-ટેરરિઝમ કમિટીએ જણાવ્યું કે એક અજાણી મહિલા કુદ્રિન્સ્કાયા સ્ક્વેર ખાતે બાલ્ઝી રોસી રેસ્ટોરન્ટમાં ઘૂસવાનો પ્રયાસ કરી રહી હતી, પરંતુ એક સુરક્ષા ગાર્ડે તેને અટકાવી હતી. મહિલા પાસે એક ઇમ્પ્રુવાઇઝ્ડ અક્સપ્લોસિવ ડિવાઇસ(આઇઇડી) હતું. જેમાં રેસ્ટોરન્ટમાં પ્રવેશતા પહેલા જ વિસ્ફોટ થયો હતો. આ વિસ્ફોટમાં મહિલાની સાથે તેને રોકનાર સુરક્ષા ગાર્ડ અને એક ગ્રાહક મૃત્યુ પામ્યા હતા. પ્રારંભિક મીડિયા અહેવાલોમાં વિસ્ફોટનું

(જુઓ પાનું ૨) ▸▸

## પેરુમાં વિમાન દુર્ઘટના: ૧૩ જણ માર્યા ગયા

બોગોટા: પેરુના નાઝ્કા શહેરના ખેતરમાં યુરોપના સહેલાણીને લઈ જતું વિમાન તૂટી પડતા તેર જણનાં મોત થયાં હતાં એવી માહિતી સ્થાનિક સત્તાવાળાઓએ આપી હતી.

નાઝ્કાની મ્યુનિસિપલ ગવર્નમેન્ટે કહ્યું હતું કે આ વિમાન નજીકના ઈકા શહેરથી રવાના થયું હતું. આ વિમાન પેરુની કંપની એરોડાયનાનું હતું.

એરલાઈને તેની વેબસાઈટમાં લખ્યું હતું કે છેલ્લા ૧૪ વર્ષથી સેસના ગ્રાન્ડ કેરેવાન પ્લેન નાઝ્કા લાઈન્સમાં કાર્યરત છે. નાઝ્કા લાઈન્સ પેરુના મૂળ વસાહતીઓએ રણપ્રદેશમાં હજારો વર્ષ પહેલાં દોરેલી આકૃતી છે. લાઈન વડે પ્રાણીઓની આકૃતિ ઊભી થાય છે. જે પ્લેન અને ટાવર વડે જોઈ શકાય છે. મૃતકોમાં ઇટાલીના ૧૮થી ૫૪ વર્ષના વયજૂથના સાત

(જુઓ પાનું ૨) ▸▸

## અમેરિકામાં શોપિંગ સેન્ટરમાં ગોળીબાર: ત્રણનાં મોત, અનેક ઘાયલ

ઇડાહો: અમેરિકામાં છાશવારે ગોળીબારની ઘટનાઓ બનતી રહે છે. તાજેતરમાં ઇડાહો રાજ્યના ટ્વીન ફોલ્સના એક વ્યસ્ત શોપિંગ વિસ્તારમાં શનિવારે બપોરે એક શખ્સે અંધાધૂંધ ગોળીબાર કર્યો હતો. આ ઘટનામાં ત્રણ લોકોના મોત નીપજ્યાં હતાં. જ્યારે અનેક લોકો ગંભીર રીતે ઘાયલ થયા હતા.

આ બનાવની જાણ થતાં જ ઘટનાસ્થળે પહોંચેલી પોલીસે હુમલાખોરને ઠાર માર્યો હતો. એક સ્થાનિક અધિકારીના જણાવ્યા અનુસાર આ ઘટના શનિવારે સ્થાનિક સમય મુજબ બપોરે ૨-૩૦ વાગ્યે બની હતી. હુમલાખોરે અચાનક એક લોકપ્રિય ઇન-એન-આઉટ બર્ગર રેસ્ટોરન્ટ નજીકના શોપિંગ વિસ્તારમાં ગોળીબાર કર્યો હતો. જેના પગલે ખળભળાટ મચી ગયો હતો અને લોકો પોતાનો જીવ બચાવવા માટે આમતેમ ભાગવા લાગ્યા હતા.

આ બનાવની માહિતી મળતાં જ પોલીસે તાત્કાલિક વિસ્તારની

(જુઓ પાનું ૨) ▸▸

## ઇન્ડોનેશિયામાં ફેરી બોટમાં લાગી ભીષણ આગ, પાંચ લોકોનાં મોત

સુરાબાયા (ઇન્ડોનેશિયા): ઇન્ડોનેશિયાના મદુરા ટાપુ નજીક દરિયામાં એક ફેરી બોટમાં ભીષણ આગ લાગી હતી. આ અકસ્માતમાં ઓછામાં ઓછા પાંચ લોકોનાં મોત થયા છે, જ્યારે અનેક લોકો હજુ પણ ગુમ છે. ગુમ થયેલા લોકોને શોધવા માટે બચાવ અને રાહત પ્રયાસો ચાલી રહ્યા છે.

અધિકારીઓએ જણાવ્યું હતું કે રવિવારે જાવા ટાપુ પાસે દરિયામાં ૨૭૧ લોકોને લઈ જતી ઇન્ડોનેશિયાની એક ફેરી બોટમાં આગ લાગી હતી, જેમાં ઓછામાં ઓછા પાંચ લોકોનાં મોત થયાં હતાં અને ડઝનેક લોકો ગુમ થયા હતા, જ્યારે બચાવકર્તાઓ અને નજીકથી પસાર થઈ રહેલા જહાજોએ સળગતા જહાજમાંથી સેંકડો લોકોને બહાર કાઢ્યા હતા.

ઇન્ડોનેશિયાની નેશનલ સર્ચ એન્ડ રેસ્ક્યૂ એજન્સીએ

(જુઓ પાનું ૨) ▸▸

## રાજસ્થાનમાં સરહદ પાસેથી ૧૦ કિલો હેરોઈન, ૧૧ હથિયાર કરાયાં જપ્ત

જયપુર: રાજસ્થાનના બિકાનેરમાં પોલીસે ભારત-પાકિસ્તાન સરહદ પારથી કથિત રીતે ડ્રોન મારફતે ફેંકવામાં આવેલા ૧૦ કિલો હેરોઈન, ૧૧ વિદેશી હથિયારો અને દારૂગોળો જપ્ત કર્યો છે, એમ અધિકારીઓએ રવિવારે જણાવ્યું હતું. આ તમામની કિંમત કરોડો રૂપિયા આંકવામાં આવી છે. પોલીસે શનિવારે મોડી રાત્રે હથિયારો અને હેરોઈન લેવા આવેલા એક શંકાસ્પદ વ્યક્તિને ઘટનાસ્થળેથી ઝડપી પાડ્યો હતો.

ઈન્સ્પેક્ટર જનરલ (આઈજી) ઓમ પ્રકાશ અને પોલીસ અધિક્ષક (એસપી) મૃદુલ કછાવાની દેખરેખમાં જિલ્લા વિશેષ ટીમ (ડીએસટી) અને ખાજુવાલા પોલીસની સંયુક્ત ટીમે આંતરરાષ્ટ્રીય સરહદ પર આઠ કેવાયડી વિસ્તારમાં 'ઓપરેશન શોક વેવ' હાથ ધર્યું હતું. આઈજીએ પ્રેસ કોન્ફરન્સમાં કહ્યું હતું કે "કાર્યવાહી દરમિયાન પોલીસે ૧૦ કિલો હેરોઈન, ૧૧ વિદેશી બનાવટનાં હથિયારો, બાવીસ મેગઝિન અને ૧૦૦

(જુઓ પાનું ૨) ▸▸

## હિમાચલના મંડીમાં ભૂકંપ

શિમલા : હિમાચલ પ્રદેશના મંડી જિલ્લામાં રવિવારે સવારે ૩.૧ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો હતો. જેના કારણે જિલ્લાના કેટલાક ભાગોમાં ભૂકંપના હળવા આંચકા અનુભવાયા હતા. શિમલા સ્થિત હવામાન વિભાગના જણાવ્યા અનુસાર ભૂકંપ સવારે ૯-૧૩ વાગ્યે નોંધાયો હતો. ભૂકંપનું કેન્દ્રબિંદુ મંડી ક્ષેત્રમાં ૩૧.૪૪૫ ડિગ્રી અક્ષાંશ અને ૭૬.૯૯૩ ડિગ્રી રેખાંશ પર સ્થિત હતું. તેમજ તેની ઊંડાઇ ૮ કિલોમીટર હતી. જો કે હજુ સુધી કોઇ જાનહાનિ કે નુકસાનના અહેવાલ પ્રાપ્ત ન હોવાનું અધિકારીઓએ જણાવ્યું હતું. અત્રે એ નોંધનીય છે કે મંડી જિલ્લો સિસ્મિક ઝોન પાંચમાં આવે છે. જે ભૂકંપથી વધુ નુકસાન થવાનું જોખમ ધરાવતો વિસ્તાર છે. ■

## સરકારે શ્રમિકોના હત્યારાના નામ જાહેર કરવા જોઈએ: ફારુક અબદુલ્લા

શ્રીનગર: નેશનલ કોન્ફરન્સના પ્રમુખ ફારુક અબદુલ્લાએ કુલગામમાં બે પરપ્રાંતિય શ્રમિકો અને અનંતનાગમાં એક પોલીસ કર્મચારીની હત્યા કરનારાઓની ઓળખ જાહેર કરવાની રવિવારે માગ કરી હતી.

તેમણે અધિકારીઓને પ્રશ્ન કર્યો કે આતંકવાદીઓ ક્યાંથી આવી રહ્યા છે. અનંતનાગ જિલ્લાના બિજબેહરા વિસ્તારમાં પત્રકારો સાથે વાત કરતાં અબદુલ્લાએ કહ્યું કે તેમણે(પ્રશાસન) લોકોને કહેવું જોઇએ કે આ હત્યાઓ કોણ કરી રહ્યું છે. અમને માત્ર એટલું જ કહેવામાં આવ્યું છે કે આતંકવાદીઓએ તેમને મારી નાખ્યા છે. પ્રશ્ન એ છે કે જ્યારે બધી સરહદો સીલ છે તો આતંકવાદીઓ ક્યાંથી આવી રહ્યા છે?

જમ્મુ અને કાશ્મીરના ભૂતપૂર્વ મુખ્ય પ્રધાને જણાવ્યું કે ખીણમાં આતંકવાદનો અંત લાવવાના લેફ્ટનન્ટ ગવર્નરના દાવાની સત્યતા જાણવા માટે

(જુઓ પાનું ૨) ▸▸







**કુદરતી આફત :** ભારે વરસાદને લીધે મોરબીમાં ભરાયેલા પાણીમાંથી પસાર થતાં લોકો. સુરતના સણીયા હેમાદ ગામમાં ડૂબેલું મંદિર અને સુરતના પૂરગ્રસ્ત વિસ્તારમાં બચાવ કામગીરી કરતા લશ્કરના જવાનો (પીટીઆઇ)

એક્સ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# કાશ્મીરમાં હિંદુઓની હત્યાઃ ૧૯૯૪ અને ૨૦૨૬માં શું ફરક?

**જમ્મુ** અને કાશ્મીરમાં ફરી એક વાર હિંદુઓને નિશાન બનાવીને ગોળીએ દેવાની ઘટના બની ગઈ. દક્ષિણ કાશ્મીરના કુલગામમાં ઈંટના ભઠ્ઠા પર સંખ્યાબંધ કામદારો કામ કરી રહેલા. આતંકવાદીઓ આ ભઠ્ઠા પર આવ્યા ને તેમાંથી માત્ર બે હિંદુને અલગ કરીને ગોળીએ દઈ દીધા. તેમાંથી દીપક નામનો ૨૪ વર્ષનો હિંદુ છોકરો તો ત્યાં જ મરી ગયો જ્યારે ૨૮ વર્ષનો ભૂપેન્દ્ર ગંભીર રીતે ઘાયલ થયો. ભઠ્ઠાના માલિકે તેને હોસ્પિટલમાં પહોંચાડ્યો પણ તેની હાલત ગંભીર છે ને મોત સામે ઝઝૂમી રહ્યો છે.

જમ્મુ અને કાશ્મીરમાં આતંકવાદની બીજી ઘટનાઓ પણ બને છે પણ આતંકવાદીઓ હિંદુઓને ખાસ નિશાન બનાવી રહ્યા છે એ ગંભીર છે. હજુ ૧૦ દિવસ પહેલાં જ એટલે કે ૨૧ જુલાઈએ અનંતનાગના લાલ ચોક વિસ્તારમાં આતંકી હુમલો થયો હતો તેમાં પણ અમરનાથ યાત્રાના યાત્રાળુઓને નિશાન બનાવાયા હતા. આતંકવાદીઓએ ગોળીબાર કર્યો તેનો અમરનાથ યાત્રાની સુરક્ષા ડ્યૂટીમાં તહેનાત પોલીસોએ સામો ગોળીબાર કરીને જવાબ આપ્યો તેથી શ્રદ્ધાળુ તો બચી ગયા પણ હેડ કોન્સ્ટેબલ આશિક હુસૈન કુરેશી શહીદ થઈ ગયા.

આ ઘટનાઓએ ફરી સાબિત કર્યું છે કે, જમ્મુ અને કાશ્મીરમાં કશું બદલાયું નથી. ભાજપની કહેવાતી હિંદુવાદી સરકાર જમ્મુ અને કાશ્મીરમાંથી કલમ ૩૭૦ અને કલમ ૩૫એની નાબૂદીને પોતાની મોટી સિધ્ધી ગણાવે છે. કાગળ પર આ સિદ્ધિ મોટી કહેવાય કેમ કે તેના કારણે દેશના કોઈ પણ નાગરિક માટે કાનૂની રીતે જમ્મુ અને કાશ્મીરમાં જઈને સંપત્તિ ખરીદવાનો અને વસવાટ કરવાનો માર્ગ મોકળો થઈ ગયો પણ વાસ્તવિક રીતે સ્થિતિ શું છે?

૫ ઓગસ્ટ, ૨૦૧૯ના રોજ સંસદમાં કલમ ૩૭૦ની નાબૂદી માટેનો ખરડો પસાર કરાયો હતો એ જોતાં ૨ દિવસ પછી આ વાતને સાત વર્ષ પૂરાં થઈ જશે. આ સાત વર્ષ પછી વાસ્તવિકતા શું છે? જમ્મુ અને કાશ્મીરને વિશેષ દરજ્જો આપતી કલમ ૩૭૦ અને જમ્મુ અને કાશ્મીરના નાગરિકોને વિશેષાધિકારો આપતી કલમ ૩૫એની નાબૂદી માત્ર કાગળ પર જ છે, વાસ્તવિક રીતે ૨૦૧૯ પહેલાં હતી એવી જ સ્થિતી છે. હિંદુઓ આજેય કાશ્મીરમાં રહી શકતા નથી.

કાશ્મીર ફાઈલ્સ મૂવી આવી ત્યારે હિંદુવાદીઓમાં હિંદુત્વ અને દેશપ્રેમનો જુવાળ આવી ગયેલો. આ જુવાળ સોશ્યલ મીડિયા પર જ હતો એ અલગ વાત છે. મીડિયામાં એ વખતે ૧૯૯૦ના દાયકામાં હિંદુઓ પર કેવા અત્યાચારો થયેલા, હિંદુઓને શોધી શોધીને મરાયેલા તેની કાળજું કંપાવી દે એવી વાતો પ્રસિદ્ધ થયેલી.

જમ્મુ અને કાશ્મીરની મસ્જિદોમાંથી હિંદુઓને કાશ્મીર છોડી જવા ધમકીઓ અપાયેલી ને આપણી બાયલી સરકાર હિંદુઓનું રક્ષણ ના કરી શકતાં હિંદુઓએ પહેરેલાં લૂગડે ભાગવું પડ્યું એ ઘટનાઓ આઝાદ ભારતના કલંકિત પ્રકરણોમાંથી એક છે. આ ઘટનાઓ સામે દેશભરના હિંદુઓમાં એ વખતે જ પ્રચંડ આક્રોશ પેદા થવો જોઈતો હતો પણ એવું ના થયું.

જનસંઘના સ્થાપક શ્યામાપ્રસાદ મુખરજીએ કલમ ૩૭૦નો અને એક દેશમાં બે બંધારણનો વિરોધ કરવા ૧૯૫૩માં જમ્મુ અને કાશ્મીરમાં પ્રવેશવાનો પ્રયત્ન કર્યો ત્યારે તેમની ધરપકડ થયેલી. આ ધરપકડ પછી જેલમાં જ તેમનું મૃત્યુ થયું એ આખું અલગ પ્રકરણ છે પણ શ્યામાપ્રસાદ મુખરજીમાં સરકાર સામે પડીને કાશ્મીરમાં ઘૂસવાનો પ્રયત્ન કરવાની મર્દાનગી હતી.

જનસંઘમાંથી જન્મેલા ભાજપના નેતાઓ કે પોતાને હિંદુવાદી કહેવડાવતા રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના નેતાઓમાં શ્યામાપ્રસાદ મુખરજી જેવી મર્દાનગી નહોતી એટલે કાશ્મીરમાંથી હિંદુઓને ભગાડવામાં આવતા હતા ત્યારે તેમણે ચૂપચાપ તમાશો જોયો. હિંદુઓની બહેન-દીકરીઓ પર બળાત્કાર થતા હતા ને હિંદુ યુવકોની હત્યાઓ થતી હતી ત્યારે મૌન રહ્યા.

બાકી એ વખતે આ દેશમાંથી એક લાખ હિંદુઓ કાશ્મીરમાં ઠલવાઈ ગયા હોત તો કોઈની તાકાત નહોતી કે હિંદુઓને કાશ્મીરમાંથી ભગાડી શકે પણ કહેવાતા હિંદુવાદીઓએ ઈન્ડિયન આર્મીની સુરક્ષામાં શ્રીનગરના લાલ ચોકમાં તિરંગો ઝંડો ફરકાવીને કાશ્મીર માટે બહુ બધું કરી નાખ્યું હોવાનો સંતોષ માન્યો, કાશ્મીરના હિંદુઓની રક્ષા માટે કે કાશ્મીરના કટ્ટરવાદી-ધર્માંધ મુસ્લિમોની સામે હિંદુઓ ઝીંક ઝીલી શકે એ માટે તેમની પડખે ઊભું રહેવા કોઈ ગયું નહીં.

ખેર, આ બધી જૂની વાતો પર અત્યારે અફસોસ કરવાનો કોઈ અર્થ નથી પણ એ વાતનો અફસોસ ચોક્કસ થાય કે, કહેવાતી હિંદુવાદી સરકાર આવી પછી પણ સ્થિતિ બદલાઈ નથી. ૧૯૯૪માં પણ હિંદુઓને તેમના નામ અને ધર્મ પૂછીને ગોળીએ દેવાતા હતા ને ૩૨ વર્ષ પછી ૨૦૨૬માં પણ હિંદુઓને તેમનો ધર્મ પૂછીને ગોળીએ દેવાય છે તો શું બદલાયું ? વરસ પહેલાં પહેલગામમાં ધર્મ પૂછીને ૨૬ હિંદુ પ્રવાસીઓને ગોળીએ દેવાયેલા. ૧૦ દિવસ પહેલાં અનંતનાગમાં બનેલું ને હવે કુલગામમાં બન્યું છે.

જમ્મુ અને કાશ્મીરમાં ૧૯૯૪માં હજારો હિંદુ હતા તેથી સેંકડોની હત્યા થયેલી. હવે કાશ્મીરમાં રડ્યાખડ્યા હિંદુ રહ્યા છે તેથી તેમને શોધી શોધીને મરાઈ રહ્યા છે. અગેઈન. સવાલ એ જ છે કે, કલમ ૩૭૦ની નાબૂદી પછી પણ કાશ્મીરમાં ૧૯૯૪ જેવી જ સ્થિતિ હોય ને હિંદુ સલામત ના હોય તો બદલાયું શું?

આ પ્રકારની ઘટનાઓ બને ત્યારે સરકાર તો કશું બોલતી જ નથી પણ સરકાર વતી ભાજપ સમર્થકો ટિપિકલ એક જ જવાબ આપતા હોય છે કે, બધું રાતોરાત ના બદલાય. સાત વર્ષનો સમયગાળો રાતોરાત કહેવાય ? સાત વર્ષમાં મૂળ કાશ્મીરી હિંદુઓને તો પાછા વસાવી શકાયા જ નથી. એ તો શરમજનક વાત કહેવાય જ પણ વખાના માર્યા બીજા હિંદુઓ હિંમત કરીને કાશ્મીરમાં જાય છે તો તેમને પણ બચાવી શકાતા નથી.

આતંકવાદીઓ તેમના સુધી પહોંચી જ જાય છે ને તેમને ગોળીએ દે છે તેનો મતલબ એ થયો કે, કાશ્મીરમાં કોણ આવે છે, કોણ જાય છે તેની રજેરજ માહિતી આતંકવાદીઓને મળી જાય છે. આ માહિતી ડરના કારણે મળે છે કે કાશ્મીરના મુસ્લિમો આપે છે એ ખબર નથી પણ સરકાર સાત વર્ષમાં આતંકવાદીઓના નેટવર્કને તોડી શકી નથી તેનો આ પુરાવો છે.

કલમ ૩૭૦ નાબૂદ થઈ ત્યારે શ્રીનગરમાં વડા પાંઉ ને દાબેલીની લારીઓ શરૂ કરવાની વાતો કરનારા અત્યારે શોધ્યા જડતા નથી. કલમ ૩૭૦ની નાબૂદીને કારણે કાશ્મીર મુખ્ય પ્રવાહમાં આવી જશે એવો આશાવાદ રાખનારા પણ ચૂપ છે કેમ કે આ સરકારે તેમને પણ ખોટા સાબિત કર્યા છે ને બીજી તરફ હિંદુઓ હજુય મરી રહ્યા છે. હિંદુ હોવાની કિંમત ચૂકવી રહ્યા છે કેમ કે હિંદુવાદીઓમાં તેમને બચાવવાની તાકાત નથી, હિંદુવાદી સરકારમાં આતંકવાદીઓ હિંદુને હાથ અડાડતાં પહેલાં સો વાર વિચાર કરે એવો ખૌફ પેદા કરવાની ત્રેવડ નથી. ■

## આજનું પંચાંગ

**પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા**

દક્ષિણાયન-સૌર વર્ષાઋતુ, સોમવાર, તા. ૩-૮-૨૦૨૬, નાગપંચમી (બંગાળ)

- ભારતીય દિનાંક ૧૨, માહે શ્રાવણ, શકે ૧૯૪૮
- વિક્રમ સંવત ૨૦૮૨, શા. શકે ૧૯૪૮, આષાઢ વદ -૫
- જૈન વીર સંવત ૨૫૫૨, માહે આષાઢ, તિથિ વદ -૫
- પારસી શહેનશાહી રોજ ૨૪મો દીન, માહે ૧૨મો સ્પેન્દાર્મદ, સને ૧૩૯૫
- પારસી કદમી રોજ ૧૯મો ફરવરદીન, માહે ૧લો ફરવરદીન, સને ૧૩૯૬
- પારસી ફસલી રોજ ૧૬મો મેહેર, માહે ૫મો અમરદાદ, સને ૧૩૯૫
- મુસ્લિમ રોજ ૧૯મો, માહે ૨જો સફર, સને ૧૪૪૮
- મીસરી રોજ ૨૦મો, માહે ૨જો સફર, સને ૧૪૪૮
- નક્ષત્ર ઉત્તરા ભાદ્રપદા રાત્રે ક. ૨૧-૫૯ સુધી, પછી રેવતી
- ચંદ્ર મીનમાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ મીન (દ, ચ, ઝ, થ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૧૭, અમદાવાદ ક. ૦૬ મિ. ૧૨, સ્ટા.ટા.,
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૯ મિ. ૧૨, અમદાવાદ ક. ૧૯ મિ. ૧૮, સ્ટા. ટા.
- -ઃ મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ ઃ-
- ભરતીઃ બપોરે ક. ૧૪-૪૧, મધ્યરાત્રિ પછી ક. ૦૩-૧૨ (તા. ૪)
- ઓટઃ સવારે ક. ૦૮-૧૫, રાત્રે ક. ૨૦-૫૭

ન વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૨, 'પિંગલ' નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૮, 'પરાભવ' નામ સંવત્સર, આષાઢ કૃષ્ણ - પંચમી. નાગપંચમી (બંગાળ), સૂર્ય આશ્લેષામાં સવારે ક. ૧૦.૨૫, સ્ત્રી પુરુષ, ચંદ્ર-સૂર્ય, વાહન હાથી. મંગળ મિથુનમાં ક. ૨૨-૫૦.

- શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ દિવસ
- મુહૂર્ત વિશેષઃ ચંદ્ર ગ્રહદેવતાનું પૂજન, શિવ-પાર્વતી પૂજા, નાગદેવતાનું પૂજન. અહિર્બન્યદેવતનાં પૂજન થી પરમ શાંતિ પ્રાપ્ત થાય છે. બુધ ગ્રહદેવતાનું પૂજન વિશેષરૂપે, વાયુ દેવતાનું પૂજન, નવા કામકાજનો પ્રારંભ કરવો. સર્વશાંતિ, શાંતિ પૌષ્ટિક પૂજા, પ્રયાણ મધ્યમ, મુંડન કરાવવું નહિ. નવાં વસ્રો, આભૂષણ, દુકાન-વેપાર નોકરી ખેતીવાડી.

આચમનઃ ચંદ્ર-નેપ્ચ્યૂન યુતિ સંગીતપ્રિય, ચંદ્ર-ગુરુ ત્રિકોણ આવકારદાયક સ્વભાવ, ચંદ્ર-સૂર્ય ત્રિકોણ લોકપ્રિય.

- ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-નેપ્ચ્યૂન યુતિ, ચંદ્ર-ગુરુ ત્રિકોણ, ચંદ્ર-સૂર્ય ત્રિકોણ. સૂર્ય આશ્લેષા નક્ષત્ર પ્રવેશ.
- ગ્રહગોચરઃ સૂર્ય-કર્ક, મંગળ-મિથુન, માર્ગી બુધ-મિથુન, માર્ગી ગુરુ-કર્ક, શુક્ર-કન્યા, વક્રી શનિ-મીન, રાહુ-કુંભ, કેતુ-સિંહ, માર્ગી હર્ષલ-વૃષભ, વક્રી નેપ્ચ્યુન-મીન, વક્રી પ્લુટો-મકર. ■

## કેરલમમાં એક સપ્તાહમાં રૂ. ૧૧ કરોડથી વધુ મૂલ્યનું આઠ કિલો સોનું જપ્ત

કોચીઃ કેરલમમાં છેલ્લા એક સપ્તાહમાં કસ્ટમ્સે રાજ્યના વિવિધ એરપોર્ટ પરથી ૧૧ કરોડ રૂપિયાથી વધુ મૂલ્ય ધરાવતું આઠ કિલો દાણચોરીનું સોનું જપ્ત કર્યું હતું. આ જાણકારી અધિકારીઓએ રવિવારે આપી હતી.

કસ્ટમ્સ કમિશ્નર ટી. તિજુએ એક નિવેદનમાં જણાવ્યું કે આ દરમિયાન ૧૪ કેસ નોંધાયા હતા અને નવ લોકોની ધરપકડ કરવામાં આવી હતી. જેમાંથી છ કેરલમના અને ત્રણ તમિળનાડુના રહેવાસી છે. તિજુએ કહ્યું કે આ ઓપરેશન ડિરેક્ટોરેટ ઓફ રેવન્યુ ઇન્ટેલિજન્સ(ડીઆરઆઇ) અને કેરલમ પોલીસના સહયોગથી હાથ ધરવામાં આવ્યું હતું. તેમજ એજન્સીઓ વચ્ચેના સહયોગને લીધે અનેક દાણચોરીના પ્રયાસોની ભાળ મેળવવામાં સફળતા સાંપડી હતી. કસ્ટમ્સ કમિશનરે જણાવ્યું કે દાણચોરો પકડાવાથી બચવા માટે સોનાને પેસ્ટ અથવા કમ્પાઉન્ડમાં રૂપાંતરિત કરીને તેને ખાસ ડિઝાઇન કરવામાં આવેલા કપડાં, શરીરના ભાગો, વિમાનની સીટો અને અન્ય એવી જગ્યાઓએ છૂપાવવાનો પ્રયાસ કરી રહ્યા છે જેનો સામાન્ય રીતે ઉપયોગ થતો નથી.

તિજુએ જણાવ્યું કે કેરલમમાં કસ્ટમ્સની ટીમોએ દાણચોરીની આ નવી પદ્ધતિઓનો સામનો કરવા માટે મુસાફરોની પ્રોફાઇલિંગ, ગુપ્ત માહિતી એકત્ર કરવી અને વિવિધ એજન્સીઓ વચ્ચે સંકલનને વધુ મજબૂત બનાવ્યું છે. કસ્ટમ્સ કિંમતી ધાતુઓની દાણચોરી અટકાવવા અને દેશના આર્થિક હિતોનું રક્ષણ કરવા માટે પ્રતિબદ્ધ હોવાનું કમિશ્નરે જણાવ્યું હતું. ■

## કર્ણાટકના દક્ષિણ કન્નડમાં ભારે વરસાદ, જનજીવન પ્રભાવિત

મેંગલુરુ (કર્ણાટક): કર્ણાટકના દરિયાકાંઠાના ક્ષેત્રમાં દક્ષિણ કન્નડ જિલ્લામાં આખી રાત વરસેલા મુશળધાર વરસાદ અને ભારે પવનના કારણે ભૂસ્ખલન થયું હતું. રસ્તાઓ અને નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાયા હતા અને અનેક નદીઓના જળસ્તરમાં વધારો થયો હતો, એમ અધિકારીઓએ રવિવારે જણાવ્યું હતું. પશ્ચિમ ઘાટના ઉપરવાસમાં સતત વરસાદ બાદ અનેક નદીઓ બે કાંઠે વહી રહી છે. જિલ્લા વહીવટીતંત્રે સ્ટેટ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફોર્સ (એસડીઆરએફ) અને નેશનલ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફોર્સ (એનડીઆરએફ) સહિત ઈમરજન્સી તંત્રને હાઇ એલર્ટ પર રાખ્યું છે. જિલ્લાના એક વરિષ્ઠ અધિકારીએ પીટીઆઈને જણાવ્યું હતું કે નેત્રાવતી, કુમારધારા, મૃત્યુંજય, ફાલ્ગુની (ગુરુપુરા) અને સોમાવતી નદીઓ ભયજનક સપાટીએ વહી રહી છે અથવા તેનાથી ઉપર વહી રહી છે. જેનાથી નદી કિનારાના ગામ અને ખેતી પર જોખમ છે. પાણીનો સ્તર ઝડપથી વધ્યો છે. લોકોને ચેતવણી આપવામાં આવી રહી છે.

ભૂસ્ખલન અને અચાનક પૂરના કારણે મુખ્ય માર્ગો બંધ કરવામાં આવ્યા છે અને સંપર્ક તૂટી ગયો છે. બેલ્થંગડી તાલુકામાં ભૂસ્ખલનને કારણે મુંડાજે-ધર્મસ્થલ માર્ગ બંધ થઈ ગયો છે જ્યારે અચાનક પ્રવાહને કારણે નેરિયામાં એક રિટેનિંગ દીવાલ તૂટી પડી હતી, જેના કારણે નજીકના રહેણાંક વિસ્તારોમાં પાણી ભરાઈ ગયાં હતાં. બચાવ અને રાહત કામગીરીનું સંકલન કરવા માટે તાલુકા મુખ્યાલયમાં ૨૪ કલાક માટે કંટ્રોલ રૂમ સ્થાપ્યા હતા. અધિકારીઓએ નાગરિકો, પ્રવાસીઓ અને યાત્રાળુઓને નદી કિનારા, પાણી ભરાયેલાં રસ્તાઓ અને દરિયાકિનારાની નજીક ન જવા ચેતવણી આપી છે. ■

## પેટ્રોલ-ડીઝલના વેચાણમાં ઉછાળોઃ એલપીજી વપરાશમાં ઘટાડો

નવી દિલ્હીઃ ભારતની ત્રણ સરકારી તેલ કંપનીઓના પેટ્રોલ અને ડીઝલના વેચાણમાં જુલાઇ માસમાં ઉછાળો જોવા મળ્યો હતો. જેનું કારણ સામાન્ય કરતા નબળું ચોમાસું હતું. ઓછા વરસાદને લીધે ખેડૂતો અને વાહનચાલકોમાં ઇંધણની માંગમાં વધારો થયો હતો.

જુલાઇમાં ઇન્ડિયન ઓઇલ કોર્પ(આઇઓસી), ભારત પેટ્રોલિયમ કોર્પ લિમિટેડ(બીપીસીએલ) અને હિન્દુસ્તાન પેટ્રોલિયમ કોર્પ લિમિટેડ(એચપીસીએલ)નું પેટ્રોલ વેચાણ ૯.૭ ટકાથી વધીને ૩.૪૫ મિલ્યન ટન થયું હતું. જ્યારે એક વર્ષ પહેલા સમાન સમયગાળામાં તે ૩.૧૪ મિલ્યન ટન હતું.

આ જથ્થો જુલાઇ ૨૦૨૪માં વેચાયેલા ૨.૯૯ મિલિયન ટન કરતાં ૧૫.૧ ટકા વધુ હતો અને ૨૦૨૩ના સમાન સમયગાળામાં નોંધાયેલા સ્તર કરતાં ૩૬.૧ ટકા વધુ હતો. જો કે જૂનની સરખામણીમાં પેટ્રોલનું વેચાણ ૧.૧ ટકા ઘટીને ૩.૪૮ મિલ્યન ટન રહ્યું હતું.

ભારતમાં આર્થિક પ્રવૃતિનું મુખ્ય સૂચક ગણાતા ડીઝલનું વેચાણ જુલાઇમાં વાર્ષિક ધોરણે ૧૦.૭ ટકા વધીને ૭.૧૨ મિલ્યન ટન થયું છે, જે એક વર્ષ પહેલા ૬.૪૩ મિલ્યન ટન હતું. ડીઝલ ભારતમાં સૌથી વધુ વપરાતું ઇંધણ છે. જેનો ઉપયોગ માલ પરિવહન, કૃષિ મશીનરી અને સિંચાઇમાં થાય છે.

ચોમાસાના સામાન્ય કરતાં ઓછા વરસાદને કારણે મુખ્ય વાવણીની મોસમ દરમિયાન સિંચાઇની માંગમાં વધારો થયો છે.

જો લિક્વિફાઇડ પેટ્રોલિયમ ગેસ(એલપીજી)ની વાત કરવામાં આવે તો એલપીજીના વેચાણમાં સતત ઘટાડો નોંધાયો છે. આ ઘટાડો ૧૭.૪ ટકાથી ઘટીને ૨.૩૭ મિલ્યન ટન નોંધાયો છે. ઉદ્યોગના અધિકારીઓનું કહેવું છે કે જેનું મુખ્ય કારણ પશ્ચિમ એશિયા સંકટ પછી કેટલોક વપરાશ પાઇપ્ડ નેચરલ ગેસ તરફ વળી જવું હતું. ■

## પહેલા પાનાનું ચાલુ

### સિદ્ધિવિનાયક

એકનાથ શિંદેના નજીકના માણસોના હસ્તક આવ્યો ત્યારથી આવા ચોરીના બનાવો વધી ગયા છે. પત્રકારો સાથે વાતચીત કરતા રાઉતે કહ્યું હતું કે ભાજપના લોકો અયોધ્યાના રામમંદિરની ચંદા-ચોરીમાં સંડોવાયેલા છે. આમાં મોટી માછલીઓ નાસી ગઈ છે અને નાના પ્યાદાને પકડવામાં આવ્યા છે.

શિંદેએ ૨૦૨૨માં શિવસેનામાં બળવો કર્યો ત્યારે સદા સરવણકર બીજા ૩૯ વિધાનસભ્યો તેમની સાથે જોડાયા હતા. સરવણકર સિદ્ધિવિનાયક મંદિર ટ્રસ્ટના ચેરમેન છે. રાજ ઠાકરેએ વધુમાં જણાવ્યું હતું કે હતાશ થયેલા યુવાનો મંદિરમાં જાય છે અને હવે મંદિરો પણ ભ્રષ્ટાચારથી મુક્ત નથી.

ઠાકરેએ આઠ ટ્રસ્ટીએ મહારાષ્ટ્રના નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેને લખેલો પત્ર વાંચી સંભળાવ્યો હતો. ઠાકરેએ કહ્યું હતું કે ટ્રસ્ટીની સજાગતાને લીધે સિદ્ધિવિનાયક મંદિરની દાનપેટીમાંથી અમુક કર્માચારીઓ ચોરી કરતા પકડાયા હતા.

રાજ ઠાકરેએ વધુમાં જણાવ્યું હતું કે આ ચોરી પહેલાં મંદિરની આવક ૫૦ લાખ રૂપિયથી ઓછી હતી, પરંતુ ચોરી પકડાઈ ગયા બાદ આવક વધીને દોઢ કરોડ રૂપિયા થઈ હતી. દર વર્ષે ૧૮ કરોડ રૂપિયની ચોરી થતી હતી.

સિદ્ધિવિનાયક મંદિરનાં ટ્રસ્ટના ચેરમેન સરવણકરે કહ્યું હતું કે ચંદા- ચોરીના સંબંધમાં નવ કર્મચારીની ધરપકડ કરાઈ છે. અમે જરૂર હોય ત્યાં કેસ નોંધાવ્યો છે. સરવણકરે વધુમાં કહ્યું હતું કે દાનની રકમમાં વધારો ટ્રસ્ટના પ્રયાસોને લીધે થયો છે. મંદિરની આવક બે વર્ષ પહેલાં ૧૧૪ કરોડ રૂપિયા હતી અને હવે તે વધીને ૧૮૨ કરોડ રૂપિયા થઈ છે. પોલીસે રામમંદિરની ચંદા-ચોરીમાં અનેક આરોપીને પકડ્યા છે અને તપાસ ચાલુ છે. (એજન્સી)■

### રિઝર્વ બેન્ક

વેચ્યા બાદ હવે ચોખ્ખા ખરીદદાર બન્યા છે. જુલાઈમાં વિદેશી રોકાણકારોએ ૨૦,૨૦૦ કરોડ રૂપિયા ભારતના શેરબજારમાં રોક્યા છે.

જો પશ્ચિમ એશિયામાં ઇરાન અને અમેરિકા વચ્ચે ચાલતી લડાઈ ભીષણ બનશે તો તેની ખનીજ તેલના ભાવ અને વૈશ્વિક માનસ પર અસર પડશે. ■

### ભારતને ૩૯માંથી

રહ્યું. ભારતના ૩૯માંથી ૧૩ ગોલ્ડ, ૧૭ સિલ્વર અને નવ બ્રૉન્ઝ હતા. ઑસ્ટ્રેલિયા ૬૫ ગોલ્ડ સહિત કુલ ૧૫૮ ચંદ્રક સાથે પ્રથમ સ્થાને, ઇંગ્લૅન્ડ ૨૬ ગોલ્ડ સહિત કુલ ૧૦૨ ચંદ્રક સાથે બીજા નંબરે અને કૅનેડા ૧૮ ગોલ્ડ સહિત કુલ ૫૯ ચંદ્રક સાથે ત્રીજા ક્રમે હતું.

ભારતે બૉક્સિંગમાં પ્રભુત્વ જમાવ્યું હતું. ખાસ કરીને શનિવારે મહિલા મુક્કાબાજોએ કમાલ કરી નાખી હતી. પાંચ મહિલા મુક્કાબાજ ઉપરાંત બે પુરુષ મુક્કાબાજોએ ભારતને કુલ મળીને સાત ગોલ્ડ મેડલ અપાવ્યા હતા. કૉમનવેલ્થ ગેમ્સના ઇતિહાસમાં ભારતીય બૉક્સર્સનો આ વખતનો પર્ફોર્મન્સ સર્વશ્રેષ્ઠ છે. ■

### કેરલમમાં ભારે વરસાદના

તેઓ વરસાદ સંબંધિત રાહત કાર્યના સંદર્ભમાં મહેસૂલ મંત્રી એ.પી. અનિલકુમાર અને વિવિધ જિલ્લાઓમાં સોંપાયેલા અન્ય મંત્રીઓ તેમજ સ્થાનિક વહીવટીતંત્ર સાથે વાતચીત કરી રહ્યા છે. રાજ્યના ઘણા ભાગોમાં વરસાદમાં ઘટાડો રાહતની વાત છે અને પૂરગ્રસ્ત અથવા પાણી ભરાયેલા વિસ્તારોમાં સફાઈ પ્રવૃત્તિઓ શરૂ થઈ ગઈ છે.

તેમણે રાજકીય પક્ષો અને સ્વૈચ્છિક સંગઠનોના કાર્યકરોને સફાઈ પ્રવૃત્તિઓમાં ભાગ લેવા વિનંતી કરી અને તેના માટે સરકાર તરફથી તમામ સહયોગની ખાતરી આપી હતી.

અનિલકુમારે અહીં પત્રકારો સાથે વાત કરતા એમ પણ કહ્યું કે રાજ્યમાં ભારે વરસાદને કારણે વ્યાપક નુકસાન થયું છે અને પરિસ્થિતિ સુધરી રહી છે. મંત્રીએ કહ્યું કે ઘણી જગ્યાએ તૂટેલા રસ્તાઓને ફરીથી રિપેર કરવામાં આવી રહ્યા છે જ્યારે કેટલાક વિસ્તારોમાં વાહનોની અવરજવર પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. તેમણે વધુમાં કહ્યું કે ભારે વરસાદને ધ્યાનમાં રાખીને ઘણા જિલ્લાઓમાં ચેતવણીઓ પહેલેથી જ જાહેર કરવામાં આવી છે અને તેનો સામનો કરવા માટે તૈયારીઓ કરવામાં આવી છે. ■

### મોદીએ નશા વિરુદ્ધ

પ્રણાલીમાં સુધારાની માગણી કરતા વિદ્યાર્થીઓ દ્વારા મોટા પાયે વિરોધ પ્રદર્શનો કરવામાં આવ્યાં હતાં. આ અભિયાનનો હેતુ યુવાનોને માદક દ્રવ્યોના વ્યસનથી દૂર રહેવા માટે પ્રેરણા આપવાનો છે અને તેમને તેમના સમુદાયોમાં સકારાત્મક સામાજિક પરિવર્તનના દૂત બનવા માટે પ્રોત્સાહિત કરવાનો છે. આ સાથે ૧૦૦ અઠવાડિયાના રાષ્ટ્રવ્યાપી 'જન ભાગીદારી' અભિયાનની શરૂઆત થઈ હતી. જે હેઠળ દેશભરમાં દર રવિવારે પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવશે જેથી જાગૃતિ ફેલાવી શકાય અને ડ્રગ મુક્ત સમાજના નિર્માણમાં જાહેર ભાગીદારીને પ્રોત્સાહન મળે.

આ પ્રવૃત્તિઓમાં રમતગમતના કાર્યક્રમો, વોકથોન, ધ્યાન સત્રો, સાંસ્કૃતિક કાર્યક્રમો, જાગૃતિ અભિયાનો, નુક્કડ નાટકો, ચર્ચા મંચ, કલા સ્પર્ધાઓ અને સમુદાય જોડાણ કાર્યક્રમોનો સમાવેશ થશે. આ કાર્યક્રમમાં રમતગમત અને યુવા બાબતોના કેન્દ્રીય મંત્રી મનસુખ માંડવિયાએ જણાવ્યું હતું કે, નશા મુક્ત ભારત બનાવવાના મોદીના વિઝનને અનુરૂપ ૨૦૨૦માં નશા મુક્ત ભારત અભિયાન શરૂ કરવામાં આવ્યું હતું. ■

### પેરુમાં વિમાન દુર્ઘટના

નાગરિક, સ્પેનના બાવન વર્ષના બે નાગરિક તથા ૭૭ અને ૭૮ વર્ષના બે જર્મન હતા. પેરુના પરિવહન મંત્રાલયે કહ્યું હતું કે પાઈલટ અમેરિકો સલાઝાર અને સહચાલક ઈરેન્કા ગુઆનિલો પણ મરણ પામ્યાં હતાં.

પેરુનાં રાષ્ટ્રપ્રમુખ કૈકો ફુજીમોરીએ આ બનાવ અંગે ખેદ વ્યક્ત કર્યો હતો અને હવાઈમથકને હંગામી રીતે બંધ કરવાનું નક્કી કર્યું હતું. અકસ્માતની તપાસ ચાલુ છે. (એજન્સી)■

### સરકારે શ્રમિકોના

હત્યારોઓનો પર્દાફાશ કરવો જરૂરી છે. તેમણે ૨૦૧૯માં આર્ટિકલ ૩૭૦ હટાવ્યા પછી બદલાયેલી પરિસ્થિતિનો ઉલ્લેખ કરતાં જણાવ્યું કે અમને અને સમગ્ર વિશ્વને જોવા દો કે આ હત્યારા કોણ છે. શું આતંકવાદ ખતમ થઇ ગયો છે? તમે જોઇ શકો છો કે પરિસ્થિતિ કેટલી બદલાઇ ગઇ છે. અબદુલ્લાએ કેન્દ્રને જમ્મુ અને કાશ્મીરને રાજ્યનો દરજ્જો પુનઃસ્થાપિત કરવાની પણ માગ કરી હતી.

એનસી નેતાએ ભાજપ પર કેન્દ્રશાસિત પ્રદેશને બરબાદ કરવાનો પણ આરોપ મૂક્યો હતો, જે ૨૦૧૯ પહેલા એક રાજ્ય હતું. પાકિસ્તાનના કબજા હેઠળના જમ્મુ-કાશ્મીર(પીઓજેકે)ની પરિસ્થિતિ અંગે તેમણે આ મુદ્દે વૈશ્વિક સમુદાયના મૌન પર આશ્ચર્ય વ્યક્ત કર્યું હતું. ■

### મોસ્કોમાં પ્રચંડ વિસ્ફોટ

કારણ ગેસ સિલિન્ડર વિસ્ફોટ થયો હોવાનું જણાવાયું હતું, પરંતુ રશિયન એન્ટી-ટેરરિઝમ કમિટીએ કહ્યું કે આ એક આઇઇડી વિસ્ફોટ હતો. એક રશિયન અખબારના અહેવાલ મુજબ હુમલાનો ટાર્ગેટ રેસ્ટોરન્ટની બહારની છત પર ચાલી રહેલા ખાનગી કાર્યક્રમમાં ઉપસ્થિત મહેમાનો હતા.

અખબારે સૂત્રોને ટાંકીને જણાવ્યું કે કાર્યક્રમમાં કડક સુરક્ષા વ્યવસ્થા હોવાથી વધુ જાનહાનિ ટળી હતી. નહીંતર મૃત્યુઆંક ઘણો વધારે હોત. અહેવાલ મુજબ મહિલા એક બોક્સ લઇને જઇ રહી હતી, તેથી સુરક્ષા ગાર્ડને શંકા ગઇ હતી. મહિલાની પૂછપરછ કરતાં તેમાં ભેટ હોવાનું તેણીએ જણાવ્યું હતું. જ્યારે ગાર્ડે તેની તપાસ કરતાં ડિવાઇસમાં ત્યાં જ વિસ્ફોટ થયો હતો.

તપાસકર્તાઓનો મત છે કે બોંબને દૂરથી જ વિસ્ફોટ કરીને ફૂંકી મારવામાં આવ્યો હતો. તેમજ અહેવાલમાં એમ પણ કહેવામાં આવ્યું છે કે મહિલાને કદાચ પેકેટની અંદર શું છે તેની કોઇ જાણકારી ન હતી. ■

### અમેરિકામાં શોપિંગ સેન્ટરમા

ઘેરાબંધી કરી હતી. હુમલાખોરને આત્મસમર્પણ કરવાનું કહેવામાં આવ્યું હતું, પરંતુ તેણે ગોળીબાર ચાલુ રાખ્યો હતો. ત્યારબાદ પોલીસની જવાબી કાર્યવાહીમાં હુમલાખોર ગોળી લાગવાથી મોતને ભેટ્યો હતો.

સોશ્યલ મીડિયા પર વાઇરલ એક વીડિયોમાં એક વ્યક્તિ ઇન-એન-આઉટ બર્ગર રેસ્ટોરન્ટની સામે એઆર-શૈલીની અત્યાધુનિક રાઇફલ લઇને ફરતો જોવા મળે છે. બીજા એક વીડિયોમાં તે શખ્સ પાર્કિંગ લોટમાં ગોળીબાર કરતો જોવા મળે છે. આ બનાવ પછી સમગ્ર વિસ્તારમાં ખળભળાટ મચી ગયો હતો અને લોકો જીવ બચાવવા માટે આમતેમ ભાગવા લાગ્યા હતા.

ટ્વીન ફોલ્સના પોલીસ વડા મેથ્યુ હિક્સે પ્રેસ કોન્ફરન્સમાં જણાવ્યું કે શકમંદ બંદૂકધારી ઘટનાસ્થળની નજીક હતો અને તેને ઠાર મારવામાં આવ્યો છે. હવે સમુદાય માટે કોઇ ખતરો નથી. અમે હુમલાખોરની ઓળખ અને હુમલા પાછળનો ઉદ્દેશ્ય જાણવાના પ્રયાસો કરી રહ્યા છીએ. ■

### ઈન્ડોનેશિયામાં

જણાવ્યું હતું કે ફેરી બોટ પૂર્વીય જાવાના બીજા સૌથી મોટા શહેર સુરાબાયાથી દક્ષિણ સુલાવેસીના મકાસર શહેર તરફ જઈ રહી હતી. જેમાં ૨૩૨ મુસાફરો અને ૩૯ ક્રૂ મેમ્બર્સ સવાર હતા.

એજન્સીએ એક નિવેદનમાં જણાવ્યું હતું કે, ફેરી ઓપરેટર, પીટી એટોસિમ લેમ્પંગ પેલાયરને લગભગ એક કલાક પછી સુરાબાયા સર્ચ અને રેસ્ક્યૂ ઓફિસને ઘટનાની જાણ કરી હતી. કંપનીને ફેરીના કેપ્ટન પાસેથી માહિતી મળી હતી કે મદુરા ટાપુ નજીક જહાજમાં આગ લાગી છે, પરંતુ પછીથી સંપર્ક તૂટી ગયો હતો.

નેશનલ સર્ચ એન્ડ રેસ્ક્યૂ એજન્સી દ્વારા બહાર પાડવામાં આવેલા ફૂટેજમાં ફેરીની એક બાજુથી કાળો ધુમાડો નીકળતો જોવા મળ્યો હતો અને તે જહાજના મોટા ભાગના હિસ્સા સુધી ફેલાઈ રહ્યો હતો. ભયભીત મુસાફરો લાઇફ જેકેટ પહેરીને બચાવની રાહ જોઈ રહ્યા હતા, કેટલાક લોકો સમુદ્રમાં કૂદી રહ્યા હતા.

નિવેદનમાં જણાવાયું છે કે એક ટગબોટ અને અન્ય એક જહાજ મદદે આવ્યા હતા અને મુસાફરોને બહાર કાઢ્યા હતા. નજીકના ઘણા જહાજોએ ૨૨૫ મુસાફરો અને ક્રૂને બચાવવામાં સફળતા મેળવી અને પાંચ મૃતદેહો બહાર કાઢ્યા. ઓછામાં ઓછા ૪૧ લોકો હજુ ગુમ છે. આગ લાગવાનું કારણ તાત્કાલિક જાણી શકાયું નથી અને તેની તપાસ ચાલુ છે. ■

### રાજસ્થાનમાં સરહદ

કારતૂસ જપ્ત કર્યા હતાં. જપ્ત કરાયેલા માલની કિંમત કરોડો રૂપિયા હોવાનો અંદાજ છે.'' પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે જપ્ત કરાયેલા હેરોઈનના તાર અફઘાનિસ્તાન સાથે જોડાયેલા છે અને તેને આંતરરાષ્ટ્રીય સરહદ પારથી ડ્રોનનો ઉપયોગ કરીને છોડવામાં આવ્યો હતો.

પોલીસે એક આરોપીને ધરપકડ કરી છે, જેનું નામ વીરેન્દ્ર સિંહ છે, જે કથિત રીતે આ સામાન લેવા માટે ઘટનાસ્થળે પહોંચ્યો હતો. આઈજીએ જણાવ્યું હતું કે ઓપરેશનમાં વપરાયેલી મોટરસાઇકલ પણ જપ્ત કરવામાં આવી છે. પોલીસના જણાવ્યા અનુસાર, કન્સાઇનમેન્ટ પંજાબ તરફ લઈ જવામાં આવી રહ્યું હતું, પરંતુ સમયસર યોજના નિષ્ફળ બનાવવામાં આવી હતી.

એસપી કછવાએ જણાવ્યું હતું કે ઓપરેશનની સફળતા સુરક્ષા અને ગુપ્તચર એજન્સીઓ વચ્ચે અસરકારક સંકલનને કારણે મળી હતી. 'ઓપરેશન શોક વેવ' હેઠળ ચોકસાઈ અને સતર્કતા સાથે કાર્યવાહી કરવામાં આવી હતી. આરોપીઓ સામે સંબંધિત કલમો હેઠળ કેસ નોંધવામાં આવ્યો છે અને વધુ તપાસ ગ્રામીણ એએસપી બી.એલ. મીણાને સોંપવામાં આવી છે. અધિકારીઓના જણાવ્યા અનુસાર, સ્વતંત્રતા દિવસ પહેલા માદક દ્રવ્યોની સરહદ પારથી થતી દાણચોરીને રોકવામાં આ એક મોટી સફળતા છે. ■


ARKCruises
Worldwide Cruises
ARKTRAVELGROUP
DeckPro
10th ANNIVERSARY Dream Cruises
DREAM CRUISES
7.00 AM
Sunrise wow from balcony room
11.00 AM
Pool-side wow
2.00 PM
Delightful multi-cuisine wow
5.00 PM
Crazy Foam-party wow
9.00 PM
Trust fall wow at Zodiac Theatre
Har Hour
Ek Naya
Wow.
GENTING DREAM | EX SINGAPORE
3 NIGHTS CRUISE
Starting from
USD 325* Per Person
*Excludes Port Charges & Gratuity
Every hour full of Wow.
START YOUR WOW JOURNEY
Book with your preferred travel partner | www.deckpro.in
Subscribe to our YouTube Channel
BOOK YOUR CABIN NOW!
For Bookings & Business Collaborations:
+91 98199 57598 | +91 90049 95154

## સંસ્થા સમાચાર

### બધિરોની શાળામાં ઈન્ટરેક્ટ ક્લબનો ઈન્સ્ટોલેશન સમારંભ

રોટરી ક્લબ ઑફ મુંબઈ, કાંદિવલી-વેસ્ટ દ્વારા બધિરોની શાળા કોશિશ સ્કૂલ ખાતે ડિફ યુથ વિંગ ઑફ રોટરી ઇન્ટરેક્ટ ક્લબનો ઇન્સ્ટોલેશન સમારંભ યોજાયો હતો.

### કાંદિવલીમાં વિદ્યાર્થીઓની દંત ચિકિત્સા શિબિર યોજાઈ

રોટરી ક્લબ ઑફ કાંદિવલી અને એમજીએમ ડેન્ટલ કૉલેજ ઍન્ડ હૉસ્પિટલ સાથે સંયુક્ત રીતે શ્રી એકવીરા સ્કૂલ ચારકોપ કાંદિવલી ખાતે આશરે ૩૭૫ વિદ્યાર્થીઓ માટે દંત તપાસ અને સારવાર શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું.

### મહેંદી હરીફાઈ

કલા ગુર્જરી (સ્થાપક સંસ્થા) દ્વારા ૧૮-૦૭-૨૦૨૬ના રોજ મહેંદી હરીફાઈનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં બાળ વિભાગ, યુવા વિભાગ અને વયસ્ક વિભાગમાં બોહળી સંખ્યામાં સ્પર્ધકોએ ભાગ લીધો હતો અને પોતાની પરીકલ્પનાને મહેંદી દ્વારા હાથ પર ઉતારી સુંદર ડિઝાઇન કરી હતી. કોઈ સ્પર્ધકે પોતાના હાથ પર તો કોઈકે પોતાના સાથીના હાથ પર મહેંદી મૂકી હતી.

### શ્રી વૈષ્ણવ સંપ્રદાય હવેલી-વિરારમાં હિંડોળા મહોત્સવ

વિરાર-પશ્ચિમમાં આવેલી શ્રી વૈષ્ણવ સંપ્રદાય હવેલીમાં હિંડોળા મનોરથનું આયોજન ૩૦ જુલાઈથી ૩૧ ઑગસ્ટ સુધી સાંજે ૬.૩૦થી ૦૮.૦૦ વાગ્યા દરમિયાન કરવામાં આવ્યું છે. આ મહોત્સવમાં વિવિધ મનોરથમાં હિંડોળા યોજાશે અને ૩૧ ઑગસ્ટે હિંડોળા વિજય થશે. શુક્રવાર, ૪ સપ્ટેમ્બરે શ્રીકૃષ્ણ પ્રાદુર્ભાવ ઉત્સવ જન્માષ્ટમી વ્રત, દર્શન રાત્રે ૧૨ વાગ્યે અને શનિવાર, ૫ સપ્ટેમ્બરે નંદ મહોત્સવ દર્શન સવારે ૧૧થી બપોરે ૧ દરમિયાન અને સાંજે દર્શન ભીતર થશે. સોમવાર, ૬ સપ્ટેમ્બરે પલનાનો પ્રરંબ થશે. ■

# નાના પટોલે ફરી વાર વિવાદમાં, કાર્યકર્તાઓએ દૂધથી ધોયા પગ; વીડિયો વાયરલ

મુંબઈઃ મહારાષ્ટ્ર કૉંગ્રેસના પૂર્વ પ્રદેશ અધ્યક્ષ અને વિધાનસભ્ય નાના પટોલે ફરી એકવાર વિવાદના કેન્દ્રમાં આવ્યા છે. સોશ્યલ મીડિયા પર વાયરલ થયેલા એક વીડિયોમાં તેમના સમર્થકો તેમને ખુરશી પર બેસાડીને દૂધથી તેમના પગ ધોઈ રહ્યા હોવાનું જોવા મળે છે. મળતી માહિતી મુજબ આ વીડિયો ગુરુ પૂર્ણિમાના દિવસનો હોવાનું માનવામાં આવી રહ્યું છે. જોકે, વીડિયો વાઇરલ થયા બાદ નાના પટોલે અથવા કૉંગ્રેસ તરફથી હજુ સુધી કોઈ સત્તાવાર પ્રતિક્રિયા આપવામાં આવી નથી.

વીડિયો સામે આવ્યા બાદ રાજકીય વર્તુળોમાં ચર્ચા ગરમાઈ છે. સોશ્યલ મીડિયા પર પણ આ ઘટનાને લઈને વિવિધ પ્રકારની પ્રતિક્રિયાઓ જોવા મળી રહી છે. કેટલાક લોકો આને અતિશય અંધ વિશ્વાસુ વ્યક્તિપૂજા ગણાવી રહ્યા છે, જ્યારે અન્ય લોકો તેને કાર્યકર્તાઓની વ્યક્તિગત ભાવના ગણાવી રહ્યા છે.

નાના પટોલે અગાઉ પણ પોતાના નિવેદનોને કારણે ચર્ચામાં રહ્યા છે. થોડા સમય પહેલાં તેમણે કૉંગ્રેસ નેતા રાહુલ ગાંધીની કાર્યશૈલીની સરખામણી ભગવાન શ્રીરામના આદર્શો સાથે કરી હતી. આ બાબતે પણ રાજકીય પારો ગરમાયો હતો. જો કે બાદમાં તેમણે તે સમયે સ્પષ્ટ કર્યું હતું કે તેઓ રાહુલ ગાંધીને ભગવાન શ્રીરામની સમકક્ષ ગણાવતા નથી, કારણ કે ''ભગવાન તો ભગવાન છે અને આપણે મનુષ્ય છીએ.'' જોકે, તેમણે દલીલ કરી હતી કે રાહુલ ગાંધી ભગવાન શ્રીરામના આદર્શો અને વિચારધારાને અનુરૂપ કાર્ય કરી રહ્યા છે. પટોલેએ સ્પષ્ટતા આપતા એમ પણ કહ્યું હતું કે રાહુલ ગાંધી જ્યારે અયોધ્યા જશે ત્યારે તેઓ પણ રામલલાના દર્શન કરશે અને કૉંગ્રેસની ભગવાન રામ પ્રત્યેની આસ્થા પર કોઈ શંકા હોવી જોઈએ નહીં.

# મુંબઈગરા માટે બેસ્ટ ૨૦૦ મિડી બસ લેશેઃ ટેન્ડર પ્રક્રિયા શરૂ

મુંબઈઃ બૃહન્મુંબઈ ઈલેક્ટ્રિક સપ્લાય ઍન્ડ ટ્રાન્સપોર્ટ (બેસ્ટ)ના કાફલામાં ઘટતી બસની સંખ્યાને પગલે રસ્તા પર ઓછી બસો દોડી રહી છે. તેથી અનેક રૂટ પર બસની સંખ્યા ઘટી ગઈ હોવાથી બસમાં ભારે ભીડ થતી હોવાની ફરિયાદ થઈ રહી છે ત્યારે બેસ્ટ ઉપક્રમે મુંબઈગરાની સેવા માટે ૨૦૦ વધુ મિડી સીએનજી નોન એસી બસ સેવામાં દાખલ કરવાની પ્રક્રિયા હાથ ધરી છે. આ માટે બેસ્ટ ઉપક્રમે ટેન્ડર બહાર પાડ્યું છે. બેસ્ટ ઉપક્રમના જણાવ્યા મુજબ રસ્તા પર ઓછી દોડતી બસને કારણે સવાર-સાંજના પીક અવર્સમાં તથા ટૂંકા અંતરના રૂટ પર બસ સર્વિસની સંખ્યા ઘટી ગઈ છે. તેથી બસ માટે લોકોને લાંબા સમય સુધી રાહ જોવી પડે છે અને બસમાં ભારે ભીડ પણ થતી હોય છે. તેથી બેસ્ટ ઉપક્રમ વધુ ૨૦૦ મિડી બસ લેવાની છે. આ બસ ગ્રોસ કૉસ્ટ કૉન્ટ્રેક્ટ (જીસીસી) મૉડલ પર હોઈ બસ ડ્રાઈવર અને બસ કંડક્ટર કૉન્ટ્રાક્ટરની માલિકીની હશે. આ બસ મુંબઈ શહેર અને ઉપનગરોમાં વડાલા, મલાડ, મરોલ અને વિક્રોલીમાં દોડાવવામાં આવશે. આ વધારાની બસથી ભીડભાડવાળા રૂટ પર મુસાફરી વધુ સુવિધાજનક બનશે તેવી અપેક્ષા છે.

બહાર પાડવામાં આવેલા ટેન્ડર મુજબ કૉન્ટ્રેક્ટની મુદત ૧૦ વર્ષની આસપાસ રાખવામાં આવી છે. ટેન્ડર ખોલવાની અંતિમ તારીખ ૨૭મી ઓગસ્ટ છે. આ નિર્ણયથી બેસ્ટના કાફલામાં વધુ બસ ઉમેરાશે. રસપ્રદ વાત એ છે કે બેસ્ટ કમિટીએ ગયા મહિને ૧,૫૦૦ મિડી કૉન્ટ્રેક્ટ એર-કન્ડિશન્ડ ઇલેક્ટ્રિક બસો ખરીદવાના પ્રસ્તાવને મંજૂરી આપી હતી. ■

## હિન્દુ મરણ

મીનાબેન એસ. દિવેટિયા તા. ૨-૮-૨૬ સુનંદન રણજીતભાઇ દિવેટિયાના પત્ની. શાલીન અને વૈશાલીના માતુશ્રી. અદિતી અને હિમાંશુ બક્ષીના સાસુ. શૈશિર અને હર્ષિતના દાદી. અનુષા અને રિશાના નાની. પ્રાર્થનાસભા સોમવાર, તા. ૩જી ઓગસ્ટ ૨૦૨૬, સાંજે ૫થી ૭. ઠે. જલારામ હોલ, એન. એસ. રોડ નં.૬, જે.વી.પી.ડી. સ્કીમ, વિલેપાર્લે (વેસ્ટ).

જામખંભાડીયાવાળા હાલ મુંબઇ સ્વ. જયાબેન તથા સ્વ. જમનાદાસભાઇ તન્નાના પુત્રવધૂ. તે સ્વ. અતુલભાઇના ધર્મપત્ની ઇલાબેન તન્ના (ઉં. વ. ૬૬) તે ગૌરવ તથા નિવેદિતાબેનના માતુશ્રી. તે કોમલબેનના સાસુ. તે રુહી તથા મિરાનના દાદી. તે સ્વ. હેમરાજભાઇ ઓધવજીભાઇ બુદ્ધદેવના પુત્રી. તા. ૩૧-૭-૨૬ના શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા તા. ૩-૮-૨૬ના ખડાયતા ભવન, હનુમાન રોડ, વિલેપાર્લે (ઇસ્ટ), સાંજે ૪થી ૬. લૌકિક વ્યવહાર બંધ છે.

**ઘોઘારી લોહાણા**

ગં. સ્વ. પ્રમીલાબેન રૂપારેલિયા (ઉં. વ. ૮૧) તે સ્વ. નરેન્દ્રભાઇ અમૃતલાલ કાલિદાસ કાનજી રૂપારેલિયાના ધર્મપત્ની. તે નિખીલ, રાધિકા અને બિનીતાના માતુશ્રી. તે સોનાલી તથા મનિષ યોગેશભાઇ ઠક્કરના સાસુ. તે તનય તથા યશસના દાદી. સ્નેહા પાર્થ પરીખ તથા માન્યાના નાની. તે સ્વ. જાદવજી જીવરાજ નાગ્રેચાના સુપુત્રી. તા. ૨-૮-૨૬ રવિવારના શ્રીજીચરણ પામ્યા છે. બન્ને પક્ષની પ્રાર્થનાસભા સોમવાર તા. ૩-૮-૨૬ના સાંજે ૫થી ૭. ઠે. ઇન્ડિયન મેડિકલ એસોસિયેશન હોલ, ચંદન સિનેમા તથા જુહુ શોપર સ્ટોપની પાછળ, જે. આર. માર્ગ.

**કપોળ**

ભાદરોડવાળા સ્વ. હસમુખલાલ ધરમદાસ કાગળવાળાના પુત્રવધૂ રંજન (ઉં. વ. ૭૭) તે સ્વ. રાજેન્દ્રના ધર્મપત્ની. રાજુલાવાળા સ્વ. હીરાલક્ષ્મી હરીલાલ દોશીની પુત્રી. કૌશિકા, હિતેશ, ડિમ્પલ જયેશના માતુશ્રી. મનન તથા વિનયાના નાની. રમા પ્રવીણચંદ્રના દેરાણી. તથા સ્વ. જયશ્રી ભૂપેન્દ્રના જેઠાણી. હંસા નરેન્દ્ર વોરાના ભાભી. શુક્રવાર તા. ૩૧-૭-૨૬ના શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા તથા લૌકિક પ્રથા બંધ છે.

**દેસાઈ સઈ સુતાર જ્ઞાતિ**

ગામ વરલ હાલ બોરીવલી મનુભાઈ બાલુભાઈ માંડલિયાના ધર્મપત્ની અનુબેન (અનસુયાબેન) (ઉં. વ. ૭૫) તા.૩૧.૦૭.૨૬ ને શુક્રવારના શ્રી રામચરણ પામ્યા છે. તે નટુભાઈ, કિશોરભાઈ, સ્વ. પ્રભાબેન હરગોવિંદભાઈ, વ્રજલાલ, પરેશભાઈ, જ્યોતિબેન અને પ્રકાશભાઈના મોટા ભાભી. તે અનિલભાઈ, આશિષભાઈ, હીનાબેન, મીનાબેનના માતાશ્રી. તે અવની, દ્રષ્ટિના દાદી. તે વર્ષાબેન માંડલિયા અને ભાવિનભાઈ ગોહિલના સાસુ. તે ત્રાવજ નિવાસી હાલ કાંદીવલી સ્વ.અંજવાળીબેન નાગજીભાઈ વાઘેલાના દીકરી. બંને પક્ષની પ્રાર્થનાસભા તા. ૩/૦૮/૨૬ ને સોમવારના રોજ સાંજે ૪ થી ૬. સ્થળ : લુહાર સુતાર વાડી, કાર્ટર રોડ નંબર ૩, દત્તપાડા રોડ, રાજ હિલ બિલ્ડીંગની સામે, બોરીવલી પૂર્વ, ખાતે રાખેલ છે. લૌકિક પ્રથા બંધ છે.

**હાલાઈ લોહાણા**

જામનગરવાળા હાલ ઘાટકોપર સ્વ. પ્રભાવતી નાનાલાલ શામજી મહેતાના પુત્ર સ્વ જયેશભાઈ (ઉં. વ. ૬૩) તે હીનાબેનના પતિ. તે સોમિલ, કૃતિકા, ધૈર્ય તથા ઉર્જાના પિતા. તે મહેશભાઈ, ઉષાબેન, વિણાબેન તથા પારુલબેનના ભાઈ. તે સ્વ જાધવજી જમનાદાસ તન્નાના જમાઈ. તા.૩૧.૦૭.૨૬ના શ્રીજી ચરણ પામેલ છે. બંને પક્ષની પ્રાર્થના સભા સોમવાર તા. ૩.૮.૨૬ના રોજ સાંજે ૦૫ થી ૦૬:૩૦ કલાકે, ૨ જે માળે, આનંદ મંગલ હોલ, જૈન ઉપાશ્રય, હીંગવાલા લેન, પંત નગર, ઘાટકોપર ઇસ્ટ, ખાતે રાખેલ છે. લૌકિક પ્રથા બંધ છે.

**લુહાર સુતાર**

મૂળગામ ઢસા હાલ દહિસર અ.નિ. કાંતિભાઈ રણછોડભાઈ મકવાણા (ઉં. વ. ૯૦) તે ૨૯/૭/૨૬ના રોજ શ્રીજીશરણ પામેલ છે. તે સ્વ. કાંતાબેનના પતિ. જયતિભાઈ ગીરીશભાઈ તથા મુક્તાબેનના મોટાભાઈ. રાજેન્દ્ર, દિવ્યકાંત, હંસાબેન નલિનકુમાર પરમાર, ઇન્દુબેન યોગેશકુમાર ડોડીયાના પિતા. તેજલ તથા મયુરીના સસરા. નયન, પરમ, રીતિ, નીતિ તથા જાનવીના દાદા. તેમની સાદડી તા. ૩/૮/૨૬ના રોજ ૫ થી ૭. ઠે. સૌરાષ્ટ્ર પટેલ સમાજ વાડી, અશોકવન, હનુમાન ટેકડી દહિસર ઈસ્ટ.

**ગુર્જર સુતાર**

સ્વ.નરેશભાઇ લક્ષ્મણભાઇ મિસ્ત્રી (ભેસાણિયા) (ઉં. વ. ૭૫) (મુળગામ જસાપર, હાલ દહીંસર) સ્વ. શારદાબેનના પતિ. સ્વ.લક્ષ્મણભાઇ અને દૂધીબેનના પુત્ર. સ્વ. લખુભાઈ નાથુભાઈ વડગામાના જમાઈ. પ્રીતિબેન ઉદયભાઈ ભારદીયા, હિતેશભાઈ અને શીતલ દિનેશભાઈ ચાવલાના પિતા ઉદયભાઈ ભારદીયા, બિનાબેન અને દિનેશભાઇ ચાવલાના સસરા. તારીખ ૩૧-૦૭-૨૦૨૬ શુક્રવાર ને રોજ શ્રીજીચરણપામ્યા છે. પ્રાર્થનાસભા તા. ૦૩/૦૮/૨૦૨૬ ના સોમવારના સાંજે ૫થી ૬, કલાકે રાખેલ છે. સ્થળ શ્રી ગુર્જર સુતાર વિશ્વકર્મા બાગ ૩૬/૩૭ , બજાજ રોડ, કમલા નગર, વિલેપાર્લે (વેસ્ટ).

**ઘોઘારી દશાશ્રીમાળી વૈષ્ણવ વણિક**

તળાજા નિવાસી, હાલ વિરાર, અ.સૌ. કિરણબેન રસીકલાલ પારેખ (ઉં. વ. ૮૬), તા ૧/૦૮/૨૬ શનિવારના શ્રીજી ચરણ પામ્યા છે. તે રસીકલાલ કાળીદાસ પારેખના ધર્મપત્ની ,સ્વ.જયંતીભાઈ પ્રભુદાસ દેસાઈના સુપુત્રી. સ્વ.બળવંતભાઈ અને સ્વ. જગદીશભાઈના બેન. હરેશ, ભામિની અતુલ મહેતા, હેમંત, ફાલ્ગુની જયેશ દાણી, માલા પરેશ મહેતાના માતુશ્રી, સ્વ રેખા હરેશ પારેખ અને અ.સૌ. સોનલ હેમંત પારેખના સાસુ, હર્ષલ, જશ, આસ્થા, તિથિ ના દાદી. પ્રાર્થના સભા અને લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે. સરનામું રસીકલાલ કાલિદાસ પારેખ, ઊ ૨૦૧, ગોકુલ પાર્ક, ન્યુ વિવા કોલેજ સામે, વિરાર (વેસ્ટ).

**લોહાણા**

હેમાંશુ વિનોદરાય ગોંધીયા (ઉં. વ. ૫૩), જૂનાગઢ નિવાસી (હાલ મુંબઇ) મધુબેન વિનોદરાય ગોંધીયાના પુત્ર. ભાવનાના પતિ. રાહુલ, ઉન્નતિના પિતાશ્રી. હિરેન, જીગ્ના વિમલભાઇ પોપટના ભાઇ. નગીનદાસ જીમુલના જમાઇ તા. ૨-૮-૨૬ના શ્રીજીચરરણ પામ્યા છે. પ્રાર્થનાસભા તા. ૩-૮-૨૬ના સાંજે ૪થી ૬. ઠે. શ્રી વર્ધમાન સ્થાનકવાસી (મોટો) ઉપાશ્રય, લોહાણા મહાજન વાડીની સામે, એસ. વી. રોડ, ૫મે માળે, કાંદિવલી (વેસ્ટ).

## પારસી મરણ

કેરસી મીનુ દલાલ તે મરહુમ ઝરીન કેરસી દલાલના ધણી. તે મરહુમ ગુલ તથા મીનુના દીકરા. તે ઝુબીનના પિતાજી. તે મોનાઝ ઝુબીન દલાલના સસરા. તે બેહરામ તથા મરહુમ પરવેઝના ભાઇ. તે અફરીન તથા કેયઝાદના બપાવા. (ઉં. વ. ૮૭) રે. ઠે. મંગલમ એપાર્ટમેન્ટ, એ વિંગ, ૫મે માળે, રૂમ. નં. ૨૨, વિલેપાર્લે (વેસ્ટ), મુંબઇ-૪૦૦૦૫૬. ઉઠમણાંની ક્રિયા : તા. ૩-૮-૨૬ને દિને ૩.૪૦ ડુંગરવાડી પર હોડીવાલા ઉપરની બંગલીમાં છેજી.

## મુસ્લિમ મરણ

ભાવનગરમાં હસનભાઈ ફોજદારની વફાતઃ સોમવારે સવારે જીયારત, ભાવનગરઃ દાઉદી વ્હોરા હસનઅલીભાઈ (ઉ.વ.૭૮) તે મરહુમ હાતીમભાઈ શરફઅલીભાઈ ફોજદારના સુપુત્ર રેહાનાબેનના પતિ અબ્બાસભાઈ, યુસુફભાઈ, રશીદાબેનના પિતા દાઉદભાઈ (ખંભાત) ના સસરા મ.ફીજાબેન મ.જાબીરભાઈ સકીનાબેન, સિરાજભાઈના ભાઈ તા.૧ ઓગસ્ટ ૨૦૨૬ને શનિવારના રોજ ભાવનગર મુકામે વફાત પામેલ છે મર્હુમની જીયારત (કુરાનખ્વાની) તા.૩ ઓગસ્ટ ૨૦૨૬ને સોમવારના રોજ સવારે ૧૧:૩૦ કલાકે મહંમદીબાગ ભાવનગર ખાતે રાખવામાં આવેલ છે.

## જૈન મરણ

**ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**

ટાણા નિવાસી હાલ મુલુંડ સ્વ. પરમાણંદદાસ હીરાચંદ શાહના સુપુત્ર પ્રવીણભાઇ (ઉં. વ. ૭૨) તે રંજનબેનના પતિ. તથા અક્ષય, ફોરમ, હેમલ, નેહાના પિતાશ્રી. તે મેહુલકુમાર, અપૂર્વકુમાર, જીગરકુમાર, પ્રિયંકાના સસરા. તે ઉષાબેન ચંદ્રકાંત શાહના ભાઇ. શ્વસુર પક્ષે સંઘવી ધીરજલાલ જેચંદભાઇ જેસરવાળા હાલ મુલુંડના જમાઇ. તા. ૩૧-૭-૨૬ શુક્રવારના અરિહંતશરણ પામેલ છે, લૌકિક વ્યવહાર બંધ છે.

**ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**

જેસર નિવાસી હાલ મુલુંડ સ્વ. દુર્લભદાસ દયાલજી દોશીના સુપુત્ર હીરાલાલ (ઉં. વ. ૯૧) તે મંજુલાબેનના પતિ તથા નિમિષા, ડો.રાજેન અને મોનાના પિતાશ્રી. તથા ડો. સપના, પરેશકુમાર અને અજયકુમારના સસરા. સ્વ. ભાયચંદભાઈ અને ચીમનલાલના ભાઈ. શ્વસુરપક્ષ સ્વ. જમનાદાસ મેઘજી કોરાડિયા (મૂળ અમરેલીના) હાલ અમદાવાદ)ના જમાઈ, તા. શુક્રવાર, ૩૧ જુલાઈ ૨૦૨૬ના, અરિહંતશરણ પામ્યા છે. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**શ્રી કચ્છી વિશા ઓશવાળ જૈન**

મોખાના નિર્મળા (ભાણબાઇ) નાનજી નથુ સૈયા (ઉં. વ. ૮૦) તા. ૩૧-૭નાં કાળધર્મ પામ્યા છે. નાનજીના પત્ની. માતુશ્રી જેઠીબાઇ નથુ રામાના પુત્રવધૂ. ચેતના, કીર્તી, નીતા, સંજયના માતુશ્રી. સાડાઉ મોંઘીબાઇ મગન કાનજીના સુપુત્રી. લક્ષ્મીના બેન. ગુણાનુવાદ સભા શ્રી વ.સ્થા.જૈન શ્રા.સં. કરસન લધુ નિસર હોલ, દાદર ૪ થી ૫.૩૦.

પત્રીનાં નાગજી ગાંગજી ગાલા (ઉં. વ. ૮૬) તા. ૩૧-૭-૨૬નાં અવસાન પામેલ છે. સ્વ. મેઘબાઇ ગાંગજી શીવજીના પુત્ર. નિર્મળા (નાનબાઇના) પતિ. નાનજી, રમેશ, પ્રભા, મંજુલાના ભાઇ. પત્રી લધીબાઇ કુંવરજી ભારમલ દેઢીયાના જમાઇ. દેહદાન, ત્વચાદાન, ચક્ષુદાન કરેલ છે. પ્રા. શ્રી વ.સ્થા.શ્રા.જૈ.સં.સં. કરસન લધુ નિસર હોલ, દાદર (વે.) ટાઇમ : ૨ થી ૩.૩૦.

ગોધરાના ગં.સ્વ. સાકરબેન મુલચંદ રાંભિયા (ઉં. વ. ૮૦) તા. ૩૧-૭-૨૦૨૬ના અવસાન પામ્યા છે. ગોમીબાઈ શીવજી પદમશીના પુત્રવધુ. સ્વ. મુલચંદના ધર્મપત્નિ. બાડાના ઉમરબાઇ લાલજી હરીયાના સુપુત્રી. વિઢના વનિતા દિનેશ, ગોધરાના વર્ષા ગિરીશ, ડુમરાના નિતા નિતિન, ભરત અને બીપીનના માતુશ્રી. બાડાના નાનજી, હરખચંદ, પુનડીના કસ્તુર લક્ષ્મીચંદ, બાડાના બાઇયાબેન દામજીના બેન. પ્રાર્થના રાખેલ નથી. નિ. બીપીન રાંભીયા, ૧૧, રામ નિવાસ, વિલેજ રોડ, ટીકીટાર કંપનીની સામે, ભાંડુપ (વે).

છેલ્લા પાનાનું ચાલુ

### એનસીપીના નેતા

કરી હતી. સુપ્રિયા સુળેએ સોશ્યલ મીડિયા પ્લેટફોર્મ 'એક્સ' પર મુલાકાતની માહિતી શેર કરતાં લખ્યું કે, તેઓ મુંબઈમાં રિયા અહીરને મળ્યા હતા. વિદ્યાર્થી આંદોલન દરમિયાન પોલીસની વેન સામે નિર્ભયતાથી ઊભી રહેલી રિયા આજે સમગ્ર વિદ્યાર્થી ચળવળનું મજબૂત પ્રતીક બની ગઈ છે. તેમની બહાદુરીએ દેશભરના લોકોમાં હિંમત અને પ્રેરણા જગાવી છે.

સુળેએ વધુમાં જણાવ્યું કે રિયાને હાલમાં મારી નાખવાની ધમકીઓ મળી રહી છે, જે અત્યંત ચિંતાજનક બાબત છે. એટલું જ નહીં, તેને ડરાવવા અને બદનામ કરવા માટે તેની મોર્ફ કરેલી તસવીરો અને વીડિયો સોશ્યલ મીડિયા પર ફેલાવીને દુષ્પ્રચાર કરવામાં આવી રહ્યો છે. લોકશાહી પદ્ધતિથી વિરોધ કરવાનો અધિકાર વાપરનારી એક યુવતીનો અવાજ દબાવવાના આવા પ્રયાસો કોઈપણ રીતે સ્વીકાર્ય નથી.

મુલાકાત દરમિયાન સુપ્રિયા સુળેએ રિયાને ખાતરી આપી કે તેમની પાર્ટી અને તેઓ વ્યક્તિગત રીતે આ મુશ્કેલ સમયમાં તેની સાથે ઢાલ બનીને ઊભા રહેશે અને શક્ય તમામ મદદ કરશે. તેમણે મહારાષ્ટ્ર સરકારને અપીલ કરી કે રિયા અહીરને ધમકી આપનારા અને તેની ખોટી તથા મોર્ફ કરેલ ફોટા વીડીયો ફેલાવનારા લોકો સામે તાત્કાલિક અને કડક કાર્યવાહી કરવામાં આવે.

સાથે જ તેમણે રાજ્ય સરકારને રિયાની સુરક્ષા સુનિશ્ચિત કરવાની માગ કરી, જેથી તે કોઈપણ ભય વગર પોતાના લોકશાહી અધિકારોનો ઉપયોગ કરી શકે. સુપ્રિયા સુળેની આ મુલાકાત બાદ મુંબઈ વિદ્યાર્થી આંદોલન ફરી એકવાર ચર્ચાના કેન્દ્રમાં આવ્યું છે અને રિયા અહીરને હાલ મળી રહેલા રાજકીય સમર્થનને પણ મહારાષ્ટ્રની રાજનીતિની દ્રષ્ટિએ મહત્ત્વપૂર્ણ માનવામાં આવી રહ્યું છે. (પીટીઆઇ)■

### મુંબઈમાં

દર્દીઓને લિફ્ટમાંથી સુરક્ષિત રીતે ખસેડવાનું મુશ્કેલ હોય છે. પરિણામે દર્દીઓને સીડીઓથી નીચે લાવવા પડે છે. આ કારણે સારવાર માટે હૉસ્પિટલ પહોંચવામાં વિલંબ થવાથી દર્દીઓના જીવ પર ગંભીર ખતરો ઊભો થઈ શકે છે. તેમજ ફાયર બ્રિગેડ અને અન્ય ઈમરજન્સી સિસ્ટમની બચાવ કામગીરીમાં પણ મોટી મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે. તે જ સમયે કોમામાં રહેલા દર્દીઓને સુરક્ષિત અને સરળતાથી ખસેડવા માટે તેમજ કમનસીબ મૃત્યુના કિસ્સામાં મૃતકના શરીરને સન્માન સાથે ઘરેથી નીચે લાવવા માટે સ્ટ્રેચર લિફ્ટ ખૂબ જ ઉપયોગી થશે.

નગરસેવિકાએ કહ્યું હતું કે મુંબઈમાં હાઈરાઈઝ બિલ્ડિંગની સંખ્યા દિવસેને દિવસે વધી રહી છે. અનેક ઇમારતોમાં દર્દીઓ, સિનિયર સિટિઝન, દિવ્યાંગોને તેમજ અકસ્માતનો ભોગ બનેલા લોકોને કટોકટીમાં નીચે લાવવા માટે જરૂરી સુવિધાઓ નથી. તેમજ કેટલીકવાર દર્દીઓને લેવા લોકો હાજર હોતા નથી. તેથી મુંબઈની તમામ નવી ઈમારતો માટે તે સમયે અથવા બિલ્ડિંગની પરવાનગી આપતાં પહેલાં લઘુતમ કદની પાંચ ફૂટ બાય દસ ફૂટની સ્ટ્રેચર-સક્ષમ લિફ્ટ્સનું ઇન્સ્ટોલેશન ફરજિયાત બનાવવું જોઈએ.

નગરસેવિકાના કહેવા મુજબ બિલ્ડિંગમાં તે મુજબની લિફ્ટ બેસાડવા માટે જોકે પાલિકાના ડેવલપમેન્ટ કંટ્રોલ-૩૪ના નિયમો તેમજ સંબંધિત બાંધકામ નિયમોમાં જરૂર મુજબ સુધારો કરવા પડશે. જોકે તેનાથી કટોકટીના સમયમાં તબીબી સેવાઓ વધુ અસરકારક બનશે જે દર્દીઓના જીવન બચાવવામાં મદદરૂપ થઈ રહેશે.

### ન્યૂ સ્ટેટ એમ્બ્યુલન્સ પૉલિસી'

અનુસાર એક ડિજિટલ પ્લેટફોર્મ અને મોબાઈલ એપ તૈયાર કરવામાં આવશે. જેના દ્વારા લોકો સૌથી નજીકની એમ્બ્યુલન્સનું લોકેશન, તેના પહોંચવાના સમયનું અનુમાન, ભાડું અને વીડિયો કોલના માધ્યમથી પ્રાથમિક ઉપચારની સલાહ પણ મેળવી શકશે.

સરકાર એમ્બ્યુલન્સના ભાડામાં પણ પારદર્શકતા લાવવાના પ્રયાસ કરી રહી છે. પ્રસ્તાવ અનુસાર નોંધણી થયેલી એમ્બ્યુલન્સને પોતાના ભાડું એપ પર જણાવવાનું રહેશે. આ સાથે જ શ્રેણીબદ્ધ એમ્બ્યુલન્સ માટે વધારે ભાડું નક્કી કરવામાં આવશે. દરેક મુસાફરીની ડિજિટલ યાદી અને ઈ-રસીદ પણ ઉપલબ્ધ થશે. જેથી ઇમરજન્સીના સમયે મનપસંદ ભાડું વસૂલવા પર પ્રતિબંધ લાગી શકે. આ નવી વ્યવસ્થામાં એમ્બ્યુલન્સના ડ્રાઈવર અને મેડિકલ સ્ટાફ માટે પણ ડિજિટલ સુવિધા હશે. આરટીઓ અને આરોગ્ય વિભાગ માટે અલગ ડેશબોર્ડ તૈયાર કરવામાં આવશે. જેના માધ્યમથી એમ્બ્યુલન્સની કાર્યપ્રણાલી, પ્રતિક્રિયાનો સમય અને કોલ અસ્વીકારની ઘટના અને કોઈ પણ પ્રકારના દુરુપયોગ પર નજર રાખવામાં આવશે. ■

### મહારાષ્ટ્રના

અથવા લગ્નનું વચન આપીને કરાવવામાં આવતા ધર્માંતરને રોકવાનો છે.

કાયદા મુજબ તેની જોગવાઈઓનું ઉલ્લંઘન કરનારને વધુમાં વધુ સાત વર્ષની સજા થઈ શકે છે. જો કોઈ વ્યક્તિ ફરીથી આવો ગુનો કરે તો સજાની મુદત વધારીને ૧૦ વર્ષ સુધી કરી શકાય છે. ઉપરાંત, ધર્માંતર પહેલાં જિલ્લા મેજિસ્ટ્રેટને ૬૦ દિવસ અગાઉ લેખિત જાણ કરવી ફરજિયાત બનાવવામાં આવી છે. ધર્માંતર કરનાર વ્યક્તિના માતા-પિતા, ભાઈ-બહેન અને અન્ય નજીકના સગાઓને પણ ફરિયાદ નોંધાવવાનો અધિકાર આપવામાં આવ્યો છે.

આ કાયદાને લઈને વિધાનસભામાં રાજકીય મતભેદ પણ જોવા મળ્યા હતા. કોંગ્રેસ, રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી (શરદ પવાર જૂથ), સમાજવાદી પાર્ટી અને સીપીઆઈ (એમ)એ આ બિલનો વિરોધ કર્યો હતો. વિરોધ પક્ષોએ દલીલ કરી હતી કે કાયદો બંધારણ વિરોધી છે, વ્યક્તિના ગોપનીયતાના અધિકારનું ઉલ્લંઘન કરે છે અને તેનો ઉપયોગ કોઈ ચોક્કસ સમુદાયને નિશાન બનાવવા માટે થઈ શકે છે. તેમણે બિલને સંયુક્ત પસંદગી સમિતિને મોકલવાની પણ માગણી કરી હતી. બીજી તરફ, શિવસેના (ઉદ્ધવ બાળાસાહેબ ઠાકરે)એ બિલને સમર્થન આપ્યું હતું.

કાયદાના સમર્થનમાં મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે સ્પષ્ટ કર્યું હતું કે આ કાયદાનો હેતુ સ્વૈચ્છિક ધર્માંતરણ અથવા આંતરધર્મી લગ્નને રોકવાનો નથી. તેનો ઉદ્દેશ માત્ર બળજબરી, છેતરપિંડી અથવા લાલચ આપીને કરાવવામાં આવતા ગેરકાયદે ધર્માંતર પર રોક લગાવવાનો છે.

અત્રે ઉલ્લેખનીય છે કે મહારાષ્ટ્ર પહેલાં મધ્ય પ્રદેશ, ઉત્તર પ્રદેશ, ઓડિશા, છત્તીસગઢ, હિમાચલ પ્રદેશ, ઝારખંડ, કર્ણાટક, હરિયાણા અને રાજસ્થાન સહિત દેશના ઓછામાં ઓછાં ૧૨ રાજ્યોમાં આવા ધર્માંતરણ વિરોધી કાયદા પહેલાથી અમલમાં છે. (પીટીઆઇ)■

### ભિવંડી દુર્ઘટના

વપરાશ માટે અત્યંત જોખમી જાહેર કરવામાં આવી છે. સંબંધિત માલિક અને ઓક્યુપેન્ટને અગાઉ લેખિતમાં નોટિસ આપવામાં આવી હોઈ બિલ્ડિંગ ખાલી કરીને તેને તોડી પાડવાનો નિર્દેશ પણ આપવામાં આવ્યો છે.

મહાનગરપાલિકાના મતે આ ઈમારતનો વપરાશ ચાલુ રહ્યો તો કોઈ પણ ક્ષણે બિલ્ડિંગ તૂટીને જીવહાનિ અને આર્થિક નુકસાન થવાની શકયતા છે. તેથી સંબંધિતોને તાત્કાલિક સુરક્ષિત સ્થળે સ્થળાંતર કરવું તેમ જ જોખમી બાંધકામ વિનાવિલંબે તોડી પાડવાની કાર્યવાહી કરવાનો નિર્દેશ આપવામાં આવ્યો છે. સી-વન શ્રેણીમાં આવતી ઈમારતનું વીજળી અને પાણીનું જોડાણ તાત્કાલિક ખંડિત કરવામાં આવશે એવી ચેતવણી પણ પાલિકાએ ફરી આપી છે.

આ વર્ષની યાદીમાં બેલાપુર, નેરુલ, વાશી, તુર્ભે, કોપરખૈરાણે, ઐરોલી અને દીવા વિસ્તારની કુલ ૩૪ બિલ્ડિંગનો સમાવેશ થાય છે. છેલ્લા થોડા વર્ષમાં ચોમાસામાં જોખમી ઈમારતો તૂટી પડવાની દુર્ઘટનામાં વધારો થયો છે. શુક્રવારે ભિવંડીમાં થયેલી દુર્ઘટનામાં ૧૦નાં મોત થયા બાદ મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે રાજ્યની તમામ પાલિકા પ્રશાસનને ઈમારત બાબતે સખત ઉપાયયોજના અમલમાં મૂકવાનો નિર્દેશ આપ્યો હતો. એ બાદ નવી મુંબઈ મહાનગરપાલિકાએ નાગરિકોને અતિજોખમી બિલ્ડિંગ તાત્કાલિક ખાલી કરવાની અપીલ કરી હતી. ■

### ધનુષ્ય અને બાણ

વધુ કાર્યકર્તા અને નવા ચહેરાઓને પક્ષમાં જોડાવા પર ધ્યાન કેન્દ્રિત કરવાની અપીલ કરવામાં આવી હતી. આગામી ગ્રામ પંચાયત ચૂંટણીઓને ધ્યાનમાં રાખીને પાયાના સ્તરે સંગઠનને વધુ સક્ષમ બનાવવા માટે પણ સૂચનાઓ આપવામાં આવી હતી.

ઠાકરેએ સંગઠનાત્મક કાર્યમાં ઢીલાશ રાખનારાઓને ઘરનો રસ્તો બતાવી દેવાની ચેતવણી આપતા કહ્યું હતું કે જો જવાબદારી ઉપાડવાની ક્ષમતા ન હોય તો સંબંધિતોએ પદ માટે આગ્રહ ન રાખવો જોઈએ. તેમણે સ્પષ્ટતા કરી હતી કે આવા પદાધિકારીઓને તેમની ક્ષમતા અનુસાર અન્ય જવાબદારીઓ સોંપવામાં આવશે.

મતદાર નોંધણી સંબંધિત ખાસ નોંધણી ઝુંબેશ પર ધ્યાન કેન્દ્રિત કરવાની સૂચના આપતા પદાધિકારીઓને કહ્યું હતું કે આઠ ઑગસ્ટ સુધીમાં પાત્ર મતદારોની નોંધણી પૂર્ણ કરવા માટે દરેક જિલ્લા અને વિભાગમાં અસરકારક ઝુંબેશ ચલાવવી. તેમણે એ પણ સુનિશ્ચિત કરવાની સૂચના આપી હતી કે કોઈ પણ પાત્ર મતદારનું નામ બાકી ન રહે.

શિવસેના પક્ષના નામ અને ધનુષ્યબાણ ચિહ્ન અંગેનો વિવાદ છેલ્લા ચાર વર્ષથી સુપ્રીમ કોર્ટમાં પેન્ડિંગ છે ત્યારે તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે સુપ્રીમ કોર્ટનો નિર્ણય આપણી તરફેણમાં જ આવશે અને આપણો શિવસેનાનો પક્ષ તેમજ ધનુષ્યબાણ પાછા મેળવીને જ રહીશું. ■

### મુંબઈમાં ચાલતી ટ્રેન

બચાવ્યો હતો. યુવકની આ હરકત ધ્યાનમાં આવતા જ હેડ કોન્સ્ટેબલ અનિતા નરવડે એક ક્ષણનો પણ વિલંબ કર્યા વિના તેની તરફ દોડી ગઈ. તેમણે યુવકના પગને પકડીને જોરથી ખેંચી લીધો અને તેને ચાલતી ટ્રેનની અડફેટમાં આવતાં સેકન્ડોમાં બચાવી લીધો. મુંબઈ સેન્ટ્રલ GRP ના સિનિયર ઇન્સ્પેક્ટર રવિન્દ્ર કાટકરે જણાવ્યું કે હેડ કોન્સ્ટેબલ નરવડેએ સમયસર કાર્યવાહી કરીને સંભવિત જીવલેણ અકસ્માત ટાળ્યો. સમગ્ર ઘટનાનો CCTV વીડિયો પણ હવે સોશ્યલ મીડિયા પર ઝડપથી વાઇરલ થઈ રહ્યો છે.

પોલીસના જણાવ્યા અનુસાર યુવકને કોઈ ગંભીર ઇજા પહોંચી નથી. પ્રાથમિક પૂછપરછમાં જાણવા મળ્યું કે તે પારિવારિક વિવાદને કારણે માનસિક તણાવમાં હતો. તે પરિણીત છે અને તાજેતરમાં ઉત્તર પ્રદેશમાંથી મુંબઈ આવ્યો હતો તેમ જ પોતાના સગાંઓ સાથે રહેતો હતો. જોકે, તેણે પોતાની ઓળખ કે સરનામું પોલીસને જણાવવાનો ઇનકાર કર્યો હતો. પોલીસનું કહેવું છે કે ઘટના સમયે તે દારૂના નશામાં હોવાની પણ શંકા છે.

જીઆરપીએ યુવકને કાઉન્સેલિંગ માટે મોકલવાની અને જરૂર પડે તો ડી-એડિક્શન સેન્ટરમાં સારવાર અપાવવાની તૈયારી શરૂ કરી છે. સાથે જ તેની ઓળખ મેળવવાની, પરિવારજનોનો સંપર્ક સાધવાની તેમજ ભવિષ્યમાં તે ફરી આવું પગલું ન ભરે તે માટે જરૂરી માનસિક સહાય પૂરી પાડવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. મહિલા હેડ કોન્સ્ટેબલ અનિતા નરવડેએ દર્શાવેલી સમયસૂચકતા અને હિંમતના કારણે એક યુવાનનો જીવ બચી જતાં તેમની કામગીરીની સર્વત્ર પ્રશંસા થઈ રહી છે. ■

### ફક્ત ૧૦ ટકા

છે. ૩૦૦થી વધુ દુકાન-હોટેલ-રેસ્ટોરાંને સુધારણા કરવાની નોટિસ બજાવવામાં આવી છે. અન્ય ઠેકાણે કોઈ જ કાર્યવાહી કરાઈ નથી. આનો અર્થ એ છે કે લાઈસન્સ સસ્પેન્ડ કરવાનું પ્રમાણ ૧૦ ટકા પણ નથી.

મુંઢેનું કહેવું છે કે કોઈ હોટેલમાં વીસથી પચીસ કર્મચારી હોય, પણ તે હોટેલનું અન્ન રોજ હજારો લોકો આરોગે તો અન્ન સુરક્ષિત હોવાનું જરૂરી છે. ખાદ્ય પદાર્થો સુરક્ષિત ન હોય તો લોકોના આરોગ્ય પર તેની અસર થઈ શકે. લોકોના આરોગ્યનું ધ્યાન રાખવું એ મારી પ્રાથમિકતા છે.

વર્ધાના ગોરસ ભંડારને નોટિસ આપ્યા વિના એફડીએએ તેને બંધ કરવાનો આદેશ આપ્યો હતો, જેની સામે હાઈ કોર્ટે વાંધો ઉઠાવ્યો હતો. આ મુદ્દે મુંઢેનું કહેવું છે કે અમે નિયમ અનુસાર કાર્યવાહી કરીએ છીએ. જે ઠેકાણે ખાદ્ય પદાર્થો ખાવા યોગ્ય ન હોય કે આરોગ્ય પર અસર કરે એવા હોય તો એફડીએના અધિકારીને કાર્યવાહીના અધિકાર છે. તેમાં લાઈસન્સ સસ્પેન્ડ કરવાનો પણ અધિકાર છે.

મુંઢેનો દાવો છે કે ગોરસ ભંડારમાં ૨૦૨૦થી ૨૦૨૫ દરમિયાન ચાર વખત તપાસણી થઈ હતી. આ ચારેય વખત ગંભીર ત્રુટિઓ નજરે પડી હતી. અત્યારે પાંચમી વખત તપાસ થઈ હતી. ચારેય વખત સૂચના આપ્યા છતાં કોઈ સુધારણા કરાઈ હોવાનું જણાયું નહોતું. અગાઉ ખામીઓ દેખાયા છતાં કોઈ નોટિસ આપવામાં આવી નહોતી. ■

### ભિવંડી ઈમારત

અમૃતલાલ નિશાદની અટકાયત કરી છે.

પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું હતું કે અમૃતલાલ નિશાદે અન્ય રહેવાસીઓ પાસેથી સમારકામ માટે રૂપિયા પડાવ્યા હતા. તેના દ્વારા કોન્ટ્રાક્ટર અશોક પાસવાનને આ કાર્ય સોંપવામાં આવ્યું હતું.

પોલીસ પૂછપરછ બાદ તપાસના આધારે તેના વિરુદ્ધ ફરિયાદ નોંધાશે તેવી શક્યતાઓ છે.બીજી તરફ ભીવંડી પાલિકાએ સલામતીના પગલે કોહિનૂર એપાર્ટમેન્ટની બંને વિંગને ખાલી કરાવી હતી.

જેમાં એ-વિંગમાં ૩૮ અને બી-વિંગમાંમાં ૬૦ એમ મળીને કુલ ૯૮ જેટલા ફ્લેટ હતા. દરેક પરિવારોને સુરક્ષિત રીતે બહાર કાઢી લેવામાં આવ્યા હતા, લોકોએ પોતાનો સામાન પણ ઇમારતમાંથી હટાવી લીધો છે. ■

### પાકિસ્તાની સૌંદર્ય

'ગોરી ડે ઍન્ડ નાઈટ ક્રીમ'નો સ્ટૉક મળી આવ્યો હતો. કહેવાય છે કે એફડીએ ઈન્સ્પેક્ટરની ફરિયાદને આધારે આ કાર્યવાહી કરાઈ હતી. જપ્ત કરાયેલી ક્રીમ પર 'મેડ ઈન પાકિસ્તાન/પાકિસ્તાન સ્ટાન્ડર્ડ' લખાયેલું છે. ભારતમાં વેચાણ માટે જરૂરી પરવાનગી ન હોવા છતાં આ સૌંદર્ય પ્રસાધનો દુકાનમાં વેચવા રખાયાં હતાં. દુકાનદાર શાહીદ શેખને પૂછપરછ માટે તાબામાં લેવાયો હતો. તેની વિરુદ્ધ સંગમનેર સિટી પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધવાની પ્રક્રિયા હાથ ધરાઈ હતી. ■

### એઆઈ, સેમિકન્ડક્ટર્સ

હતો. જે ઝડપે ટેક્નોલોજી બદલાઈ રહી છે અને આપણે જે રીતે વ્યવસાય કરીએ છીએ તેમાં પરિવર્તન આવી રહ્યું છે, તેમણે એઆઈ ક્ષેત્રના એક મોટા ટેક નિષ્ણાત સાથેની વાતચીતનો સંદર્ભ આપીને કહ્યું હતું કે આગામી ૧,૦૦૦ દિવસોમાં બજારમાં ૭૫ ટકા નોકરીઓનું સ્વરૂપ બદલાઈ જશે. (પીટીઆઇ)■

**મરણ ખબર માટેની સૂચના** | મૃત્યુનોંધ સાંજે ૭-૩૦ સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) ક્યાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાનાં નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક

# ધર્મ તેજ



માનસ મંથન


મોરારિબાપુ
feedback@bombaysamachar.com

## ચિત્તશુદ્ધિ કેમ થાય?

બે-ત્રણ દિવસથી ઘણા શ્રોતાઓનો એક જ પ્રકારનો પ્રશ્ન આવે છે કે બાપુ, કોશિશ કરવા છતાં ચિત્તશુદ્ધિ કેમ નથી થતી? આજે એક પ્રશ્ન છે, બધામાં હરિદર્શન કરવું, એ મને જાણ્યું, બુદ્ધિએ માન્યું પણ અને ચિત્તથી દૃઢતાથી કબૂલ પણ કરી લીધું. બધામાં પરમાત્માના દર્શન કરવા, એ એક જિજ્ઞાસુએ વાત પૂછી છે, એ માની લીધું, જાણી લીધું, દૃઢ પણ થઈ ગયું કે ઠીક છે. છતાં કદી કદી, ક્યાંક ક્યાંક દોષદર્શન થઈ જાય છે. કેમ?

આ કોઈ એક વ્યક્તિનો પ્રશ્ન નથી, બધાનો પ્રશ્ન છે. શ્રોતાઓમાં પણ દોષ દેખાય, એવું કેમ થાય છે? હવે હું કહીશ કે શ્રોતાઓનું પણ કર્તવ્ય છે કે બીજાની દૃષ્ટિમાંયે તમારા કારણે દોષ ન પેદા થાય એવી રીતે જીવો. તમારા કારણે બીજાની દૃષ્ટિમાં દોષ દર્શન કરવાનો અવસર ન આવે, એવી રીતે રહો. થોડું સહન કરો, થોડું અનુશાસન નિભાવો કે જેથી બીજાનાં મનમાં દોષદર્શન કરવાનો અવસર ન આવે અને એમને પોતાના ચિત્તની શુદ્ધિ અશુદ્ધ ન બને. તમે બધામાં હરિદર્શન કરવાનું કબૂલ કર્યું, છતાં દોષદર્શન થઈ જાય છે. આ એકનો નહિ બધાનો પ્રશ્ન છે. એક નાનીશી કહાની દ્વારા આ વાત સમજાવવાની ચેષ્ટા કરું છું.

એક દેહાતી, એક અભણ માણસ એક નગરમાં ગયો. હતો તો ગામઠી, દેહાતી, અભણ હતો. પણ એની પાસે કોઈ પાક સરસ ઊતર્યો હતો, તે વેચવાનો હતો. એણે મનમાં નક્કી કરેલું કે કંઈ પણ થાય, જાણકારી થાય કે ન થાય, સમજ પડે કે ન પડે, જીવનમાં એક વાર ફાઈવસ્ટાર હોટેલમાં રહેવું છે. પૈસા પૂરા પાકના કેમ ન આપવા પડે, પણ એક વાર તો રહેવું છે. આ ખેડૂતે નક્કી કરેલું કે પંચતારક હોટેલમાં કેમે કરીને રહેવું છે, એણે તો પૈસા ભરી દીધા હતા, બુકિંગ કરાવી દીધેલું. રાતે ફાઈવસ્ટાર હોટેલના પલંગમાં સૂતો છે, એને સૂઈ જવું છે તો બત્તી બંધ કરવાની હતી. લાઈટને ફૂંક મારતો રહ્યો, પણ લાઈટ બુઝાતી નહોતી. એક વાર, બે વાર નહિ, એક કલાક, બે કલાક નહિ, આખી રાત ફૂંક મારતો રહ્યો, પણ બત્તી બૂઝાઈ નહિ. બિચારો સૂઈ ન શક્યો.



સવારના ઊઠતાં એણે હોટેલના મેનેજરને ફરિયાદ કરી કે આ કયા પ્રકારની હોટેલ છે? મેં આખા મોસમના પાકની કમાઈ અહીં રહેવા માટે આપી દીધી અને અહીં બત્તી બંધ નથી થતી? કેટલી ફૂંકો મારી. કહે, ભાઈસાબ, ક્ષમા કરો, તમે અમારામાંથી કોઈને બોલાવી લેત તો પણ તમને બતાવી દેતે. આ બત્તી ફૂંકથી નહિ બુઝાય, એને બુઝાવવા કોઈ સ્વિચ બંધ કરે ત્યારે બુઝાશે.

બાપ ! ચિત્તમાં વિકાર પેદા થતા રહે છે, તમારી, આપણી ફૂંકથી નહિ બુઝાય, કોઈ સદ્‌ગુરુ સ્વિચ બંધ કરી દે તો બંધ થશે. કારણ કે કામ, ક્રોધ, લોભ એ વિદ્યુતપ્રવાહ છે. તમારી ફૂંકથી એ નહિ બુઝાય-એ મીણબત્તી નથી. હા, હોઈ શકે કે એ દીવાની આડમાં તમે કંઈક રાખો, બલ્બની આડે કંઈક રાખો, તો થોડી રાહત થઈ શકે, પણ બૂઝાવી નહિ શકો.

બુઝાવવાની સમજ તમારામાં છે. પણ લગભગ આપણે અભણ છીએ, થોડા પૈસા મળી ગયા, ને સીધા ફાઈવસ્ટારમાં ચાલી ગયા. ન વિવેક છે, ન સમજ છે. ન મહાસંગતિ છે. થોડી સમજ હો તો તમે આ ઉજાલાની તીવ્રતાને થોડી રોકી શકો. એ ઓરડામાંથી જ કંઈ લઈને આડમાં રાખી દો, પણ બત્તી બુઝાશે નહિ. બત્તી બુઝાશે ત્યારે, જ્યારે સ્વિચ બંધ કરો.

એ ચિત્તના જે દોષ છે, મેરે ભાઈ-બહેન તમારી ફૂંકથી નહિ બુઝાશે. હા, તમારી થોડી ચેષ્ટા હશે, તમે કંઈક આડાશમાં રાખી દો. વ્યક્તિને જોવાને બદલે રામાયણ જોવા માંડો, આડ થઈ ગઈ. આંખો બંધ કરી દો, થોડી આડ થઈ ગઈ. વિચારો નથી રોકાતા, છતાં થોડી આડ થઈ ગઈ. કંપન બંધ થયા. પણ સમાપ્ત તો ત્યારે થશે, જ્યારે કોઈ પ્રાજ્ઞ ગુરુ પોતાની ચેતનાથી તમારા અચેતન મનને સમાપ્ત કરી દે.

**यह गुन साधन ते नहीं होई।**
**तुम्हारी कृपाँ पाव कोई कोई।।**

કૃપા સ્વિચ બંધ કરી શકે છે, પણ એના પહેલાં જ્યાં સુધી થઈ શકે, તમે ને હું પુરુષાર્થ કરીએ. ચોવીસ કલાક કંઈ તમે તમારા બાળકને સ્કૂલમાં નહિ રાખી શકો, ચાર-પાંચ, છ, આઠ કલાક રાખી શકો, પછી બાળક તમારી પાસે જ રહે છે. તમે ત્યારે એને વિવેકથી સમજાવો, રોકો. કથાના નવ દિવસ મળે, રોજના ત્રણ-ચાર કલાક મળે, ચાર દિન, પાંચ દિન તમને કથા સાંભળવા મળે. બાકીના સમયમાં થોડો પ્રયાસ કરો.

કોઈ મા એવી નહિ હોય કે પોતાના બાળકને એ ચાલવાનું ન શીખે એવો વિચાર કરે. બાળક ચાલે, એથી મા રાજી થઈ જાય. મા તો ઊંચકી શકે છે, ગોદમાં, ખભા પર, પીઠ પર, કમર પર, માનું સામર્થ્ય છે, છતાંયે મા વિચારશે કે આવું કરતી રહીશ, તો એ બિલકુલ ચાલશે જ નહિ. એથી મા ચાહે છે કે બાળક થોડું ચાલે. સદ્‌ગુરુ ચાહે છે કે બાળક થોડું ચાલે, પછી સદ્‌ગુરુ ઉઠાવી લેશે. નહિતર સાધક વિકલાંગ રહેશે. એટલું તો આપણે કરીને દેખાડવું જોઈએ, દુનિયાને નહિ, હરિને બતાવો.

(સંકલન : જયદેવ માંકડ)

શિવ રહસ્ય

ભરત પટેલ
feedback@bombaysamachar.com

## તમે તમારા અહંકારમાં પ્રકૃતિની વિવિધતાને સમજી ન શકયા...



કુમાર કાર્તિકેય ક્ષિરસાગર પહોંચે છે અને ભગવાન શ્રીહરિ વિષ્ણુને કહે છે, 'હું મારું બાલ્યકાળ વ્યતીત કરી રહ્યો હતો ત્યાં એક દિવસ મને ખબર પડી કે મારા માતા-પિતા કોણ છે. તેમની આજ્ઞાથી હું તેમની સાથે કૈલાસ ગયો. હું પુત્ર પ્રેમને પામવા મથી રહ્યો હતો ત્યાં પિતાજીએ મારા હાથમાં શસ્ત્રો આપી દીધા અને તેઓ મારા પિતા નહીં ગુરુ બની ગયા. શસ્ત્ર શિક્ષા મેળવી હું સેનાપતિ બની ગયો. હું ક્યારેય પુત્ર બની શક્યો નથી. તારકાસુરના વધ બાદ બધાને લાગતું હતું કે હું દેવોનો રાજા બનીશ, પણ પિતાજીએ કહ્યું કે હું દેવોનો રાજા નહીં બની શકું. પિતાજીએ કહ્યું ત્યારે દેવતાઓના રક્ષણ માટે યુદ્ધ કર્યું છે, અરુણાસુર સાથેના યુદ્ધ દરમિયાન મેં અરુણાસુરમાં પોતાની માતાનો પ્રેમ-વાત્સલ્ય મેળવવા તડપતો એક પુત્ર જોયો એટલે એક ક્ષણ લાગણીસભર બની જઈ તેને વચન આપ્યું કે તારી માતા અવશ્ય પુનઃજીવિત થશે.' સમજાવતાં ભગવાન શ્રીહરિ વિષ્ણુ કહે છે, 'કુમાર તમે બહુ મોટી ભૂલ કરી છે. સમસ્યા એક વચનની નથી સમસ્યા એક પુત્રને ભ્રમિત કરી તેની ભાવનાઓનો દુરુપયોગ કરવાની છે. એક દિવસ તમને ગ્લાની થશે કે તમારા માતા-પિતા તમને કેટલો પ્રેમ કરે છે, મારા પર વિશ્વાસ રાખી કૈલાસ જાઓ.' મામાની આજ્ઞા થતાં જ કુમાર કાર્તિકેય કૈલાસ પહોંચે છે. પુત્રને કૈલાસ આવેલા જોઈ માતા પાર્વતી પ્રસન્નતા અનુભવે છે. કુમાર કાર્તિકેય કહે છે, 'માતા મારું જીવન દેવતાઓના કલ્યાણ માટે જ લખાયું છે, માતા પિતાના સ્નેહ માટે નહીં.' માતા પાર્વતી આટલું સાંભળી વ્યથીત થઈ જાય છે. જ્યારે એક માતાની મમતા પર પ્રશ્ન ઉઠે છે ત્યારે માતા એ સહન કરી શકતા નથી અને કહે છે કે, 'હું છેલ્લી વાર તમને પૂછું છું કે શું તમારા વચનની પૂર્તિ હજી આવશ્યક છે.' કુમાર કાર્તિકેય તરફથી કોઈ જવાબ ન મળતાં માતા પાર્વતી કહે છે કે 'તમારા તરફથી કોઈ ઉત્તર ન મળતાં હું એમ સમજું છું કે તમારા વચનની પૂર્તિ આવશ્યક છે.' આટલું કહી માતા પાર્વતી ત્યાંથી વિદાય લે છે અને અરુણાસુર પાસે પહોંચે છે પોતાની યોગાગ્નિના તેજપૂંજથી અરુણાસુરની માતાને પુનઃજીવિત કરે છે. અરુણાસુર તેની માતાને ભેટવા જાય છે પણ તે ભેટી શકતો નથી. તેની માતાનો આત્મા તેને રોકી દે છે અને કહે છે, 'હે અરુણ મેં જીવનભર શિવ-શક્તિની આરાધના કરી અને જીવન-મૃત્યુના ફેરાથી છુટવા માગતી હતી. હું શિવ-શક્તિ દ્વારા મળેલા આશીર્વાદથી હું જીવન-મૃત્યુના ફેરાથી મુક્ત થવાની જ હતી પણ તેં મારા શબને અગ્નિસંસ્કાર ન આપીને મને મુક્તિ ન મળવાં દીધી. માતા પાર્વતી હું તમને વિનંતી કરું છું કે મારા પતિ દ્વારા થતા સમાજના દમનને જોઈ હું જીવન-મૃત્યુના ફેરાથી છુટવા માંગતી હતી હવે તમારા સ્પર્શથી મને મુક્તિ આપો. માતા મને મારા ધામ જવાની પરવાનગી આપો.' માતા પાર્વતી આશીર્વાદ આપતાં અરુણાસુરની માતા વૈતરણી પાર કરે છે અને જીવન-મૃત્યુના ફેરાથી મુક્તિ મેળવે છે. પોતાની સામે મૃત માતાનું શરીર અદૃશ્ય થતાં અરુણાસુર ત્રાડ પાડે છે...

* * *

અરુણાસુરઃ 'માતા પાર્વતી આ છળ-કપટ છે, તમે આવું કઈ રીતે કરી શકો? હું તમને આની પરવાનગી નહીં આપું. તમને જ્યારે ખબર હતી કે મારી માતા મુક્તિ મેળવવા તમારી ભક્તિ કરતી હતી તો તમે મને કેમ ન જણાવ્યું. તમને લોકો જગતમાતા કહે છે ને? કેવી જગતમાતા છો તમે? તમને આ શોભે છે? શું જગત માતાના હૃદયમાં મમતા નહીં ક્રુરતા છે. તમે મારી માતાને મારાથી દૂર કરી છે હું પણ તમને અહીંથી નહીં જવા દઉં, તમારા પુત્રો તમારા વિરહમાં જીવશે.'

આટલું કહી અરુણાસુર માતા પાર્વતી પર આક્રમણ કરવા જાય છે. એ જ સમયે કુમાર કાર્તિકેય વચ્ચે આવી જાય છે. અને કહે છે, 'અરુણાસુર, બ્રહ્મદેવ દ્વારા મળેલા વરદાનથી હું તમને મારી તો નહીં શકું પણ, તમે મૃત્યુ માટે તલશો તેવું જીવન અવશ્ય આપી શકું છું.'

એજ સમયે ભગવાન શિવ ત્યાં પ્રગટ થાય છે.

ભગવાન શિવઃ 'થોભો! કુમાર.'

અરુણાસુરઃ 'મહાદેવ, દેવોના દેવ મહાદેવ, સારું થયું તમે આવી ગયા, હું બાળક અને સ્ત્રી સાથે યુદ્ધ લડવા નથી માગતો અને મારી પિડાનું મુખ્ય કારણ પણ તમે જ છો. તમે છળ કરી રહ્યા છો મારી સાથે. હે દેવતાઓ બ્રહ્માજી, સરસ્વતીજી, લક્ષ્મીજી, શ્રીહરિ વિષ્ણુ જુઓ દેવોના દેવ મારી સાથે કઈ રીતે છળ કરી રહ્યા છે. તમે જ સમજાવો કે અહીં અરુણાસુર છે નહીં કે કોઈ નિર્બળ માનવી.'

ભગવાન શિવઃ 'તમારી સાથે છળ તમારી પોતાની અસુરી ઇચ્છાઓએ કર્યું છે અરુણાસુર. તમારી હઠ અને વિચારવાની શક્તિએ તમારી સાથે છળ કર્યું છે. કોઈ સામાન્ય માનવી ક્યારેય પુનઃજીવિત થઈ શકતો નથી, એટલું તો એક રાજાને સમજ પડવું જોઈએ. તમારી માતાનું જીવન ફરી આરંભ નહીં થઈ શકે, પણ તમે ઇચ્છો તો તમારું નવું જીવન આરંભ થઈ શકે છે.'

અરુણાસુરઃ 'શું તમે મને બીજો અવસર આપી રહ્યા છો, શું કામ?'

ભગવાન શિવઃ 'હું તમારી પિડા જાણું છું.'

અરુણાસુરઃ 'નહીં તમે મારી પિડા જાણતા હોત તો, મને આ પિડા આપી જ ન હોત અને તમે માતાનું વાત્સલ્ય કઈ રીતે જાણી શકો તમે તો પોતે અજન્મા છો.'

માતા પાર્વતીઃ 'અરુણાસુર તમે તમારી હદ વટાવી રહ્યા છો. ધ્યાન રહે આ દેવોના દેવ મહાદેવ છે.'

અરુણાસુરઃ 'મહાદેવ તમને એ તો યાદ જ હશે કે તમારી પહેલી પત્નીના શબને લઈને તમે કેટલો વખત ભટકી રહ્યા હતા, હવે તમારે ફરીવાર પત્નીના વિરહમાં જીવવું પડશે, મેં મારી આરાધનાથી માતા પાર્વતીને આહ્‌વાન કર્યું છે, તેઓ હવે અહીંથી નહીં જઈ શકે.'

ભગવાન શિવઃ 'અરુણાસુર તમે તમારી મૃત્યુને આમંત્રણ આપી રહ્યા છો.'

અરુણાસુરઃ 'તમે મારો વધ તો કરી જ નહીં શકો, કેમ કે બ્રહ્માજીએ મને વરદાન આપ્યું છે કે, એકપદી, દ્વીપદી, ત્રીપદી કે ચતુષ્પદી પ્રાણી મારો વધ નહીં કરી શકે,'

માતા પાર્વતીઃ 'મૂર્ખ અરુણાસુર! તમે વિચાર્યું કે હવે હું અમર છું ખરું ને? પણ તમે તમારા અહંકારમાં પ્રકૃતિની વિવિધતાને ન સમજી શકયા. તમે ભૂલી ગયા કે સંસારમાં ષષ્ટપદી પ્રાણી પણ હોય છે. હવે તમારો અંત નિશ્ચિત છે, તુરંત મહાદેવની શરણે જાઓ અન્યથા દંડીત થવાની તૈયારી કરો.'

અરુણાસુરઃ 'દેવી પાર્વતી! શું તમે મને દંડીત કરશો? હું જોઉં છું તમારી પાસે કઈ શક્તિ છે જે તમને બચાવશે.'

માતા પાર્વતીઃ 'દેવી ભ્રામરી પ્રગટ થાઓ.'

માતા પાર્વતીના આદેશથી દેવી ભ્રામરી પ્રગટ થાય છે. (દેવી ભ્રામરી ભમરાઓની દેવી)

દેવી ભ્રામરીઃ 'માતા આદેશ આપો હું તમારી શું સેવા કરી શકું.'

માતા પાર્વતીઃ 'જાઓ તમારા ભમરાઓને આદેશ આપો કે અરુણાસુરને સંસારથી મુક્ત કરે.'

માતાનો આદેશ સાંભળતાં જ દેવી ભ્રામરીના શરીરમાંથી લક્ષચોર્યાસી ભમરા નીકળ્યા અને અરુણાસુરના શરીરને વળગી પડયાં. થોડી જ ક્ષણોમાં અરુણાસુર તડપી તડપીને નિસ્તેજ થઈ ગયો.


(ક્રમશઃ)■




ઉમેશ ત્રિવેદી feedback@bombaysamachar.com

## વૈષ્ણોદેવી

### ત્રિકૂટ પર્વત પર વસેલું લાખો શ્રદ્ધાળુઓનું ભક્તિનું સ્થાન



**ભારતમાં** માતા સતીની ૫૧ શક્તિપીઠો આવેલી છે, તેમાં માતા વૈષ્ણોદેવીનો સમાવેશ થાય છે. આ મંદિર સમુદ્ર સપાટીથી ૫,૩૦૦ ફૂટ ઊંચાઇએ આવેલું છે. આ યાત્રા જમ્મુ કાશ્મીરના કટરાથી શરૂ થાય છે અને માતાના ભવન સુધી પહોંચવા માટે ૧૩ કિલોમીટર જેટલું ચઢાણ ચડવું પડે છે. આ મંદિર ત્રિકૂટ પર્વત પર આવેલું છે અને ભારતના જે સૌથી શ્રીમંત એવા પાંચ મંદિરમાં વૈષ્ણોદેવીનો સમાવેશ થાય છે.

કટરાથી શરૂ થતી યાત્રાનું પહેલું સ્ટોપ બાણગંગા આવે છે. જે દોઢથી બે કિલોમીટરના અંતરે છે. બાણગંગાથી અર્ધકુંવારીની ગૂફા સુધીનું અંતર ૪.૨ કિ.મી. છે. લોકવાયકા મુજબ અર્ધકુંવારી ગૂફામાં માતા વૈષ્ણોદેવી છૂપાઇને નવ મહિના રહ્યા હતા અને અહીં તેમણે તપસ્યા કરી હતી. આ ગૂફામાં તેઓ ભૈરોસિંહના ડરથી છુપાયા હતા. અર્ધકુંવારીથી સાંઝી છત જવાય છે અને સાંઝી છત મંદિર ભવનથી ૨.૫ કિ.મી. દૂર છે. અહીં એક હેલિપેડ પણ બનાવવામાં આવ્યું છે.

હવે માતા વૈષ્ણોદેવીના દર્શને જનારા ભક્તજનો માટે બેટરી કાર, રોપ-વે, હેલિકૉપ્ટર સેવા વગેરેની વ્યવસ્થા ઉપલબ્ધ છે. સાથોસાથ પિઠ્ઠુ (ખચ્ચર) પર પણ જઇ શકાય છે. છતાંય ઘણાં શ્રદ્ધાળુઓ આ અંતર પગપાળા જ પાર કરે છે. અહીં આવનારા શ્રદ્ધાળુઓની સંખ્યા વર્ષે દહાડે લાખોમાં નોંધાય છે.

અહીંની લોકવાયકા અને માન્યતા અનુસાર, માતા વૈષ્ણોનો જન્મ દક્ષિણ ભારતના રત્નાકર પરિવારમાં થયો હતો. બાળપણમાં તેમનું નામ ત્રિકૂટ હતું. ત્યાર પછી તેમનો જન્મ ભગવાન વિષ્ણુના વંશમાં થયો, જેનાં કારણે તેમનું નામ વૈષ્ણવી રાખવામાં આવ્યું હતું. માતા વૈષ્ણોનો જન્મ ત્રેતા યુગમાં લોકકલ્યાણ માટે થયો હતો.

બીજી એક લોકવાયકા મુજબ, એક રાક્ષસ રાજાએ બ્રહ્માજીની કઠોર તપસ્પા કરી, તપસ્યાથી પ્રસન્ન થયેલ બ્રહ્માજીએ રાક્ષસ રાજને વરદાન માગવા કહ્યું, રાક્ષસ રાજાએ વરદાન માગ્યું કે ત્રણેય લોકમાં ગર્ભમાંથી જન્મેલો કોઇ પણ જીવ તેને મારી નહીં શકે. વરદાન મેળવ્યા પછી રાક્ષસ રાજે દેવી-દેવતાઓ, ઋષિમુનિઓ અને મનુષ્યો પર અત્યાચાર કરવાનું શરૂ કર્યું. હેરાન-પરેશાન થયેલા દેવતાઓ બ્રહ્માજી પાસે ગયચા, ત્યારે તેમણે તેમને ભગવાન શંકર પાસે મોકલ્યા.

શિવે દેવતાઓને વિષ્ણુ પાસે જવા કહ્યું. ભગવાન વિષ્ણુએ રાક્ષસરાજને મારવા માટે માતા લક્ષ્મી, પાર્વતી અને સરસ્વતીને પોતાની શક્તિથી એક સ્ત્રીનું સર્જન કરવાનું જણાવ્યું. આ ત્રણેય દેવીઓએ મળીને એક નવી શક્તિનું સર્જન કર્યું, જેનું નામ વૈષ્ણવી રાખવામાં આવ્યું, તે દેવીએ રાક્ષસ રાજને મારી નાખ્યો હતો.

આ કાર્ય પૂર્ણ કરીને માતા વૈષ્ણવી ભગવાન વિષ્ણુ પાસે ગયા અને તેમને હૃદયમાં સ્થાન આપવા જણાવ્યું, વિષ્ણુએ તેમને રાજા રત્નાકરની પુત્રી તરીકે જન્મ લઇ ધર્મનું રક્ષણ કરવાનો આદેશ આપ્યો અને ખાતરી આપી કે તેઓ તેમને જરૂર મળશે. માતા વૈષ્ણવીનો જન્મ રત્નાકરને ત્યાં થયો અને નાનપણથી જ તેમણે રામ નામનું રટણ ચાલુ કર્યું હતું, જ્યારે તે મોટા થયા ત્યારે ત્રિકૂટ પર્વત પર જઇને રામની રાહ જોવા લાગ્યા. ભગવાન રામ માતા સીતાને શોધતાં શોધતાં ત્રિકૂટ પર્વત પર આવ્યા હતા, ત્યારે વૈષ્ણવીને સાથે લઇ જવાનો ઇન્કાર કર્યો હતો કે તેઓ માતા સીતાને પરણ્યાં હતાં.

પૌરાણિક કથા અનુસાર ભગવાન રામે માતા વૈષ્ણોને ચિત્રકૂટ પર્વત પર જ રાહ જોવાનું કહ્યું અને સાથે જ આશ્વાસન આપતાં કહ્યું કે, હું કળિયુગના અંતે કલ્કિ અવતાર લઇને તમને મળીશ ત્યારે તમારી સાથે જરૂર લગ્ન કરીશ, તે સમયે મારે બે પત્ની હશે એક મહાલક્ષ્મી અને બીજાં તમે, ત્યારથી માતા વૈષ્ણો ત્રિકૂટ પર્વત પર બિરાજ્યાં છે અને કલ્કિ ભગવાનની રાહ જુએ છે.

એવું પણ કહેવાય છે કે વૈષ્ણોદેવીની પવિત્ર ગૂફા એક હિન્દુ પૂજારી પંડિત શ્રીધર દ્વારા શોધાઇ હતી. દેવી વૈષ્ણવીએ સ્વપ્નમાં પૂજારીને દર્શન આપ્યા અને ત્રિકૂટ પર્વત પર આવેલી આ ગૂફાનો રસ્તો બનાવ્યો, તેમની સૂચનાઓનું પાલન કરીને પૂજારીએ યાત્રા શરૂ કરી અને આ ગૂફા શોધી કાઢી માતા વૈષ્ણોદેવીએ તેમને દર્શન આપ્યા અને તેમને ચાર પુત્ર થશે એવો આશિર્વાદ પણ આપ્યો. તેમણે શ્રીધરને આ ગૂફાના રક્ષક બનવાનું વચન આપ્યું. ત્યારથી પંડિત શ્રીધરના વંશજો આ ગૂફાની દેખરેખ કરે છે.

માતા વૈષ્ણોદેવી અને ભૈરવનાથની લોકવાયકા પણ ખૂબ જ રસપ્રદ છે. મહાયોગી ગુરુ ગોરખનાથજીએ તેમના શિષ્ય ભૈરવનાથને દેવી વૈષ્ણોએ કેટલી તપસ્યા કરી છે એ જોવા માટે મોકલ્યા હતા પણ ભૈરવનાથ પોતાનો હેતુ ભૂલી દેવીના પ્રેમમાં પડ્યો અને માતા વૈષ્ણવોને લગ્ન કરવા માટે વૈષ્ણવી ડુંગરાઓ તરફ ભાગી ગઇ, પણ ભૈરવ તેનો પીછો કરતો જ રહ્યો, ક્રોધમાં આવી દેવીએ ભૈરવનાથને મારી નાખ્યો, ભૈરવનાથને પોતાની ભૂલ સમજાઇ તો તેણે માફી માગી, દેવીએ તેને માફ કરી દીધો અને સાથે જ વરદાન પણ આપ્યું કે, દરેક યાત્રાળુઓ વૈષ્ણદેવીના દર્શન કર્યા પછી ભૈરવનાથના દર્શન કરશે તો જ વૈષ્ણોદેવીની યાત્રા પૂર્ણ થયેલી ગણાશે.

વૈષ્ણોદેવીની ગૂફામાં માતા વૈષ્ણોની મૂર્તિ સાડા પાંચ ફૂટ ઊંચા ખડકના સ્વરૂપમાં છે. આ ખડકના ઉપરના ભાગમાં ત્રણ માથા અથવા પિંડીઓ છે, જે માતા લક્ષ્મી, માતા પાર્વતી અને માતા સરસ્વતીના છે. માતા વૈષ્ણોદેવી શ્રાઇન બોર્ડની રચના ૧૯૮૬માં કરવામાં આવી, ત્યારથી આ સ્થળે લાખોની સંખ્યામાં હિન્દુઓ આવે છે.

આ મંદિરનો ઇતિહાસ એમ પણ કહે છે કે, ૧૨મી સદીમાં ડોગરા પરિવારની કુળદેવી તરીકે માતા વૈષ્ણવીનો ઉલ્લેખ છે. માતા વૈષ્ણવી ખૂબ જ દેખાવડા હતા અને ભૈરવ જેવાં લોકો તેમના રૂપથી આકર્ષિત થતા હતા. એટલે તેમણે પોતાના શરીરનો ત્યાગ કરીને શિલાનું રૂપ ધારણ કરી લીધું, અને અહીં જે ત્રણ પિંડી છે એ મહાકાલી (પાર્વતીનું સ્વરૂપ), મહાલક્ષ્મી અને મહા સરસ્વતીના રૂપમાં છે અહીં નવરાત્રિ દરમિયાન લાખોની સંખ્યામાં ભક્તો ઉમટી પડે છે. ■

# આંડાળઃ તુલસીના ક્યારામાંથી પ્રગટેલાં સંત કવયિત્રી

આતમના અજવાળે
ભાર્ગવ ઠાકર
feedback@bombaysamachar.com

ઇતિહાસનાં પાનાંઓ જ્યારે આધ્યાત્મિકતાની નોંધ લે છે, ત્યારે આઠમી સદીના દક્ષિણ ભારતનું આકાશ એક અનોખા તેજથી ઝળહળતું દેખાય છે. આ એવો કાળખંડ હતો જ્યારે ભારતવર્ષમાં ભક્તિ આંદોલન તેના પ્રારંભિક ચરણમાં આકાર લઈ રહ્યું હતું. પ્રેમ અને ભક્તિ કોઈ મંદિરોની દીવાલોમાં કેદ નહોતાં, પણ ભક્તોના શ્વાસમાં ધબકતાં હતાં. બરાબર એ જ સમયગાળામાં, તમિલનાડુના શ્રીવિલ્લિપુત્તુર ગામમાં એક અદ્ભુત ઘટના ઘટી. પરમ વૈષ્ણવ સંત વિષ્ણુચિત્ત (પેરિયાળવાર) વહેલી સવારે પોતાના બગીચામાં ભગવાન વિષ્ણુ માટે ફૂલો વીણી રહ્યા હતા, ત્યારે તુલસીના ક્યારા પાસે તેમને એક અત્યંત તેજસ્વી નવજાત બાળકી મળી. નિઃસંતાન વિષ્ણુચિત્તે દૈવી પ્રસાદ માનીને આ બાળકીને હૃદયસરશી ચાંપી લીધી અને તેનું નામ રાખ્યું 'કોદાઈ' (ગોદા), એટલે કે 'ફૂલોની સુંદર માળા'. જેમ-જેમ કોદાઈ મોટી થતી ગઈ, તેમ-તેમ પવિત્ર વાતાવરણમાં પિતાના મુખેથી સાંભળેલી શ્રીકૃષ્ણની લીલાઓએ તેના કુમળા માનસપટ પર ઈશ્વર પ્રત્યેના અખંડ પ્રેમનું એવું બીજ રોપ્યું, જે આગળ જતાં દક્ષિણ ભારતની ભક્તિ ચળવળનું સૌથી સુગંધીદાર રત્ન બનવાનું હતું.

કોદાઈનો ઈશ્વર પ્રત્યેનો પ્રેમ કોઈ સામાન્ય ભક્ત જેવો નહોતો; તે તો એક મુગ્ધાનો પોતાના પ્રિયતમ પ્રત્યેનો ઉત્કટ અને નિઃસ્વાર્થ પ્રેમ હતો. આ પ્રેમની પરાકાષ્ઠા દર્શાવતી એક રોમાંચક ઘટના રોજ ઘટતી. પિતા વિષ્ણુચિત્ત નિત્યક્રમ મુજબ જતનથી ભગવાન માટે સુગંધિત ફૂલોની માળા બનાવતા. પરંતુ કોદાઈ પિતાની ગેરહાજરીમાં એ માળા પોતાના ગળામાં પહેરી લેતી; અરીસા સામે ઊભી રહીને પોતાની જાતને પૂછતી, 'શું આ શણગારમાં હું મારા પ્રભુની દુલ્હન તરીકે શોભીશ?' અને પછી ચૂપચાપ એ માળા પાછી ટોપલીમાં મૂકી દેતી. એક દિવસ પિતાએ પોતાની દીકરીનું આ કૃત્ય પકડી લીધું. ક્રોધ અને ભયથી ધ્રૂજતા પિતાએ તે દિવસે એ એંઠી માળા ભગવાનને ન ચઢાવવાનો નિર્ણય કર્યો. પરંતુ એ જ રાત્રે ભગવાને વિષ્ણુચિત્તના સ્વપનમાં આવીને મીઠો ઠપકો આપતાં કહ્યું, 'મને તો માત્ર કોદાઈએ પહેરેલી માળા જ પ્રિય છે, તેમાં તેના સમર્પણ અને પ્રેમની સુગંધ છે.' આ દિવ્ય ઘટના પછી જ કોદાઈ 'આંડાળ' કહેવાયાં, 'આંડાળ' એટલે કે 'જેણે પ્રભુના હૃદય પર રાજ કર્યું છે એ'. દક્ષિણ ભારતમાં આંડાળ આજે પણ 'સૂડિક્કોડુત્ત સુડર્કોડી' (જેણે પહેરીને માળા અર્પણ કરી તે) તરીકે પૂજવામાં આવે છે.

કિશોરાવસ્થામાં પહોંચતા આંડાળના હૃદયમાં વિરહનો અગ્નિ પ્રજ્વલિત થવા લાગ્યો. આ વિરહમાંથી જ જન્મ્યો તમિલ સાહિત્યનો અમર ગ્રંથ 'તિરુપ્પાવૈ'. ત્રીસ પદોના આ કાવ્યમાં આંડાળ ગોપી ભાવમાં સરી પડ્યાં અને પોતાની સખીઓને વહેલી સવારે જગાડતાં ગાયું:

'માર્ગશીર્ષની આ પવિત્ર સવાર છે, હે મારી વહાલી સખીઓ! જાગો અને ચાલો સ્નાન કરવા. નંદબાબાના આંગણે પેલા શ્યામસુંદર આપણી રાહ જુએ છે.'



છેલ્લા પદમાં પોતાનો પરિચય આપતાં તેઓ કહે છે:

'શ્રીવિલ્લિપુત્તુરની કન્યા આંડાળે ગૂંથેલી આ ત્રીસ મધુર કડીઓ જે ભાવથી ગાશે, તેમના પર ક્ષીરસાગરને વલોવનાર માધવની કૃપા અવશ્ય વરસશે.'

ઉંમર સાથે આંડાળનો પ્રેમ અસહ્ય બન્યો અને તેમણે 'નાચિયાર તિરુમોળી'ની રચના કરી. જેમાં આંડાળ પોતાને શ્રીરંગમના રંગનાથની વાગ્દત્તા તરીકે કલ્પે છે અને પ્રભુના હોઠોનો સ્પર્શ પામનાર પંચજન્ય શંખને ઉદ્દેશીને ઈર્ષ્યાસભર કવિતા લખી છે:

'હે પંચજન્ય! તું કેટલો નસીબદાર છે? મારા પ્રિયતમના હોઠોનો સ્વાદ કેવો છે? શું તે કમળ જેવો મીઠો છે?'

પ્રભુને પામવાની આ ઉત્કટ ઝંખનામાં આંડાળે એક સ્વપ્ન જોયું, જે 'નાચિયાર તિરુમોળી'ના છઠ્ઠા અધ્યાય 'વારણમ આયિરમ'માં આલેખાયું છે, જે આજે પણ દક્ષિણ ભારતના લગ્નોમાં મંગળગીત તરીકે ગવાય છે. જેમાં તેમણે પોતાની સખીને સ્વપ્નનું વર્ણન કરતા અત્યંત ભાવવિભોર થઈને ગાયું:

'હે સખી! મેં જોયું કે હજારો હાથીઓનો દિવ્ય કાફલો ચાલી રહ્યો છે, ચારેકોર સુવર્ણ કળશ અને તોરણો બંધાયા છે, અને મારા નારાયણ, મારા ગોવિંદ આવીને મારો હાથ પકડી રહ્યા છે.'

આ સ્વપ્નલગ્ન, એ આંડાળના મનમાં આકાર પામેલી અદ્વૈત અનુભૂતિ હતી. યુવાવસ્થામાં પ્રવેશતા જ તેમણે સ્પષ્ટ કહી દીધું કે જો તેમનાં લગ્ન થશે તો માત્ર શ્રીરંગમના ભગવાન રંગનાથ સાથે જ થશે, અન્ય કોઈ માનવીને તેઓ વરી શકે નહીં.

આખરે એ હૃદયદ્રાવક અને ભવ્ય ઘડી આવી પહોંચી. દીકરીની હઠ અને પ્રભુના સ્વપ્નમાં મળેલા આદેશ મુજબ પિતા વિષ્ણુચિત્ત પોતાની લાડકવાયી દીકરીને દુલ્હનના અમૂલ્ય શણગારમાં સજાવીને રાજવી પાલખીમાં શ્રીરંગમ મંદિરે લઈ ગયા. મંદિરમાં ભક્તોની વિશાળ ભીડ હતી અને ચારે તરફ મંત્રોચ્ચાર ગુંજી રહ્યા હતા. જ્યારે આંડાળ ગર્ભગૃહની બરાબર સામે પહોંચ્યાં, ત્યારે અસહ્ય વિરહની ચરમસીમાએ તેમના કાંપતા હોઠોથી અત્યંત ભાવુક પંક્તિઓ સરી પડી:

'આ કાયા, આ શ્વાસ અને આ અસ્તિત્વ... માત્ર ને માત્ર તારા માટે જ સર્જાયા છે.

હે નાથ! કોઈ નાશવંત માનવી જો મને સ્પર્શ પણ કરે, તો આ પ્રાણ તત્કાળ છૂટી જશે.

વાદળોને પૂછી જો, મારી આંખો હવે તારી પ્રતિક્ષામાં સુકાઈ ગઈ છે, મારા વિરહની આગ હવે મને ભસ્મ કરી રહી છે...

હે મારા શ્રીરંગમના સ્વામી!

હવે આ તડપતી દાસીને તારા અનંત તેજમાં સમાવી લે...'

આ કવિતાના અંતિમ શબ્દો હજુ તો હવામાં ગુંજતા જ હતા, ત્યાં જ આંખોમાં જન્મોજન્મની પ્રતિક્ષા અને હોઠો પર સ્મિત સાથે, દુલ્હન બનેલી આંડાળે ભગવાન રંગનાથની મૂર્તિ તરફ ગર્ભગૃહમાં પ્રવેશ કર્યો. ભગવાન રંગનાથની મૂર્તિ તરફ પગલું માંડ્યું, ત્યારે જ એક દિવ્ય અને આંખોને આંજી દેતો પ્રકાશ પથરાયો. એક ક્ષણ માટે સમય જાણે થંભી ગયો અને જ્યારે તે પ્રકાશ હળવો થયો, ત્યારે ગર્ભગૃહમાં રંગનાથની મૂર્તિ સિવાય કોઈ નહોતું! આ પૃથ્વીની કન્યા એ પાષાણની મૂર્તિમાં હંમેશ માટે સમાઈ ગઈ.

શ્રીવિલ્લિપુત્તુરમાં આંડાળનું ભવ્ય મંદિર છે, જ્યાં ૧૯૨ ફૂટ ઊંચું ગોપુરમ આજે તમિળ સંસ્કૃતિની ઓળખ બનીને ઊભું છે અને જ્યાં દર વર્ષે માગશર મહિનામાં લાખો શ્રદ્ધાળુઓ તિરુપ્પાવૈનું પઠન કરે છે.

શું તે ખરેખર કોઈ દૈવી શક્તિ હતાં કે પછી પ્રેમની પરાકાષ્ઠાએ ભૌતિક દેહને ઓગાળી દીધો? આ રહસ્ય પર આજે પણ કાળનો પડદો પડેલો છે. પાછળ રહી ગઈ માત્ર તુલસીપત્રની શાશ્વત સુગંધ અને હવામાં ગુંજતી તેમની પ્રેમભરી કવિતાઓ. આજે બારસો વર્ષ પછી પણ જ્યારે કોઈ સ્ત્રી પોતાના હૃદયની વાત નિર્ભયપણે વ્યક્ત કરે છે, ત્યારે રાતના નીરવ અંધકારમાં શ્રીરંગમ મંદિરના ગર્ભગૃહના પટાંગણમાં તુલસીની સુગંધ અને અદૃશ્ય ઝાંઝરનો રણકાર આંડાળના શાશ્વત પ્રેમની સાક્ષી પૂરે છે. ■

# બાયાબાઈ બાવડાકૃત વિહતઆઈની વીશી (૨)

દુહાની દુનિયા
ડૉ. બળવંત જાની
feedback@bombaysamachar.com

*આઠમે પાડયો એંકાર, પુજીએ તારા પાંવ*
*દેવી કહે નો ડગું, વિઘન વાળવા વિહળી.*

*નૌમે નાવડા નાંગરિયા, સિંધવ કરે સામગરિયુ*
*ત્રણ ભવનને તાગ, વિઘન વાળવા વિહળી.*

*દહમે લાગી ડાક, સર સડી ખુંદવા સાસર*
*થર થાપ ગુંગરિયાને, વિઘન વાળવા વિહળી.*

*અગિયારમેં ઉઠી ભલી એય, હરવા જાળા ઝરડાને હર*
*ધ્રુજાવ્યા નાગ તંમર, વિઘન વાળવા વિહળી.*

*બારમે બળરામ લઈ, મશરુને તરહૂળથી મારિયો*
*પાંહળિયા દીધા શૂળ, વિઘન વાળવા વિહળી.*

*તેરમે તું તો તરી, બુઢી પણ ના બૂડી*
*પરસો આપ્યો પાસ, વિઘન વાળવા વિહળી.*

*ચૌદમે તું ચાલી, ને નોંઘણને જૈ મળી*
*વેલી જંગ જીતાવી વાળી, વિઘન વાળવા વિહળી.*

*પંનરમે બેઠી પિયાળ, ક્રોડ પવાડા તે કર્યા*
*દેવી કહે નો ડગું, વિઘન વાળવા વિહળી.*

*સોળમે સમરે સરવરાય, હોંકારો ભણે હિંદુને*
*બરકાવ્યે આવે બાય, વિઘન વાળવા વિહળી.*

*સતરમે આવે સક્તી, વરમંડળમાં વરત વધારિયા*
*કળજગને કરયો માત, વિઘન વાળવા વિહળી.*

*અઢારમેં આવ્યો અવસર, પરબત માંય બહુ પાણી*
*તાતા રેવત તારિયા, વિઘન વાળવા વિહળી.*

*ઓગણીમેં લઈ અણી, તરહુળથી તરત તાણિયા*
*નાખ્યા ઘા ભૂલે નૈ, વિઘન વાળવા વિહળી.*

*વીહમે વેરી વઘેરિયા, તૂરક તો અરદા તણી*
*સારણીયા રૂપ સધાર, વિઘન વાળવા વિહળી.*

*દેવી કરો અમ પર દયા, તું પાધરિયે પાધરા*
*બાયાબાઈ બાવડીના બોલે, વિઘન વાળવા વિહળી.*

વિહતમાતા એટલે વીશ હાથવાળી-વીશ ભૂજાળી વિસત-વિહત માતા. જોગમાયાના આ સ્વરૂપનું લોકપ્રચલિત નામ વિહતઆઈ. ચારણ અને ઈતર સમાજમાં પણ માતાજીનું આ સ્વરૂપ આરાધ્યા અને પૂજ્યા રૂપે અવલોકવા મળે છે.

ચંદ બરદાઈની સ્તુતિમાં પણ વીશ હથ્થી હંસવાહિની માતા દેઉ સુમત એવી પંક્તિ મળે છે. શક્તિ ઉપાસનાના કેન્દ્રે પંચાળમાં ઘણાં છે. ચામુંડા છે. એમ આ વિહતમાંનો, વિહતઆઈનો મઢ પણ ઘણો પ્રાચીન ગણાય છે. દૂર-દૂરથી એમની માનતા, શ્રીફળ અર્પણ કરવા શ્રદ્ધાળુ આવતા એ મારા સ્મરણમાં છે.

મારા બાલાશંકરદાદા (મારા પિતાશ્રીના મોટાભાઈ)ને પારેવાળામાં દુકાન હતી. એમના ચોપડામાં વિહતમા ચડતી કળા રાખે એવું આરંભે લખાણ લખતા. ટપાલ કે ચિઠ્ઠી આવે એમાં પણ પારેવાળાથી બાલાશંકરના જયવિહતમાં વાંચજો એમ લખતા. પુરાણ-શાસ્ત્રમાં



અષ્ટભૂજા, નવદુર્ગા જેવા સ્વરૂપોનો ઉલ્લેખ છે. વિશભૂજાવાળી દેવી એટલે વિહતઆઈ. એમની પાસે કવયિત્રી બાયાબાઈ-ચારણઆઈ સહાય રૂપે અભય માગે છે. વિઘ્નહર્તા દેવી વિહતઆઈ છે. વાળવા એટલે ટાળવા એવો અર્થ બેસે છે.

નવમી તિથિનો સંદર્ભ એવો જણાય છે કે તમે સમુની ખેપે ગયેલા અને નાવડા ન હતા આવ્યા તેને કાંઠે નાંગરવાનો ચમત્કાર કરેલો એટલે વહાણવટીઓ મધદરિયે તને ધૂપ-દીપ અને નાળિયેર અર્પણ કરે છે, પંક્તિ ત્રણે ભવનને તાગવાની પૃથ્વી-જળ અને આકાશ એમ ત્રણેયનો તાગ લેનારી માતૃશક્તિનો ઉલ્લેખ કદાચ એમાં છે.

દશમી તિથિએ ડાક-ડમરું વાગ્યા છડી પોકારાતી અને તમે ચાચર ચોકમાં પધાર્યા. એવી રીતે હે વિહતમા અમારા વિઘ્ન હરો. એકાદશીએ ભલી-કૃપાળું ભવાની ઊઠયા અને આપણાં જાળા-ઝાંખરા રૂપી કષ્ટો કાપ્યા અને નાગ તેમરને ધ્રુજાવ્યા. બારશે બલરામને સહાયભૂત થઈને ત્રિશુળથી મશરુ દૈત્યને સંહારીને એની પાંસળીઓ ભાંગી નાખી.

એમ હે વિહતમા અમારા વિઘ્નો હરવા-ટાળવા વહેલા આવશો. તેરશે તમે તારી, મારા જેવી વૃદ્ધાને ડૂબતા બચાવી. ડૂબવા ન દીધી. તમે પરચો બતાવ્યો. ચૌદમે આંકે હે માડી તું ચાલીને નવઘણને મળીને એને સહાયભૂત થયેલી. એના સૈન્યને -સંઘને-તે જીત અપાવેલી.

પંદરમે આંકે સિંહણ આરુઢ થઈને કરોડ પરાક્રમો કર્યા એના ક્રોડ પવાડા ગવાયા. પ્રોચાળ, પિયાળ સિંહનું લોકનામ છે. રવરાય એને હણી તમે અડગ રહેલા. સોળે હે મા તારા બધા સ્મરણ-સેવા-પૂજા કરે છે અને તું હિન્દુઓને હોંકારો આપે છે. તને બોલાવતા તું આવીને અમારા વિઘ્નોને ટાળજો. (ક્રમશઃ)■




**આ મિલકતના માલિક તમે જ છો અને તમારી પાસે જ રહેશે. છતાં એ વાતનોય વિચાર કરવો જોઈએ કે દાદાજીએ એવું શા માટે કર્યું...**

'એનો મતલબ તમને ફોન કરનાર તમારો ભાઈ જ હતો.'

'એટલો એ પાછો મૂર્ખ પણ નથી. પણ સંજય સંડોવાયેલો હતો જ. હું મારી ચેર પર બેસી કંઈ બોલ્યા વગર બધાને વારા ફરતી જોઈ રહી. જાણે બોલતાંની સાથે વિસ્ફોટ થવાનો હોય તેમ બધા ચૂપ હતા. સંજયથી રહી ન શકાયું. તેનો ગુસ્સો જુદી દિશામાં ફંટાયો. તેણે પપ્પાને જ આરોપી બનાવી નાખ્યા, પપ્પા ન તમે કોઈ લફરું કર્યું હોત. ન આ છોકરી આપણા ઘરમાં આવી હોત. તમારી ભૂલે અમને ક્યાંયના નથી રાખ્યા.'

'પપ્પાની સ્થિતિ વિચિત્ર હતી. અપમાન કાળજે વાગ્યું હતું તેમ છતાં તે ચૂપ રહ્યા. શી ખબર કેમ પણ સંજયે લફરું શબ્દ વાપર્યો તેનાથી હું અકળાઈ ગઈ. મારાથી કહેવાઈ જ ગયું, સંજય માઈન્ડ યોર લેંગ્વેજ અધરવાઈઝ ગેટ આઉટ. હું લફરાનું સંતાન નથી. હવે પછી મારી મમ્મીના બારામાં કંઈ બોલ્યો છો તો ઘરની બહાર કાઢતા મને જરાય દયા નહીં આવે. રત્નાકરજી આ માણસ પર મને કોઈ ભરોસો નથી. પપ્પા તમે કેમ કંઈ બોલતા નથી. સંભાળો તમારા સુપુત્રને. મને ખબર છે તમને બધાને જેટલો રસ દાદાની મિલકતમાં છે, એટલો જ રસ મને હટાવી દેવામાં છે. પણ જો હવે મને હેરાન કરવાનો પ્રયત્ન થશે તો આ બધી મિલકતનું હું ટ્રસ્ટ બનાવી નાખીશ. મને આ મિલકતમાં કોઈ રસ નથી. સો બી એલર્ટ એન્ડ વેઈટ. તમે ભલે મને તમારી દુશ્મન માનતા હો. હું હજુ તમને મારા પોતાના માનું છું. હું જલદી આ ઝંઝટમાંથી મુક્ત થવા માગું છું. મારા બોલવાની સાથે જ સોપો પડી ગયો. મેં ટ્રસ્ટ બનાવી નાખવાની વાત કરી એનાથી તો પપ્પા હેબતાઈ ગયા હતા. મારી મમ્મી સમજી ગઈ કે તે જો અત્યારે નહીં બોલે તો બાજી બગડી જશે. તેણે એકદમ હસતે મોઢે કહ્યું, 'સંજય તારામાં મેનર્સ ક્યારે આવશે? મને આજે આઘાત લાગે છે કે હું કેવા લોકો વચ્ચે બેઠી છું. તને ક્યારેય એ વિચાર આવ્યો છે કે મેં તમારા માટે શું ભોગ આપ્યો છે? તમારા પપ્પાના આગ્રહથી જ મેં તમારા માટે થઈને મારું માતૃત્વ જતું કર્યું છે એની કિંમત સમજાય છે તમને?'

'મને સમજાયું નહીં કે તે ખરેખર લાગણીથી બોલી હતી કે તેનો અભિનય હતો. અજબ ખેલ રચાયો હતો. સંજય કોઈ કારણસર ચૂપ થઈ ગયો હતો. પપ્પા સંજય સામે જોઈ રહ્યા. કુદરતે મને અજીબ સંજોગોમાં મૂકી દીધી હતી. જે લોકો મને ડરાવી ધમકાવી શકવાની હેસિયત ધરાવતા હતા તે મારી સામે માગણની જેમ બેઠા હતા. સંજય, મમ્મી અને પપ્પા ત્રણેય પોતપોતાની રીતે ગણતરીઓ માંડી રહ્યા હતા. પણ હવે બોલતા પહેલા વિચાર કરવો પડે તેમ હતો. મારું મૌન એમની ધીરજની કસોટી કરતું હતું. ખાસ સંજયની. મારે તેને વધારે ઉશ્કેરવો નહોતો. મેં રત્નાકરજી સામે જોયું અને ધીરેથી બોલી, 'સંજયભાઈ તમારા મનમાં હજુય એવું છે કે દાદાજીએ જે વિલ કર્યું એ કોઈના દબાણ કે કોઈ ખાસ કારણસર કર્યું. તો એ દબાણ કરનાર મારા સિવાય કોણ હોય? મારી એટલી હેસિયત હતી ખરી કે હું દાદાજી પર દબાણ કરી શકું? અથવા મારા માટે એવું કરનાર માણસ કોણ હોય? મને તમારી બુદ્ધિ પર દયા આવે છે. તો હું તમને ખાત્રીપૂર્વક કહું છું કે મને આ મિલકતમાં કોઈ રસ નથી. આ મિલકતના માલિક તમે જ છો અને તમારી પાસે જ રહેશે. છતાં મારે એ વાતનોય વિચાર કરવો જોઈએ કે દાદાજીએ એવું શા માટે કર્યું કે આ મિલકત તમને આપવાને બદલે મારા નામે કરતા ગયા. એવા કયા કારણો હશે જેથી તેમણે આવો નિર્ણય લીધો.' મને લાગે છે એ તમે પોતે વિચારો તો સારું આટલું બોલીને હું ચૂપ થઈ ગઈ. મેં બરાબર નોંધ્યું કે મારા બોલી લીધા પછી રત્નાકરજીના ચહેરા પર આછું સ્મિત ફૂટ્યું હતું. જોકે હું બોલી હતી તે શબ્દોનો શું અર્થ થતો હતો તે પપ્પા અને સંજય ન સમજે તેટલા નાદાન તેઓ નહોતા. સંજય અકળાયો. તે કોઈ અનાડીની જેમ બોલી પડ્યો.

'એ જે હોય તે. તારું કહેવાનું એ થાય છે કે અમે નાલાયક છીએ અને તું સારી છો એટલે દાદાએ બધું તને સોંપ્યું. ચાલ અમે બધા નાલાયક તો નાલાયક. પણ મૂળ વાત એ છે કે અમને અમારો હક્ક મળવો જોઈએ. મને ખબર છે કે તું અમને સીધી રીતે આપવાની નથી.'

'તો તમે શું કરશો? જેમ મારા ફોન પર કોઈક પાસેથી ફોન કરાવી મને મારી નાખવાની ધમકીઓ આપો છો. તો મારી નાખશો એમ જ ને?'

મારી વાત સાંભળી સંજયના મોં પર બનાવટી ગુસ્સો આવ્યો. તે મારી સામે તાડૂક્યો, 'તો હવે તું મારા પર આવા ગંદા આક્ષેપ નાખી રહી છો એમ? ક્યારે આવ્યો હતો એવો ફોન? તેં અમને શા માટે વાત કરી નથી?'

'સંજયભાઈ કયો ફોન, ક્યાંથી અને ક્યારે આવ્યો હતો એ બધી વિગતો જાણવી હોય તો હું પોલીસને ફોન કરું. એમણે બધો રેકર્ડ રાખ્યો છે.'

મને ખબર હતી કે મારી વાતની સંજય પર અસર થશે અને થઈ જ. તેના મોં પર પહેલીવાર ભય દેખાયો. પણ હજુ તે પોતાના બચાવમાં હતો. તેણે કહ્યું, 'પપ્પા તમે કંઈ નહીં બોલો? આ છોકરી મને જેલમાં મોકલવાનો પ્લાન કરી રહી છે અને તમે ચૂપ બેઠા છો?'

પપ્પાએ પુછ્યું, 'સોનુ તને કોઈ ધમકી આપતું હતું તે વાત મને કેમ નથી કરી?'

'પપ્પા હું આ ટેન્શન તમારા સુધી પહોંચવા દેવા માગતી નહોતી અને આખી ઘટના રત્નાકરજી જાણે છે. પોલીસે ઊંડા ઉતરવા ધાર્યું હતું પણ રત્નાકરજીના કહેવાથી એ મામલો આગળ વધ્યો નથી.'

હું આટલું બોલી ત્યાં તો સંજયે જોરથી કહ્યું, 'પોલીસને શા માટે અટકાવી દીધી રત્નાકરજી? તપાસ થઈ હોત તો કમ સે કમ હું આરોપમાંથી બચી ગયો હોત.' રત્નાકરજી જેવો ઠરેલ અને વિચારશીલ માણસ મેં જોયો નથી. તેમણે સંજય સામે જોયું અને કહ્યું, 'તમને જાણ ન કરી એ વાત ખરી. પણ આખીય ઘટના આખરે તો પોલીસને લગતી હતી. પોલીસની નજરમાં પહેલો શકમંદ પરિવારનો જ માણસ હોય છે. વળી વાત જો મીડિયામાં જાય તો પત્રકારો પાછળ પડી જાય જે અમે ઈચ્છતા નહોતા. સંજયભાઈ મને લાગે છે કે મારા ખુલાસાથી તમને સંતોષ થયો હશે.'

સંજય ચૂપ થઈ ગયો. રત્નાકરજીની દલીલ સામે તેને દલીલ કરવું જોખમભર્યું લાગ્યું. તેમ છતાં જે બાબત માટે તેઓ ભેગા થયા હતા તેનો ખુલાસો થાય તેવું તે ઈચ્છતો હતો. એટલે તેણે મારી સામે જોઈને પૂછ્યું, 'તો સોનલ તું વારંવાર કહ્યા કરે છે કે તને કશું જોઈતું નથી. તો શા માટે તારા હાથમાં રાખી બેઠી છે. હું ચોખ્ખું કહું છું કે મને બધું જોઈએ છે. બોલ તારે શું કરવું છે? મને આ વાતનો ફેંસલો આજે જ જોઈએ.'

મેં બધા પર નજર ફેરવી કહ્યું, 'જુઓ સંજયભાઈને આ કરોડોની મિલકતના માલિક થવાની ઉતાવળ છે. હું અંગત રીતે ઈચ્છું છું કે સંજયભાઈ દાદાજીના વારસ છે. હું અહીં આવી ત્યારે બે જણ ને જ ઓળખતી હતી. મારી મમ્મી અને પપ્પા. મારા પપ્પાની હિંમતને કારણે જ હું આજે અહીં છું. સંજયભાઈ હું તમારી લાડકી બહેન હોઈ શકત. જો તમે મને ચાહી હોત. પણ તમે કદીય મને બહેન તરીકે જોઈ જ નથી. છતાં મેં તમને હંમેશાં ભાઈ ગણ્યા છે. મેં એક વર્ષમાં આપણા ધંધાને સમજી લીધો છે. હું જે કંઈ કરું તે તમને માન્ય હશે કે નહીં તેની મને ખબર નથી પણ હું અંગત રીતે ઈચ્છું છું કે તમે મને સમય આપો. તમે મને કેટલી ઓળખો છો તેની મને ખબર નથી. પણ દાદાજી મને ઓળખી ગયા હતા. એટલે જ કદાચ એમણે મારા પર આ જવાબદારી નાખી દીધી. હું જુદી દુનિયાની છોકરી છું. હું તમારા બધા પાસે થોડો સમય માગુ છું. મને વિચારવા દો. સંજયભાઈ ખાસ કરીને તમે સાંભળી લ્યો, મારા નિર્ણયથી કદાચ તમે ખુશ ન પણ થાવ. તેમ છતાં તમારે આપણા ઝવેરી પરિવાર અને વેપારી આલમમાં આપણી શાખને ધ્યાનમાં લઈને ચાલવું પડશે. વળી અત્યારે જયભાઈ અહીં નથી. હું ઈચ્છું છું કે આપણી ચર્ચામાં તે પણ સામેલ હોવા જોઈએ.'

સોનલ બોલતા બોલતા થાકી ગઈ હોય તેમ ઊંડા શ્વાસ લેવા લાગી. સનત તેની ઊંચીનીચી થતી છાતીને જોઈ રહ્યો. સોનલે માગ્યું નહોતું તોય તેણે પાણીની બોટલ ધરી. સોનલે સ્મિત આપી પાણીના બે ઘૂંટ ભર્યા. સનતના મોં પર સાંભળવાની ઉત્સુકતા હતી. સોનલે આગળ ચલાવ્યું, 'મારા શબ્દો સંજયને ન ગમે તેવા હતા. મને સાંભળવામાં તેને રસ જ નહોતો તે વચ્ચે બોલી પડ્યો. 'સોનલ હું તારું ભાષણ સાંભળવા નથી બેઠો. પ્લીઝ મને કહી દે કે તું શું કરવા વિચારે છે. જો હું ધારું છું તેટલો હિસ્સો મને નહીં મળે તો મને નહીં ગમે. ઇટ્સ ફાઈનલ.'

'સંજયભાઈ તમારો હિસ્સો એટલે કેટલો?'

'એમ. વી.નો બધો કારોબાર મારા હાથમાં હોવો જોઈએ. મારા નામે હોવો જોઈએ. એમાં કોઈ ફેરફાર થયો તો હું સામા છેડે બેસી જઈશ. પછી મારી પાસે કોઈ આશા ન રાખતા. ચાલ નિર્મલા.' કહીને તેણે પોતાની પત્ની સામે જોયું. મને સૌથી વધુ દયા તે વખતે નિર્મલાભાભી પર આવતી હતી. નિર્મલાભાભી આમ સરળ સ્વભાવની છે. પોતાના પતિની હરકતોથી તેમને નુકસાન થશે તેવું તે સમજતી હતી. એટલે સંજય ઊભો થયો છતાં તે ઊભી ન થઈ. ખબર નહીં મારા પપ્પામાં ક્યાંથી હિંમત આવી. તેઓ ગુસ્સાભેર બોલ્યા, 'સંજય તને ભાન છે તું ક્યાં બેઠો છો અને શું બોલી રહ્યો છો? માની લે કે તું ધારે છે તેવું ન થયું તો તું શું કરી લઈશ? ગુંડાગર્દી કરતા શરમ નથી આવતી? સોનલ બેટા મેં પણ તને અન્યાય કર્યો છે તે આજે સમજાય છે. પણ કુદરતે તને ન્યાય અપાવ્યો, નહીંતર આ નાલાયક આમ બેઠો હોત ખરો?'

સંજય ગુસ્સાથી ધમધમી ઉઠ્યો. તેણે પોતાની મનમાં અમળાતી વાત કહી જ નાખી, 'પપ્પા આખીય પીડાની જડ તમે છો અને તમે અત્યારે તમારી લાડલી દીકરીનો પક્ષ શા માટે લઈ રહ્યા છો તેની મને ખબર છે. આ તમે નથી બોલતા, મમ્મી તમને બોલાવે છે. આમણે થોડીવાર પહેલા રોવા ધોવાનું નાટક કર્યું તેને હું સારી રીતે સમજું છું. તેમણે અમારા માટે કોઈ ત્યાગ નથી કર્યો. મમ્મી તમે મને એટલું કહો કે તમે પપ્પા કરતા ઘણા નાના છો. તમે ધાર્યું હોત તો તમારી ઉંમરનો માણસ તમને મળી શક્યો હોત. તો શું વિચારીને તમે એક એવા પુરુષ સાથે લગ્ન કર્યા જે ઓલરેડી બે સ્ત્રીઓ સાથે પરણી ચૂક્યો હતો? જેના ત્રણ સંતાનો હતા. પપ્પામાં તમે એવું તે શું જોયું કે તમે એમની સાથે લગ્ન કર્યા. હું નાનો નથી. મને કોઈ સમજાવશો નહીં. અમે બેય ભાઈઓ બધું સમજીએ છીએ. નિર્મલા તું આવતી હોય તો ઠીક નહીંતર હું જાઉં છું.'

કેબીનમાં સન્નાટો છોડીને સંજય ચાલ્યો ગયો.

(ક્રમશઃ)■

ચિંતન

હેમુ ભીખુ
feedback@bombaysamachar.com

# નિર્વિકલ્પ સંકલ્પ



આ પ્રશ્ન વારંવાર પુછાય છે. સામે દેખાતી ભીંત શું વાસ્તવિક છે? તેમાંથી શું આરપાર જઈ શકાય? ભીંત જ શું કામ, શું આ સૃષ્ટિ વાસ્તવિક છે કે માત્ર એક કલ્પના. જે કંઈ પ્રતિત થાય છે, જે કંઈ અનુભવાય છે, જેના અસ્તિત્વની ખાતરી થઈ શકે છે, શું આ બધું મનની કલ્પના છે કે હકીકત. જવાબ સીધો સાદો છે. આ જવાબ સંકલ્પની સવિકલ્પતા કે નિર્વિકલ્પતા પર આધાર રાખે છે.

ગીતામાં જણાવ્યા પ્રમાણે સૃષ્ટિનું સર્જન તે પરમ તત્ત્વના ‘ભાવ’થી ઉદ્‌ભવેલી માનસિક ક્રિયાનું પરિણામ છે. સમગ્ર સૃષ્ટિના સર્જન પાછળ તે પરબ્રહ્મની માનસિક લીલા કારણભૂત છે. તેમના નિર્વિકલ્પ સંકલ્પથી, તેમની અધ્યક્ષતામાં, તેમની પ્રકૃતિએ ઘનતા અનુભવી શકાય તેવી સૃષ્ટિનું સર્જન કર્યું છે. અહીં સંકલ્પે ઘનતા ધારણ કરી છે, કારણ કે સંકલ્પ પાછળ નિર્વિકલ્પતાથી ઘનતા ધારણ કરવાનો આશય હતો. કોઈપણ સંકલ્પ સાથે જ્યારે કોઈ એક જ વિચાર જોડાય ત્યારે તે વાસ્તવિકતામાં પરિણામે. જો સંકલ્પમાં સવિકલ્પતા હોય, આ કે તે માટે સંભાવના રાખવામાં આવી હોય, ક્યાંક સંશય હોય કે ક્યાંક દ્વિધા હોય, મન સ્થિર ન હોય, એક જ વિચાર માટે દૃઢ કૃતનિશ્ચયતા ન હોય, તો કશું પણ ઘનતા ન પામે. ભીંત ત્યારે જ ભીંત બને જ્યારે તેના અસ્તિત્વ માટે નિર્વિકલ્પતા જોડાઈ હોય.

સંકલ્પ એ મનની ક્રિયા છે, જ્યાં મનનું અસ્તિત્વ જ એક પરીકલ્પના તરીકે ગણાતું હોય ત્યાં તેની ક્રિયા સઘનતા કેવી રીતે પામી શકે. પણ, સૃષ્ટિના સર્જનનું આ એક મહાન સત્ય છે કે મનનો સંકલ્પ વાસ્તવમાં, હકીકતમાં હોય તે રીતે અનુભવી શકાય છે. જો અન્યની મનોસ્થિતિ પણ તે પ્રમાણેની જ હોય તો તે સંકલ્પથી પ્રતીત થતી ઘનતા અન્ય પણ અનુભવી શકે છે. સમગ્ર ખેલ મનનો છે. મન દૃઢતાથી માને તો આમ છે અને ન માને તો આમ-તેમ, બંને છે. મનની આ પ્રક્રિયામાં શ્રદ્ધા અને માન્યતા મહત્ત્વની રહે છે. મનની આ પ્રક્રિયામાં મન પ્રત્યેનો વિશ્વાસ અને મન દ્વારા જ સ્થાપિત થયેલ અપેક્ષા મુખ્ય હોય છે.

તેથી જ ગીતામાં પણ કહેવાનું છે કે, જે દેવને ભજે તે દેવને પામે, જે પિતૃને ભજે તે પિતૃને પામે, જે ભૂત ને ભજે તે ભૂતને પામે અને શ્રીકૃષ્ણને ભજનાર શ્રીકૃષ્ણને પામે. મન જ્યાં અટકે તે દિશાની ગતિ થાય. મન જે માને તે પ્રમાણેની પરિસ્થિતિ પ્રતિત થાય. મન જે વિચારને પોષણ આપે તે વિચાર પાંગરે. મનના સંકલ્પ દ્વારા જે વસ્તુ સ્વીકારી લેવામાં આવે તે વાસ્તવિક લાગે. સિદ્ધ યોગી આ સત્ય પૂર્ણતામાં સમજતા હોય છે અને તેથી જ તેઓ સંકલ્પ દ્વારા કોઈપણ પ્રકારની પરિસ્થિતિ સર્જી શકે છે અથવા તે હયાત હોય તેવી પ્રતીતિ કરાવી શકે છે. આ સંકલ્પમાં નિર્વિકલ્પતા હોય તે સ્વાભાવિક છે.

એમ કહેવાય છે કે મન જો એક જ બાબતનું સતત ચિંતન કર્યા કરે તો તે બાબત અસ્તિત્વમાં આવે. સૃષ્ટિમાં ત્રણ પ્રકારના અસ્તિત્વ છે - સ્થૂળ, સૂક્ષ્મ અને કારણ. સ્થૂળ અસ્તિત્વ પરતંત્ર છે, તેના પર સૂક્ષ્મ અને કારણ અસ્તિત્વનો પ્રભાવ હોય છે. સૂક્ષ્મ અસ્તિત્વ પર કારણ અસ્તિત્વનો પ્રભાવ હોય છે, જ્યારે કારણ-જગત સંપૂર્ણ રીતે સ્વતંત્ર છે. કારણના અસ્તિત્વ માટે તે સ્વયં કારણ બને છે. જ્યારે સૂક્ષ્મ અસ્તિત્વ માટેનું કારણ પણ કારણ-જગત છે. સ્થૂળ અસ્તિત્વની માટે સૂક્ષ્મ તેમ જ કારણ; એમ બંને પ્રકારના અસ્તિત્વ કારણગત છે. સૂક્ષ્મ ભાવના પાછળ જો કારણની ઊર્જા હોય તો સ્થૂળ પરિકલ્પના સઘનતા પામી અસ્તિત્વમાં આવે. એટલે એક પ્રકારનો વિચાર લાંબા ગાળા સુધી કરવાથી તે સ્થૂળ હકીકતમાં પરિણમી શકે.

આની માટે પૂર્વ શરત નિર્વિકલ્પતાની છે. વિચારો તો બધા કરે છે, કોઈ એક જ બાબતનું ચિંતન પણ ઘણા કરતા હોય છે; પણ તેનું પરિણામ નથી આવતું. આના મૂળમાં ક્યાંક નિર્વિકલ્પતાનો અભાવ છે. મન દ્વિધા તેમજ સંશય યુક્ત હોય, ‘થવા - ન થવા’ બાબતે કે હોવા - ન હોવા બાબતે હજુ પણ આશંકા હોય, ચિંતનની પ્રક્રિયા તથા તેના પરિણામ વિશે થોડો ઘણો અવિશ્વાસ હોય, ચિંતન યોગ્ય બાબત માટે થઈ રહ્યું છે કે નહીં તે માટે પણ મનને ખાતરી ન હોય; તો સંકલ્પ ઘનતામાં ન પરિણામે.

ત્રિપુરા રહસ્ય - જ્ઞાનખંડમાં તંગણ ઋષિપુત્રની વાત આવે છે જેમણે એક શીલાની અંદર એક અન્ય બ્રહ્માંડની કલ્પના કરી હોય છે. આ કલ્પના જાણે વાસ્તવિક બનીને તે ઋષિપુત્રને બ્રહ્માંડના વિવિધ પાસાઓની પ્રતીતિ કરાવે છે. એમ જણાય છે કે આ ઋષિપુત્ર આ બ્રહ્માંડને સાચે જ અનુભવે છે. કોઈ એક સમયે કોઈ મહાસેન રાજાને ઋષિપુત્રની સાથે તે શીલામાં પ્રવેશવાની અનુમતિ મળે છે, પણ તે પ્રવેશી શકતો નથી. આના કારણમાં ઋષિપુત્ર રાજાને સમજાવે છે કે તમારા મનમાં જે શંકા છે તેને કારણે મારા સંકલ્પનું બ્રહ્માંડ તમે અનુભવી શકતા નથી. રાજાનું મન શંકા-રહિત નિર્વિકલ્પતાને પામતાં રાજા પણ તે બ્રહ્માંડમાં પ્રવેશી શકે છે, તે બ્રહ્માંડને અનુભવી શકે છે. અહીં પણ નિર્વિકલ્પ સંકલ્પ વાસ્તવિક ઘનતામાં રૂપાંતરિત થયો હોય તેમ દર્શાવાયું છે.

મન ત્યારે જ પરિણામ આપી શકે જ્યારે તે સ્થિર હોય. મનને વિચલિત કરતી બાબતો પ્રત્યેથી મનને દૂર કરી એક ચિત્તે ચોક્કસ બાબતમાં મનને પરોવી દેવાથી સંકલ્પની સિદ્ધિ મળી શકે. સંકલ્પ સિદ્ધ થયા પછી જ તેનાથી ઉદ્‌ભવેલી ઘનતાની અનુભૂતિ થઈ શકે. મનનું નિયંત્રણ બહુ જરૂરી છે, આમ તો મનની શુદ્ધતા પણ જરૂરી છે. પણ ક્યાંક એમ લાગે છે કે અશુભ વિચારો પણ નિર્વિકલ્પતાથી ઘનતાને પામી શકે. મનના નિયંત્રણ માટે, મનની સાત્ત્વિકતા માટે, મનની પવિત્રતા માટે તેથી જ જોર અપાય છે. જો સંકલ્પ નકારાત્મક હોય તો સમગ્ર સમાજને નુકસાન થઈ શકે, પરંતુ હકીકત તો એ જ છે કે કોઈપણ પ્રકારના પરિણામ માટે મનની એક જ વિચાર પ્રત્યેની નિષ્ઠા અને તેમાં સાતત્યતા જરૂરી છે.

આમ પણ મનને મર્કટ સાથે સરખાવવામાં આવ્યું છે. તે પણ એવું મર્કટ કે જેણે મદિરાપાન કર્યું છે, જે પાગલ છે અને જેને વીંછીએ ડંખ માર્યો છે. આ પ્રકારનું મન કોઈનાં કાબૂમાં ન રહે. છતાં પણ જો સાધનાથી મન કાબૂમાં આવી જાય તો તેનો સાધન તરીકે ઉપયોગ કરી સ્વર્ગ કે નર્ક, એ બંનેની રચના થઈ શકે - અને આ સ્વર્ગ તથા નર્ક બંનેની અનુભૂતિ પણ થઈ શકે. જાણે બંને વાસ્તવમાં અસ્તિત્વમાં આવ્યા હોય - બંને સ્થૂળ સઘનતાને પામ્યાં હોય. આવું સ્વર્ગ વ્યક્તિની આકાંક્ષાઓને પણ પૂરી કરી શકે. અહીં વ્યક્તિ એ ધારેલ બાબત અસ્તિત્વમાં આવી શકે અને જે તે વ્યક્તિ તેને જે તે ઇચ્છિત રીતે ભોગવી પણ શકે. સંકલ્પની ઘનતાનું આ પ્રમાણ છે.

મૂળ પ્રશ્ન એ છે કે જ્યાં મન સ્વયં પરીકલ્પના છે ત્યાં તેના સંકલ્પથી સર્જાયેલ પરિસ્થિતિ વાસ્તવમાં કઈ રીતે હોઈ શકે. એક બાજુ આપણે સમગ્ર સૃષ્ટિને કલ્પના સમાન ગણીએ છીએ - સમગ્ર બ્રહ્માંડને ભ્રમ તરીકે સ્થાપવાનો પ્રયત્ન કરીએ છીએ, તો પછી મનના નિર્વિકલ્પ સંકલ્પ થકી સઘનતા કઈ રીતે પામી શકે. જો બધું જ પરબ્રહ્મની ભાવના સમાન જ હોય અને તેની ભાવના દૃઢ હોવાને કારણે આપણને સઘનતા પ્રતીત થતી હોય, તો પણ અંતે તો આ એક ભાવના માત્ર છે. આ ભાવનાના ભાગરૂપે આપણો આત્મા પ્રકાશિત થયો છે. આ ભાવનાના ભાગરૂપે જ મન-બુદ્ધિ-ચિત-અહંકાર અસ્તિત્વમાં આવ્યા છે અને અંતે આ ભાવનાને કારણે જ પંચમહાભૂત પરસ્પરના સંકલનથી જુદા જુદા સ્વરૂપ ધારણ કરે છે. ભાવનામય વિશ્વમાં સઘનતા ક્યાંથી શક્ય બને. પ્રશ્ન મોટો છે.


અહીં સમજવાની વાત એ છે કે ઈશ્વરના સંકલ્પથી સૃષ્ટિ અસ્તિત્વમાં આવી છે. આ સૃષ્ટિના જીવંત તત્ત્વને પોતાના સંકલ્પ માટે અધિકાર આપવામાં આવ્યો છે. આ અધિકારથી વ્યક્તિ સૃષ્ટિના સંકલ્પનો વિરોધ પણ કરી શકે, તેને ચાલુ પણ રાખી શકે, અથવા તો તેને સમાંતર હોય તેવો અન્ય વિકલ્પ પોષી શકે. સરળ એ બની રહે કે ઈશ્વરના સંકલ્પને સંકલ્પ તરીકે જોવો. એ સંકલ્પ સાથે જો તાદાત્મ્યતા કેળવાય જાય તો સંસાર સઘનતા પૂર્વકનો વાસ્તવિક જણાય. પરંતુ જો મૂળથી વિચાર કરી સંસારને સંકલ્પના પરિણામ સમાન જ જોવામાં આવે તો આ સંસાર ક્ષણભરમાં નાશ પામે. વ્યક્તિએ શું જોવું છે તે તેના હાથમાં હોય છે. ભીંત છે પણ ખરી અને નથી પણ.

જે સઘનતા અનુભવાય છે તે મનનો વ્યભિચાર છે. જે સ્થૂળ વિશ્વની પ્રતીતિ થાય છે તે ક્યાંક મનની ભાવનાનું પ્રતિબિંબ છે. હોવું કે ન હોવું એ બાબતને માત્ર પરિકલ્પના સમાન ગણી શકાય. જે અનુભવાય છે અથવા જે અનુભવાતું હોય તેમ જણાય છે તે અનેક જન્મોથી પ્રભુત્વ ધરાવતી માયાનો પ્રપંચ માત્ર છે. એમ જણાય છે કે અવિદ્યા તથા અજ્ઞાનના આવરણથી બંધાયેલ મનુષ્ય પરમકલ્પનાને સઘન માની લે છે. યુગોના એકધારા અ-સંસ્કારને કારણે જે નથી તે જોવાની આદત તો નથી પડી ગઈ છે. સંકલ્પની સઘનતા એક ભ્રમ માત્ર જ છે. ■




મુકેશ પંડ્યા
feedback@bombaysamachar.com

# આશ્રમ વ્યવસ્થા - લીકપ્રુફ અવસ્થા



બ્રહ્મચર્યાશ્રમ-ગૃહસ્થાશ્રમ-વાનપ્રસ્થાશ્રમ વ્યવસ્થા એ બાળપણ, યુવાની અને ઘડપણને લીકપ્રુફ બનાવવાની શ્રેષ્ઠ વ્યવસ્થા હતી.

થોડા દિવસો પહેલા આપણે ગુરુપૂર્ણિમા ઉજવી હતી, ત્યારે પ્રાચીન કાળમાં ગુરુ-શિષ્ય સંબંધો કેવા હતા અને એ વખતની શિક્ષણ વ્યવસ્થા કઈ રીતે લીકપ્રુફ હતી એ સમજવું રસપ્રદ થઈ રહેશે. આ સમજવા માટે એ સમયની આશ્રમ વ્યવસ્થા વિશે પણ ટૂંકમાં જાણી લેવું જરૂરી છે.

વાત એમ છે કે વૈદિકયુગમાં મનુષ્ય જીવનના સો વર્ષ વ્યવસ્થિત અને સંતુલિત રીતે જીવવા માટે આયુષ્યને ચાર ભાગમાં વહેંચી લેવામાં આવ્યું હતું, જેને ચતુરાશ્રમ કહે છેઃ બ્રહ્મચર્યાશ્રમ, ગૃહસ્થાશ્રમ, વાનપ્રસ્થાશ્રમ અને સંન્યાસાશ્રમ.

સૌપ્રથમ આવે -

બ્રહ્મચર્યાશ્રમ (૦થી ૨૫ વર્ષ ). આ સમય ભણતર અને જ્ઞાન મેળવવા માટેનો શ્રેષ્ઠ સમય બની રહેતો. એ સમયે પાંચથી પચીસ વર્ષના બાળકો, કિશોરો અને યુવાનો ગુરુકુળમાં રહીને અવનવી વિદ્યા, કળા, સંસ્કાર અને શિસ્ત શીખતા. અહીં માત્ર રોજગારલક્ષી કોર્સીસ નહીં માનવમૂલ્યોનું પ્રશિક્ષણ પણ આપવામાં આવતું હતું. માત્ર ધન ઉપાર્જન જ નહીં પરંતુ તન, મન અને આત્મા વિશેનું જ્ઞાન પણ આ અવસ્થામાં આપવામાં આવતું. માબાપ પોતાના સંતાનને જન્મથી લઈને પાંચ સાત વર્ષ ઉછેરતા. તેને પ્રાથમિક જ્ઞાન આપતા પણ પછી કોઈ સબળ ગુરુના માર્ગદર્શન અને શિક્ષા પ્રાપ્તિ અર્થે બાળકોને નજીકના વન ઉપવનમાં આવેલા આશ્રમમાં મોકલવામાં આવતા.

શિક્ષણ પ્રાપ્તિ માટે જે એકાગ્રતા જોઈએ એ અહીંના શાંત વાતાવરણમાં મળી રહેતી. વળી કુદરતના સાંનિધ્યમાં

નિરીક્ષણ શક્તિ સોળે કળાએ ખીલી ઉઠતી. શિસ્તમય જીવનના પાઠ શીખવા મળતા.

આજે જ્યારે ભૌતિક યુગમાં નાની ઉંમરમાં જ બાળકોના હાથમાં મોબાઈલ આવી જાય છે ત્યારે એ ન જોવાનું પણ જોઈ લે છે. ગૃહસ્થાશ્રમમાં શીખવા અને આચરવા જેવી વાતો બાળપણમાં અને કિશોરાવસ્થામાં જ શીખવા લાગે છે. શિક્ષણ એનો આરાધ્ય દેવ બનવો જોઈએ એની બદલે પ્રેમ, સેક્સ અને પૈસો જ તેના માટે પરમેશ્વર બતી જાય છે. એ પોતાના માબાપને, વડીલોને ગૃહસ્થાશ્રમ ભોગવતા જુએ છે. અર્થ અને કામ માટે પુરુષાર્થ કરતા જુએ છે અને તેની લર્નિંગ પ્રોસેસમાં બાધા ઉત્પન્ન થાય છે. ધંધા કે વ્યવસાયમાં ટકી રહેવા માટે આચરવામાં આવતા જૂઠાણાંનો સાક્ષી બને છે. પૈસા માટે કોઈ પણ હદ સુધી પહોંચતા લાલચુઓને જુએ છે, આજીવિકા રળવા માટે થઈને ભ્રષ્ટ આચાર કરતા લોકોને જુએ છે. શારીરિક ક્ષુધા સંતોષવા હવાતિયાં મારતાં લોકોને જુએ છે. એને તો એમ જ લાગે છે કે આ જ મારું જીવન છે અને મારે પણ મોટા થઈને આવી જ અર્થ અને કામલક્ષી પ્રવૃતિઓમાં જોતરાવાનું છે. આજે તો પૈસા આપીને પેપર ફોડાવવા કે પૈસા દબાવીને નોકરી પાકી કરી લેવી એ ભ્રષ્ટાચાર નહીં પણ શિષ્ટાચાર ગણાય છે. નવી પેઢી પણ જૂની પેઢીના કરતૂતોનું અનુસરણ કરવા જ પ્રેરાય છે.

**પરંતુ આ તો થઈ સમસ્યા પણ આનું સમાધાન શું?**

આનું નિરાકરણ એ જ છે કે વિદ્યાર્થીઓને ગૃહસ્થાથાશ્રમ એટલે કે ૨૬થી ૫૦ વર્ષનું આયુષ્ય ભોગવતા સંસારી લોકોથી દૂર ભણાવવા મોકલવો જ્યાં એને પૈસાની જાણકારીની સાથે સાથે પરમ તત્ત્વનું જ્ઞાન પણ મળે. જ્યાં એને શરીરની સાથે સાથે મન અને આત્માના વિકાસની ચાવી પણ જડી જાય. જ્યાં એને સમગ્ર બ્રહ્મની ચર્યા (શોધ) કરવાની તક મળી જાય. એને જ તો બ્રહ્મચર્યાશ્રમ કહેવાય છે. આ પ્રવૃત્તિ માટે સંસારી લોકોથી દૂર વન જેવા પ્રકૃતિ છલોછલ સ્થાનમાં રહેલા આશ્રમમાં ભણવા જવું એ વૈદીક યુગની શ્રેષ્ઠ વ્યવસ્થા હતી.

હવે ભ્રષ્ટાચાર રહિત ભણતર માટે સ્થાન તો મળી ગયું પણ ભ્રષ્ટાચાર રહિત શિક્ષકો લાવવા ક્યાંથી? આનો ઉપાય પણ આપણી આશ્રમ વ્યવસ્થામાંથી જ મળી રહે છે સાહેબ તમે ચિંતા શા માટે કરો છો? આનો શ્રેષ્ઠ ઉપાય છે વાનપ્રસ્થાશ્રમ.

યસ વાનપ્રસ્થાશ્રમ.

**હવે વાનપ્રસ્થાશ્રમ એટલે શું એ પહેલા સમજીએ.**

વાનપ્રસ્થાશ્રમનો સમય છે આયુષ્યના ૫૧ થી ૭૫ વર્ષ. આ સમય મોહ-માયા અને સંસારની જવાબદારીઓમાંથી ધીમે-ધીમે મુક્ત થવાનો છે.

પોતાના સંતાનોને ઘરબાર અને કારભાર સોંપીને ઈશ્વર ભક્તિ અર્થે વનમાં કે શાંતિમાં સમય વિતાવવાનો છે.

હવે તમે જ વિચાર કરો કે બ્રહાચર્યાશ્રમ પાળતા વિદ્યાર્થીઓને પૈસા કમાવાની જરૂર નથી હોતી અને વાનપ્રસ્થાશ્રમ પાળતા વડીલોને પૈસા કમાવાનું ટેન્શન નથી હોતું તો ભ્રષ્ટાચારની શક્યતાઓ કેટલી બધી ઘટી જાય. માત્ર એક વર્ગને જ્ઞાન લેવું છે અને બીજા વર્ગને પોતે જે ૫૦ વર્ષ સુધી જે શીખ્યો છે તે બીજાને શીખવાડવું છે. બન્ને વર્ગ એવા છે જ્યાં અર્થ (પૈસો) અને કામ (જાતિયતા - સેક્સ) માટે સ્થાન નથી. જ્યાં સ્વાર્થ નથી પરંતુ જ્ઞાન અને સંસ્કારની આપ-લે માટે વધુ સમય છે. વધુ અનુકૂળતા છે. આમ સંસારથી દૂર રહેતા બ્રહ્મચર્યાશ્રમ અને વાનપ્રસ્થાશ્રમ પાળતા લોકો ભ્રષ્ટાચાર રહિત જીવન સરળતાથી જીવી શકે છે. લીકપ્રુફ વ્યવસ્થા ઊભી કરી શકે છે અને હા આનો ચેપ ગૃહસ્થાશ્રમને પણ લાગી શકે છે. જેમ લોખંડના સળિયાને બન્ને બાજુથી ગરમ કરીએ તો વચ્ચેનો ભાગ પણ ગરમ થયા વગર રહે નહીં. આ જ રીતે આપણા જીવનનો પ્રથમ તબક્કો (૫થી ૨૫ વર્ષ) અને ત્રીજો તબક્કો (૫૧થી ૭૫ વર્ષ) લીકપ્રુફ હોય તો ગૃહસ્થાશ્રમનો બીજો તબક્કો (૨૬થી ૫૦ વર્ષ) પણ લીકપ્રુફ બનવાની શક્યતાઓ વધી જાય છે.

આમ આપણી આશ્રમ વ્યવસ્થા એ બાળપણ, યુવાની અને ઘડપણને લીકપ્રુફ બનાવવાની શ્રેષ્ઠ વ્યવસ્થા હતી.

ત્યાર બાદ આવે છે સંન્યાસાશ્રમ,જ્યાં અહમ કરતા પરમનું મહત્ત્વ વિશેષ હતું.

જે સુપ્રીમ એનર્જી (ઇશ્વર) પાસેથી આવ્યા છીએ ત્યાં પાછા ફરવાની (મોક્ષ)ની ઈચ્છા વધુ પ્રબળ બનતી પરંતુ મોક્ષ ન મળે અને બીજો જન્મ થાય તો એ જન્મારો પણ સુધરી જતો.

હાય રે નસીબ! આપણે સનાતન ધર્મ ભૂલ્યા! તેની ઉપેક્ષા કરી. હે પ્રભુ બની શકે તો અમને માફ કરજે! ■

સંત વાણી

મહેશકુમાર મકવાણા
feedback@bombaysamachar.com

# અકલિત માયાનો આયનોઃ સંત અનવર સાહેબનું આત્મદર્શન...

સૌરાષ્ટ્ર અને ગુજરાતની ભક્તિ પરંપરામાં ભિન્ન ભિન્ન ધારાના સંતોએ આધ્યાત્મિક જાગૃતિનું બહુ મોટું કાર્ય કર્યું છે. આ જ પરંપરામાં સૂફી મસ્તી અને વેદાંતના જ્ઞાનનો જ્યાં એક વિલક્ષણ સમન્વય જોવા મળે છે તેવા પ્રખર સંત કવિ એટલે અનવર સાહેબ (અનવરકાજી). તેમની વાણીમાં જ્ઞાન, ભક્તિ અને વૈરાગ્યનો અદ્‌ભુત ત્રિવેણી સંગમ અનુભવાય છે. તેમનાં ભજનો સાધકની આંતરિક યાત્રાના ભોમિયા સમાન માર્ગચિહ્નો છે. અનવર સાહેબની આ વાણીમાં જીવનું પરમાત્મા તરફનું ગૂઢ આકર્ષણ અને આંતરિક શરણાગતિ પ્રગટ થાય છે.

*તેરી અકલિત માયા, તેરા ભેદ કિસીને ન પાયા . ટેક*
*જો સમજ્યા સો હુવા દીવાના, જો મૂરખ સો ડાયા,*
*તુજસે મિલિયા સબસે બિગડા, એ કૈસા રંગ લાયા . નાથ તેરી.*
*સત ચલે વો સબકા વેરી, પાખંડી શિર છાયા,*
*જ્ઞાની કી કોઇ બાત ન માને, જુઠે જગ ભરમાયા . નાથ તેરી .*
*ખરે મારગે કોઈ સંત સિધાવે, જુઠે સબ કોઇ ધાયા,*
*નઝરબંધી કા ખેલ જગત મેં, તુંને ઠીક બનાયા. નાથ તેરી .*
*સ્વર્ગ નરક ઔર દેવલોક મેં, તું હે આપ સમાયા,*
*તુજ બિન મુજકો તીન લોક મેં, કોઇ નઝર નહીં આયા. નાથ તેરી.*
*મોક્ષ પદારથ તું હી પાવે, સ્વર્ગ ભી તુંને પાયા,*
*નરક કુંડમેં આપ સમાવે, કૈસા ભેદ રચાયા... નાથ તેરી .*
*સબકે ઘટ મેં તું હૈ પરગટ, તેરી હૈ સબ માયા,*
*જ્ઞાની તેરા જૂના સંગી, ફેર મિલન કો આયા . નાથ તેરી .*

અનવર સાહેબની આ વાણીનો પ્રારંભ જ ઈશ્વરની અકળ અને અગમ્ય માયાના સહજ સ્વીકાર સાથે થાય છે. તેઓ કહે છે કે, હે નાથ! આ સંસારમાં તમારી માયા એવી અકળ છે કે તેનો ભેદ કોઈ પામી શકતું નથી. સંસારનો આ કેવો ઊલટો નિયમ છે કે જે માણસ તત્ત્વને સાચા અર્થમાં સમજી ગયો તે પ્રભુના પ્રેમમાં પાગલ એટલે કે દીવાનો થઈ ગયો. જ્યારે જેને આ જગત બહુ ડાહ્યો ગણે છે, તે અસલમાં આધ્યાત્મિક દૃષ્ટિએ મૂરખ સાબિત થાય છે કારણ કે તે ભૌતિક મોહમાં રચ્યોપચ્યો છે. જે જીવ પરમાત્માના રંગે રંગાયો, તેના સંબંધો સંસારના સ્વાર્થ સાથે બગડી ગયા. તેઓ આશ્ચર્ય સાથે કહે છે કે, હે પ્રભુ! તમે આ પ્રેમનો કેવો અદ્‌ભુત રંગ જમાવ્યો છે!



માનવ સ્વભાવની નબળાઈ અને કળિયુગની વાસ્તવિકતા દર્શાવતા સંત કહે છે કે, આ જગતમાં જે માણસ સત્યના માર્ગે ચાલે છે તે ‘સબકા વેરી’ એટલે કે આખી દુનિયાનો દુશ્મન બની જાય છે. જ્યારે ઢોંગી અને પાખંડી લોકો પર આખો સમાજ આદરની છાયા રાખે છે. કોઈ સાચા જ્ઞાની પુરુષની આત્મકલ્યાણની વાત સાંભળવા તૈયાર નથી, આખું જગત જૂઠાણાં અને અફવાઓ પર ભ્રમિત થઈને દોડી રહ્યું છે. આ પંક્તિઓ આજના યુગમાં પણ એટલી જ સચોટ રીતે લાગુ પડે છે.

ત્યારબાદ અનવર સાહેબ સંસારની આંધળી દોટ પર પ્રકાશ પાડે છે. ‘ખરે મારગે કોઈ સંત સિધાવે’ એટલે કે સંતો હંમેશાં સત્ય અને ભક્તિના કઠિન માર્ગ પર ચાલે છે, જ્યારે સામાન્ય અન્ય લોકો અસત્ય અને મોહ-માયાના જૂઠા માર્ગે આંધળી દોડ મૂકે છે. તેઓ આ આખી સૃષ્ટિને જાદુગરના ‘નજરબંધીના ખેલ’ સાથે સરખાવે છે. જેમ જાદુગર નજરબંધી કરીને ભ્રમ પેદા કરે છે, તેમ આ સંસારની માયા પણ નાશવંત વસ્તુઓને કાયમી સુખ હોવાનો ભ્રમ પેદા કરે છે.

વાણીનો ઉત્તરાર્ધ ખૂબ જ સકારાત્મક અને સર્વવ્યાપી આધ્યાત્મિક દર્શન તરફ લઈ જાય છે. અનવર સાહેબ કહે છે કે સ્વર્ગ, નરક કે દેવલોક આ ત્રણેય લોકમાં માત્ર તમે જ વ્યાપેલા છો. જ્યારે આત્મજ્ઞાનની દૃષ્ટિ ખૂલે છે ત્યારે ત્રણેય લોકમાં પરમાત્મા સિવાય બીજું કંઈ નજર આવતું નથી. આ રહસ્યને વધુ ઊંડું કરતા તેઓ કહે છે કે મોક્ષનું પરમપદ પણ તું જ છે અને સ્વર્ગનું સુખ પણ તારાથી જ છે. અરે, જ્યાં સનાતન દંડની કલ્પના છે એ નરકકુંડમાં પણ તું પોતે જ સમાયેલો છે! હે નાથ, આ તમે કેવો અકલ્પનીય ભેદ રચ્યો છે!

અંતિમ ચરણમાં અનવર સાહેબ સુંદર આત્મમિલનની વાત કરે છે. દરેક જીવના હૃદયમાં તું જ પ્રગટ છે અને આ બધી તારી જ માયાની છાયા છે. ‘જ્ઞાની તેરા જૂના સંગી’ એટલે કે આપણો આત્મા એ કોઈ નવો નથી, પણ એ પરમાત્માનો જ પરમ પ્રાચીન અને શાશ્વત સંગી છે. અનેક જન્મોના ફેરા અને સંસારની ભુલભુલામણી વટાવીને, આ જીવ ફરી પાછો આજે પોતાના મૂળ ઘર તરફ, પોતાના પ્રભુ સાથે એકાકાર થવા માટે આવ્યો છે. આજના ભૌતિકવાદી અને માનસિક અશાંતિના યુગમાં, અનવર સાહેબની આ વાણી આપણને રોજિંદી દોડધામ વચ્ચે થોડીવાર થોભીને આપણી અંદર બેઠેલા એ ‘જૂના સંગી’ને ઓળખવાની પ્રેરણા પૂરી પાડે છે. ■

ગીતા મહિમા

સારંગપ્રીત
feedback@bombaysamachar.com

# મનની માન્યતાઓ છોડ, અર્જુન!

ગત અંકમાં મોહનું પ્રેરક બળ છોડવાની પ્રેરણા આપીને હવે ભગવાન કૃષ્ણ મનની માન્યતાઓ છોડીને ભગવાનની શરણાગતિનું માહાત્મ્ય સમજાવે છે.

મન એક અદ્‌ભુત સર્જક છે. તે ક્ષણોમાં જ વિચારોના મહેલો બાંધી દે છે અને ક્ષણોમાં જ ધ્વસ્ત કરી દે છે. ઘણી વાર આપણે મનમાં કોઈ કલ્પના ઊભી કરીએ છીએ, કોઈ માન્યતા બનાવી લઈએ છીએ, અને પછી તેને સત્ય માનીને જીવી લઈએ છીએ, પરંતુ જીવનનો અનુભવ વારંવાર એક જ પાઠ શીખવે છે, મનની માન્યતાઓ અને મનના તુક્કાઓ સર્વત્ર સત્ય નથી. તે હજી કલ્પનાઓ છે.

લૌકિક જીવનમાં જ જોઈએ તો માત્ર મનમાં વિચારી લીધાથી કોઈ કાર્ય પૂર્ણ થતું નથી. વિદ્યાર્થી માત્ર કલ્પના કરે કે હું વિદ્વાન બની ગયો છું, તો તે વિદ્વાન બની જાય નહીં. ખેડૂત મનમાં વિચારે કે પાક તૈયાર થઈ ગયો, તો ખેતરમાં અનાજ ઊગી ન આવે. વેપારી મનમાં નક્કી કરી લે કે ધંધો વધી ગયો, તો વેપાર આપોઆપ ફળતો નથી. લૌકિક જગતમાં પરિણામ માટે વાસ્તવિક પરિશ્રમ, યોગ્ય



માર્ગદર્શન અને ધીરજ જરૂરી છે.

પરંતુ મનની એક બીજી ચતુરતા છે, તે આપણને ભ્રમમાં રાખે છે. એનાથી માણસ ઘણીવાર પોતાની સાચી આંતર ચેતનાને ઢાંકીને પોતાની અસત્ય માન્યતાઓને જ સત્ય ગણે છે કે તેને લાગે કે મને બધું સમજાઈ ગયું છે, તેને લાગે કે હું સાચા માર્ગે જ છું. હકીકતમાં તે મનના તુક્કા હોય છે. જીવનની ધરતી પર જ્યારે સાચી પરિસ્થિતિઓ આવે છે, ત્યારે આ માન્યતાઓ તૂટી પડે છે.

અધ્યાત્મનો માર્ગ તો વધારે સૂક્ષ્મ અને ગંભીર છે. અહીં મનની કલ્પનાઓથી ચાલતું નથી. અહીં તો અનુભવ, શાસ્ત્ર અને સત્પુરુષના માર્ગદર્શનની જરૂર પડે છે. મન કહે કે હું પહોંચી ગયો, પરંતુ આત્મજ્ઞાનનો માર્ગ મનની ઘોષણાથી પૂર્ણ થતો નથી. મન કહે કે મને ભગવાનનું સ્વરૂપ સમજાઈ ગયું છે, પરંતુ ભગવાનનો અનુભવ તો વિનમ્રતા, સાધના અને કૃપાથી જ થાય છે.

માણસ મનને જે ગમે તે ગોઠવી લે છે. ક્યારેક તે આળસને આધ્યાત્મિક શાંતિનું નામ આપે છે, તો ક્યારેક અહંકારને આત્મસન્માન કહી દે છે. મન પોતાની જ રચનાઓમાં એટલું મગ્ન થઈ જાય છે કે સાચો માર્ગ દેખાતો નથી.

આ કારણે જ સંતો અને શાસ્ત્રો વારંવાર ચેતવણી આપે છે કે મનની બનાવેલી માન્યતાઓને અંતિમ સત્ય ન માનો. સત્યનો માર્ગ મનગમતો નહીં, પરંતુ સત્યગમતો હોય છે. તે માર્ગ પર ચાલવા માટે પોતાના મનને પણ પ્રશ્ન કરવો પડે છે. હા, જ્યારે માણસ પોતાની માન્યતાઓને એક બાજુ મૂકી અને સત્યને સ્વીકારવા તૈયાર થાય છે, ત્યારે જ અધ્યાત્મનાં દ્વાર ખૂલે છે. ત્યાંથી આગળનો પથ મનનો તુક્કો નહીં, પરંતુ અનુભવનો પ્રકાશ માર્ગ બતાવે છે.

પ્રમુખ સ્વામી મહારાજ સમજાવતાં કે મન વિચારોનું ઘર છે. ભગવાનના સ્વરૂપ સુધી પહોંચવા માટે મનની ગલીઓમાંથી બહાર નીકળવું પડે. કારણ કે જે મનની માન્યતાઓ લૌકિક જીવનમાં પણ સફળ થતી નથી, તે અધ્યાત્મના દિવ્ય માર્ગમાં કેવી રીતે સફળ થઈ શકે?

સાચો માર્ગ એ છે, જે મનના તુક્કા નહીં, પરંતુ અંતિમ સત્ય હોય અને આ સત્ય એક પરમાત્માની સાચી શરણાગતિથી જ પ્રાપ્ત થાય છે. ભગવાન કૃષ્ણ અર્જુનને કહે છે

બધાં મનના આધાર અને માન્યતાઓ છોડીને મારા એકના આશ્રયમાં આવ; હું તને તમામ પાપોથી મુક્ત કરી દઈશ.

આ વચનમાં એક વિશેષ શબ્દ છે ‘મામેકં’. તેનો અર્થ છે માત્ર એક ભગવાન. જ્યારે ભક્તનો આશરો એક જ પરમાત્મા પર સ્થિર થઈ જાય છે, ત્યારે મનમાં દ્વંદ્વ રહેતું નથી. ભક્તિમાં સ્થિરતા આવે છે, અને જીવનમાં દિશા સ્પષ્ટ થાય છે.

શરણાગતિનો અર્થ માત્ર મૌખિક રીતે ‘હું ભગવાનનો છું’ એવું કહેવું નથી. તેનો સાચો અર્થ છે હૃદયથી સ્વીકારવું કે મારા જીવનનો આશરો, રક્ષણ અને માર્ગદર્શન માત્ર ભગવાન જ છે. જ્યારે મનુષ્ય ભગવાનને પોતાના માનીને તેમના આશ્રયમાં રહે છે, ત્યારે તેની અંદર એક આંતરિક પરિવર્તન શરૂ થાય છે. મન ધીમે ધીમે પાપ તરફ જતું અટકે છે અને સદાચાર તરફ વળે છે.

મહંત સ્વામી મહારાજ જણાવે છે કે જે જીવ ભગવાનને સર્વોપરી માનીને તેમની શરણાગતિ સ્વીકારે છે અને તેમના આજ્ઞા-ઉપદેશ મુજબ જીવન જીવે છે, તે ધીમે ધીમે માયાના બંધનોથી પર થાય છે. આવી શરણાગતિ જીવને અંતે અક્ષરધામ સુધી પહોંચાડે છે. ■

# કૉમનવેલ્થ ગેમ્સના વૈશ્વિક મંચ પર ભારતનો દબદબો

## બૉક્સિંગના વિજેતાઓને નાયબ મુખ્ય પ્રધાન હર્ષ સંઘવીએ મેડલ અર્પણ કર્યા

ગ્લાસગો: સ્કૉટલૅન્ડના ગ્લાસગોમાં યોજાયેલી કૉમનવેલ્થ ગેમ્સમાં ભારત અને ખાસ કરીને ગુજરાત માટે એક અત્યંત ગૌરવપૂર્ણ અને ઐતિહાસિક ક્ષણ સર્જાઈ છે. વૈશ્વિક કક્ષાની આ રમતગમત સ્પર્ધામાં ભારતીય ખેલાડીઓએ બૉક્સિંગમાં અદ્ભુત દેખાવ કરીને કુલ ૧૦ મેડલ જીતી દેશનું નામ આંતરરાષ્ટ્રીય સ્તરે રોશન કર્યું છે. આ ગૌરવશાળી અવસરે ગુજરાતના નાયબ મુખ્ય પ્રધાન હર્ષ સંઘવીએ વૈશ્વિક મંચ પર ઉપસ્થિત રહી વિજેતા ભારતીય રમતવીરોને મેડલ પ્રદાન કરી સન્માનિત કર્યા હતા.

**'ભારત માતા કી જય...'ના નારા**

મેડલ સેરેમનીમાં ભારતીય બૉક્સરોને મેડલ એનાયત કરતી વખતે સમગ્ર સ્ટેડિયમમાં 'ભારત માતા કી જય...'ના નારા ગુંજી ઊઠ્યા હતા. બૉક્સિંગમાં



બૉક્સર અંકુશ પંઘાલને મેડલ આપ્યા પછી હર્ષ સંઘવી

ભારતીય ખેલાડીઓના આ શાનદાર પ્રદર્શન અને ઐતિહાસિક સિદ્ધિએ રમતગમત પ્રેમીઓમાં ભારે ઉત્સાહનો સંચાર કર્યો છે.

શનિવારનો દિવસ ભારતીય સ્પોર્ટ્સના ઇતિહાસમાં સુવર્ણ અક્ષરે અંકિત થઈ ગયો છે. પહેલાં મહિલા મુક્કાબાજોએ અને પછી પુરુષ બૉક્સરોએ ભારતને ગોલ્ડ મેડલ અપાવ્યા હતા.

**મેડલ પહેરાવવાની પળ ગૌરવપૂર્ણ: હર્ષ સંઘવી**

આ ગૌરવપૂર્ણ પ્રસંગે વાતચીત કરતા નાયબ મુખ્ય પ્રધાને જણાવ્યું હતું કે, 'આપણા ખેલાડીઓની આ સિદ્ધિ માત્ર મેડલ પૂરતી મર્યાદિત નથી, પરંતુ આપણા દેશના યુવાનોની મહેનત, સમર્પણ અને જુસ્સાનું પ્રતીક છે. આંતરરાષ્ટ્રીય મંચ પર આપણા ખેલાડીઓને મેડલ પહેરાવવાની અને રાષ્ટ્રધ્વજને ઊંચો લહેરાતો જોવાની ક્ષણ અત્યંત ગૌરવપૂર્ણ અને રોમાંચક છે.' ■

# કૉમનવેલ્થમાં ભારતના ૩૯ મેડલ-વિજેતાઓ કોણ?

ગ્લાસગો: કૉમનવેલ્થ ગેમ્સમાં ભારત રવિવાર મોડી સાંજ સુધીમાં ૧૩ ગોલ્ડ, ૧૭ સિલ્વર, નવ બ્રૉન્ઝ સહિત કુલ ૩૯ મેડલ જીતીને ચોથા નંબરે રહ્યું હતું. પહેલા ત્રણ ક્રમે આ દેશો હતા: (૧) ઑસ્ટ્રેલિયા (૭૦ ગોલ્ડ સહિત કુલ ૧૭૦ ચંદ્રક) (૨) ઇંગ્લૅન્ડ (૨૯ ગોલ્ડ સહિત ૧૧૦ ચંદ્રક), (૩) કૅનેડા (૧૯ ગોલ્ડ સહિત ૬૨ ચંદ્રક).

ભારતના મેડલ વિજેતા: બૉક્સિંગમાં પ્રીતિ પન્વાર (ગોલ્ડ), જૈસમિન લમ્બોરિયા (ગોલ્ડ), સાક્ષી ચૌધરી (ગોલ્ડ), પ્રિયા ઘંઘસ (ગોલ્ડ), અરુંધતી ચૌધરી (ગોલ્ડ), સચિન સિવાચ (ગોલ્ડ), અંકુશ પંઘાલ (ગોલ્ડ), જાદુમણી (સિલ્વર), નરેન્દર બેરવાલ (સિલ્વર), લવલીના (સિલ્વર). વેઇટલિફ્ટિંગ: મીરાંબાઈ ચાનુ (ગોલ્ડ), ઋષિકાંત (સિલ્વર), મુથુપંડી (સિલ્વર), જ્ઞાનેશ્વરી (સિલ્વર), અજય બાબુ (સિલ્વર), હરજિન્દર કૌર (સિલ્વર), લવપ્રીત સિંહ (સિલ્વર), બિંદિયારાની (બ્રૉન્ઝ). ઍથ્લેટિક્સ: શર્મિલા (ગોલ્ડ), ગાવિત (ગોલ્ડ), સોમન રાણા (ગોલ્ડ), નીરજ ચોપડા, સર્વેશ, કુશારે, ગુલવીર, બેસિલ, જુયલ, ચિત્રાવેલ, (તમામ સિલ્વર), શિલ્પા તેમ જ સીમા, તેજસ્વિન, યશવીર, સેલ્વા પ્રભુ, ગુલવીર (તમામ બ્રૉન્ઝ). જૂડો: અસ્મિતા તથા હર્ષ (બન્ને ગોલ્ડ), યામિની (સિલ્વર), ઉન્નતિ (બ્રૉન્ઝ). પૅરા પાવરલિફ્ટિંગ: ઝંડુ કુમાર (બ્રૉન્ઝ).

# ક્લોઝિંગમાં ભારતીય સંઘની આગેવાની 'ગોલ્ડન ગર્લ' બૉક્સર જૈસમિનને સોંપાઈ

ગ્લાસગો: અહીં ગઈ કાલે ૨૩મી કૉમનવેલ્થની પૂર્ણાહુતિનો સમય નજીક આવી બાદ મધરાત પછી આયોજિત ક્લોઝિંગ સેરેમની દરમ્યાન ગર્વ સાથે પરેડમાં ભાગ લેનાર ભારતીય સ્પર્ધકોના નેતૃત્વની જવાબદારી ગોલ્ડ મેડલ-વિજેતા મુક્કાબાજ જૈસમિન લમ્બોરિયાને સોંપવામાં આવી હતી. ૨૦૩૦ની કૉમનવેલ્થ ગેમ્સ અમદાવાદમાં યોજાશે એટલે ભારતીય સ્પર્ધકોએ ગર્વભેર આગામી યજમાનના માન-સન્માન સાથે ગ્લાસગોમાંથી વિદાય લેવાની તૈયારી કરી દીધી હતી.



જૈસમિન સહિત ભારતની મેડલ વિજેતા બૉક્સર.

આ વખતની કૉમનવેલ્થ ગેમ્સમાં ૭૪ દેશના ઍથ્લીટોએ ભાગ લીધો હતો. ક્લોઝિંગ સેરેમનીની સાથોસાથ ભારતને ૨૦૩૦ની યજમાની આપવા વિશેની જે 'હૅન્ડઓવર સેગમેન્ટ' ઇવેન્ટનું આયોજન થયું હતું એમાં અરસપરસનાં મૂલ્યો, સંસ્કૃતિ તથા એકમેક સાથેના વિવિધ સ્તરિય સંબંધો પર પ્રકાશ પાડવામાં આવ્યો હતો. ■

# ઈન્ડિયાના નકશામાંથી ઈશાન ભારત ગાયબ કેમ છે?: બૉક્સર લવલીનાએ રેસ્ટોરાંના માલિકનો ઊધડો લીધો

## ગ્લાસગોની હૉટેલના નેપકિન પરની ક્ષતિ બદલ મુક્કાબાજે ધમાલ મચાવી: રેસ્ટોરાંના માલિકે ભૂલ સુધારી લેવા ખાતરી આપી

ગ્લાસગો: કૉમનવેલ્થ ગેમ્સમાં ભારતીય બૉક્સરોએ રિંગમાં દમદાર પ્રદર્શનથી ભારત માટે નવો ઈતિહાસ રચી દીધો છે, પરંતુ તેમણે વિજય ડંકો વગાડ્યો ત્યાર બાદ ગ્લાસગોની એક જાણીતી ભારતીય રેસ્ટોરાંમાં બનેલી ઘટનાએ વિવાદ ઊભો કર્યો છે.

બૉક્સિંગ સ્પર્ધાઓ પૂરી થયા બાદ ભારતીય ખેલાડીઓ ગ્લાસગોની પ્રખ્યાત રેસ્ટોરન્ટ 'મિસ્ટર સિંગ્સ ઈન્ડિયા'માં ડિનર માટે પહોંચ્યા હતા. જોકે ટેબલ પર મૂકેલા નેપકિન પર નજર પડતાં જ ઉજવણીનો માહોલ ગંભીર બની ગયો હતો. આસામમાં રહેતી અને કૉમનવેલ્થમાં સિલ્વર મેડલ જીતનાર લવલીના બોરગોહેનનું ધ્યાન ગયું કે નેપકિન પર છાપેલા ભારતના નકશામાંથી નૉર્થ-ઈસ્ટ (ઇશાન ભારત)નો આખો ભાગ ગાયબ હતો.







આ ગંભીર બેદરકારી સામે લવલીનાએ તાત્કાલિક વાંધો નોંધાવ્યો હતો અને રેસ્ટોરાંના માલિકે ભારતીય નકશાની બાબતમાં થયેલી ભૂલ સુધારી લેવાની ખાતરી આપી હતી.

લવલીનાએ કહ્યું હતું, 'ભારતનો દરેક ભાગ અત્યંત મહત્ત્વ પૂર્ણ છે અને દરેક જગ્યાએ દેશનો સાચો અને સંપૂર્ણ નકશો જ દર્શાવવો જોઈએ.' આ મામલે લવલીનાના આ અભિગમને બોક્સિંગ ફેડરેશન ઑફ ઈન્ડિયાના પ્રમુખ અજય સિંહે પણ ખુલ્લેઆમ ટેકો આપ્યો છે.

ફેડરેશનના પ્રમુખ અજય સિંહે કહ્યું કે, 'ભારતના આ નકશામાં માત્ર નૉર્થ-ઈસ્ટ જ નહીં, જમ્મુ-કાશ્મીરને પણ યોગ્ય રીતે દર્શાવવામાં આવ્યું નહોતું. વિદેશની ધરતી પર ભારતની સંસ્કૃતિ કે ઓળખ સાથે જોડાયેલા કોઈપણ સ્થળે દેશની અખંડિતતા સાથે જોડાયેલી આવી મોટી ભૂલ સહન કરી શકાય નહીં. આ મામલે સત્વરે પગલા લેવામાં આવવા જોઈએ.'

**લવલીનાએ મેડલ પૂરપીડિતોને સમર્પિત કર્યો.**

ટોક્યો ઓલિમ્પિકની બ્રૉન્ઝ મેડલિસ્ટ અને આસામની સ્ટાર બૉક્સર લવલીના બોરગોહેને મહિલાઓના ૭૫ કિગ્રા વર્ગમાં મેળવેલો કરીઅરનો પ્રથમ કૉમનવેલ્થ સિલ્વર મેડલ આસામના પૂરપીડિતોને સમર્પિત કર્યો હતો અને આગામી એશિયન ગેમ્સમાં દેશ માટે ગોલ્ડ જીતવાનો મક્કમ નિર્ધાર વ્યક્ત કર્યો હતો. ■

# તન્વી શર્મા તાઈપેઈમાં યંગેસ્ટ વિજેતા બની

તાઇપેઇ સિટી: પંજાબમાં રહેતી ભારતની ૧૭ વર્ષીય બૅડમિન્ટન ખેલાડી તન્વી શર્માએ રવિવારે તાઇપેઇ ઓપન સુપર-૩૦૦ ટૂર્નામેન્ટમાં સિંગલ્સનું ટાઇટલ જીતીને નવો ઇતિહાસ રચ્યો હતો. તે અહીં મહિલાઓની યંગેસ્ટ ચૅમ્પિયન બની છે. તન્વીએ ભારતની ઑલિમ્પિક-વિજેતાં પી. વી. સિંધુના ભૂતપૂર્વ મેન્ટર પાર્ક તાઇ-સૅન્ગ પાસે તાલીમ લીધી હતી અને ભારતની જ સ્ટાર-ખેલાડી સાઇના નેહવાલની ૧૮ વર્ષ પહેલાંની સિદ્ધિની બરાબરી કરી હતી.



તન્વી શર્માએ ફાઇનલમાં વિયેટનામની થુય લિન્હ ઍન્ગૂયેનને ૨૧-૧૬, ૨૧-૧૬થી હરાવીને ટાઇટલ જીતી લીધું હતું. તન્વી શર્માની ઉંમર ૧૭ વર્ષ અને ૨૨૨ દિવસ છે. તેણે બૅડમિન્ટન-લેજન્ડ તાઇ ત્ઝુ યિન્ગનો યંગેસ્ટ ચૅમ્પિયનનો વર્ષો જૂનો વિક્રમ તોડી નાખ્યો હતો.

તન્વીનું આ પ્રથમ બીડબ્લ્યૂએફ વર્લ્ડ ટૂર ટાઇટલ છે. તેણે વિશ્વની ૨૧મા ક્રમની ઍન્ગૂયેનને માત્ર ૩૬ મિનિટમાં હરાવી દીધી હતી. સાઇના નેહવાલ ૨૦૦૮ની સાલમાં આ ટ્રૉફી જીતી હતી.

તન્વી શર્મા ગયા વર્ષે બૅડમિન્ટનની યુએસ ઓપન સુપર-૩૦૦ ટૂર્નામેન્ટમાં રનર-અપ રહી હતી. તેણે રવિવારે તાઇપેઈમાં જીત્યા બાદ પત્રકારોને કહ્યું, 'હું ટાઇટલ જીતીશ એવી મને અપેક્ષા તો નહોતી, પણ મેં બેસ્ટ પર્ફોર્મ કરવાનું નક્કી કર્યું હતું. મેં એક પછી એક મૅચ પર જ બધુ ધ્યાન આપ્યું હતું અને એ રીતે ફાઇનલમાં પહોંચી અને એ પણ જીતી લીધી.' ■

# જેમિમા પાકિસ્તાની ખેલાડીને ભેટી, ટ્રોલ થઈ

બર્મિંગમ: ગયા વર્ષે કાશ્મીરના પહલગામમાં થયેલા જીવલેણ આતંકવાદી હુમલાને ભારતની ૧૪૦ કરોડની જનતા હજી ભૂલી નથી, પરંતુ ભારતીય મહિલા ખેલાડી જેમિમા રોડ્રિગ્સ વિદેશી ધરતી પર જઈને એ આઘાત ભૂલી ગઈ હોય એવું લાગે છે. તેણે પાકિસ્તાની પ્લેયર ફાતિમા સના સાથે માત્ર જ હાથ ન મિલાવ્યા, પરંતુ તેને ભેટી પણ હતી. આ ઘટનાને પગલે સોશિયલ મીડિયામાં જેમિમાની ખૂબ ટીકા થઈ હતી.

**કઈ ટૂર્નામેન્ટમાં આ બન્યું?**

ઇંગ્લૅન્ડમાં ધ હન્ડ્રેડ નામની ૧૦૦-૧૦૦ બૉલની મૅચવાળી ટૂર્નામેન્ટ ચાલી રહી છે અને એમાં એક મૅચમાં જેમિમા પાકિસ્તાની ઑલરાઉન્ડર ફાતિમા સનાને



ભેટી અને તેની સાથે થોડી ગપસપ કરી એવો વીડિયો વાઇરલ થયો છે. બે દિવસ પહેલાં આ મૅચ સધર્ન બ્રેવ અને બર્મિંગમ ફિનિક્સ નામની ટીમ વચ્ચે રમાઈ હતી.

જેમિમાએ આ મૅચમાં સધર્ન બ્રેવ વતી ૧૮ બૉલમાં ૨૮ રન કર્યા હતા, જ્યારે બર્મિંગમની ટીમ વતી ફાતિમા સનાનો પર્ફોર્મન્સ સારો નહોતો. સધર્નની ટીમે ૨૪ રનના માર્જિનથી આ મૅચ જીતી લીધી હતી. સધર્નની ટીમ આ વખતની ટૂર્નામેન્ટમાં ચારેય મૅચ જીતી છે, જ્યારે બર્મિંગમની ટીમે હજી જીતનું ખાતું નથી ખોલાવ્યું.

**મીડિયામાં જેમિમા વિશે શું કહેવાયું?**

ભારતની વર્લ્ડ ચેમ્પિયન ક્રિકેટર જેમિમા પાકિસ્તાની ખેલાડીને ભેટી એ ઘટના બદલ જેમિમા ખૂબ ટ્રોલ થઈ છે. 'એક્સ' પર એક ક્રિકેટપ્રેમીએ લખ્યું છે, પહલગામની ઘટનામાં જેમિમાના પરિવારના કોઈ સભ્યની હત્યા થઈ હોત, તો પણ, શું તેણે પાકિસ્તાની ખેલાડી પ્રત્યે આવો સ્નેહ બતાવ્યો હોત?' બીજા એક યુઝરે ટકોર કરતા લખ્યું છે કે આ બીસીસીઆઈની ટૂર્નામેન્ટ નથી એટલે જેમિમા પોતે ધારે એ કરી શકે.' ■

# અભિષેકના પચીસ છગ્ગા, પંદર ચોગ્ગા: ૯૧ બૉલમાં ફટકારી ડબલ સેન્ચુરી

અમૃતસર: લેફ્ટ-હૅન્ડ ઓપનિંગ બૅટ્સમૅન અભિષેક શર્માએ તાજેતરમાં ઇંગ્લૅન્ડ સામેની ટી-૨૦ સિરીઝમાં ખૂબ સંઘર્ષ કર્યો હતો, પણ પંજાબમાં તેણે એક આંતર-જિલ્લા વન-ડે ટૂર્નામેન્ટમાં ધમાકેદાર ડબલ સેન્ચુરી ફટકારી દીધી. માત્ર ૯૧ બૉલમાં તેણે ૨૩૩ રન બનાવ્યા હતા અને આ તૂફાની ઇનિંગ્સમાં પચીસ છગ્ગા અને પંદર ચોગ્ગા સામેલ હતા.

અભિષેક આ ટૂર્નામેન્ટમાં અમૃતસરની ટીમ વતી રમે છે અને તેણે ઐતિહાસિક ડબલ સેન્ચુરી તરણતારણની ટીમ સામે ફટકારી હતી.

અભિષેકની ડબલ સેન્ચુરીના જોરે અમૃતસરે ૫૦ ઓવરમાં ૫૩૩ રન બનાવ્યા હતા જેમાંથી ૨૩૩ રન એકલા અભિષેકના હતા. તેના ઉપરાંત તેના સાથી ઓપનર અભય ચૌધરી પણ આક્રમક રમ્યો હતો. અભયે બે સિક્સર અને દસ ફોરની મદદથી ૯૩ રન બનાવ્યા હતા તથા અભિનવ શર્માએ ત્રણ છગ્ગા, ત્રણ ચોગ્ગા સાથે ૫૧ રનનું યોગદાન આપ્યું હતું.

તરણતારણની ટીમ ૫૩૪ રનના તોતિંગ લક્ષ્યાંક સામે ૩૧૩ રન બનાવી શકી હતી. અભિષેકે ડબલ સેન્ચુરી બાદ બે વિકેટ પણ લીધી હતી. ■

'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી મંગળવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ નવા ઈ-મેઈલ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

## ભાષા વૈભવ...

વિરુદ્ધ શબ્દોની જોડી જમાવો

| A | B |
|---|---|
| તિમિર | મોળું |
| તિરસ્કાર | આવિર્ભાવ |
| તિરોભાવ | તેજ |
| તીક્ષ્ણ | આદર |
| તીખું | બુઠ્ઠું |

## માતૃભાષાની મહેક

આયુર્વેદમાં જણાવ્યા પ્રમાણે કડવો લીમડો અત્યંત આરોગ્યપ્રદ અને કીટનાશક છે. એક જૂનો રૂઢિપ્રયોગ છે જે આજની તારીખમાં અપ્રસ્તુત લાગી શકે છે. લીમડે લટકવું એટલે અવગતિ થવી. માબાપની પાછળ ઉત્તર ક્રિયા ન કરવામાં આવે ત્યારે તેનાં માબાપ તો લીમડે લટકે છે એવું અસલના વખતમાં કહેવાતું હતું. અલબત્ત, વિજ્ઞાનના વિસ્તાર સાથે આ કહેવત હવે કાળબાહ્ય બની ગઈ છે.

## ગુજરાત મોરી મોરી રે

ભગવાન શ્રીકૃષ્ણ (રણછોડરાય)ના ચરણ પાવન ચિહ્નો સાથે સંકળાયેલું શ્રી રણછોડજી પગલા મંદિર ગુજરાતના કયા શહેરમાં છે?

અ) વલ્લભીપુર બ) જેતપુર
ક) સાણંદ ડ) ઉમરેઠ

## ઈર્શાદ

*ગુસ્સે થયા જો લોક તો પથ્થર સુધી ગયા,*
*પણ દોસ્તોના હાથ તો ખંજર સુધી ગયા.*

---- અમૃત ઘાયલ

## શબ્દલાલિત્ય

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | ૧ | ૨ | | ૩ | | ૪ | | ૫ | ૬ |
| ૭ | | | | ૮ | | | | ૯ | |
| ૧૦ | | | | | | | | | |
| | | ૧૧ | | | ૧૨ | | | | |
| ૧૩ | ૧૪ | | | ૧૫ | | | | ૧૬ | |
| | | | ૧૭ | | ૧૮ | | | ૧૯ | ૨૦ |
| | | ૨૧ | | | | ૨૨ | ૨૩ | | |
| | ૨૪ | | | | ૨૫ | | ૨૬ | ૨૭ | |
| ૨૮ | | | ૨૯ | | | | ૩૦ | | |
| ૩૧ | | | | ૩૨ | | | | | |

### આડી ચાવી

૧. સમસ્ત, પૂર્ણ (૪)
૪. --- થવું=નાશ પામવું (૪)
૭. જલદી (૩)
૮. રાણી (૩)
૯. રાહ, રસ્તો (૨)
૧૦. ઓછપ, ઊણપ (૩)
૧૧. પેટની ફાંદ (૨)
૧૨. પ્રેમાળ (૩)
૧૩. નવું (૨)
૧૫. --- ઢોળાયું તો ખીચડીમાં (૧)
૧૯. કલ્યાણકારી, મંગળપ્રદ (૨)
૨૧. આંખનો પલકારો (૩)
૨૨. સફેદ (૨)
૨૬. કૃપા, મહેરબાની (૩)
૨૮. પાક (૨)
૨૯. બબડાટ (૩)
૩૦. હેતુ, ઉદ્દેશ (૩)
૩૧. મેળવણ (૪)
૩૨. જીર્ણ થઈ ગયેલું (૪)


### ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | ૧ અ | | ૨ જ | ય | | ૩ વ | | ૪ ધ | |
| ૫ છિ | ન્ન | ૬ ભિ | ન્ન | | | ૭ ચે | ૮ ત | વ | ણી |
| ત્કા | | ૯ ખા | ત | ૧૦ રી | | ૧૧ ટ | પા | લ | |
| ૧૨ ર | ૧૩ બા | રી | | ૧૪ સા | જા | | સ | | |
| | જો | | ૧૫ ઢા | ળ | | ૧૬ શૂ | | ૧૭ મા | ત્ર |
| ૧૮ ઠા | ઠ | | લ | | ૧૯ ફા | ળ | | ન | |
| | | ૨૦ પા | | ૨૧ જો | ર | | ૨૨ સં | તા | ૨૩ પ |
| | ૨૪ ત | લ | ૨૫ પ | | ૨૬ સ | ૨૭ મો | સા | | રા |
| ૨૮ મુ | ખ | વ | ટો | | | ૨૯ દ | ર | ૩૦ ખા | સ્ત |
| | ત | | ળે | | ૩૧ વાં | ક | | ડો | |

### ઊભી ચાવી

૧. આશ્વાસન (૩)
૨. પુરોહિતનું કામ (૪)
૩. --- જે હોય તે ગુંજે ન ભરીએ ગમતાંનો કરીએ ગુલાલ (૩)
૪. અસફળ (૫)
૫. લીલ (૩)
૬. છ (૨)
૭. પરાપૂર્વથી ચાલ્યું આવતું (૪)
૧૪. પૈસો, નાણું (૨)
૧૬. કિરણ (૨)
૧૭. વર્તણૂક, રીતભાત (૫)
૧૮. --- તે ---, બીજા વગડાનાં વા (૧)
૨૦. સિફારસ, ભાળવણી (૪)
૨૩. શાકભાજી (૪)
૨૪. ભજિયા (૩)
૨૫. કમળ (૩)
૨૭. આશ્ચર્ય, નવાઈ (૩)
૨૮. આનંદ (૨)

## ઓળખાણ પડી?



બ્રાહ્મણોના ઈષ્ટદેવ તરીકે પૂજાતું અને સ્વયંભૂ શિવલિંગ બિરાજમાન છે એ હાટકેશ્વર મંદિર કઈ જગ્યાએ છે એની ઓળખાણ પડી?

અ) હસ્તિનાપુર બ) હરિદ્વાર ક) વડનગર ડ) ઉજ્જૈન

## સુડોકુ-આજનો સવાલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | ૨ | | ૫ | ૯ | | ૬ | ૪ | ૭ |
| | ૯ | | | | | ૧ | ૩ | ૫ |
| | | | ૪ | | ૧ | | | |
| ૯ | ૬ | ૩ | | | | | | |
| ૫ | | ૨ | | | | ૯ | | ૪ |
| | | | | | | ૩ | ૬ | ૨ |
| | | | ૬ | | ૮ | | | |
| ૭ | ૧ | ૬ | | | | | ૫ | |
| ૪ | ૩ | ૮ | | ૫ | ૯ | | ૨ | |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક રહી ન જવો જોઈએ.

## સુડોકુ-ગઈકાલનો જવાબ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૫ | ૬ | ૭ | ૧ | ૯ | ૮ | ૩ | ૪ | ૨ |
| ૪ | ૧ | ૯ | ૩ | ૨ | ૫ | ૮ | ૭ | ૬ |
| ૨ | ૮ | ૩ | ૪ | ૭ | ૬ | ૫ | ૧ | ૯ |
| ૬ | ૨ | ૪ | ૯ | ૮ | ૩ | ૧ | ૫ | ૭ |
| ૯ | ૭ | ૧ | ૫ | ૬ | ૪ | ૨ | ૩ | ૮ |
| ૮ | ૩ | ૫ | ૭ | ૧ | ૨ | ૬ | ૯ | ૪ |
| ૩ | ૫ | ૬ | ૨ | ૪ | ૭ | ૯ | ૮ | ૧ |
| ૭ | ૯ | ૨ | ૮ | ૫ | ૧ | ૪ | ૬ | ૩ |
| ૧ | ૪ | ૮ | ૬ | ૩ | ૯ | ૭ | ૨ | ૫ |

## ગયા સોમવારના જવાબ

| A | B |
|---|---|
| તાબેદાર | સ્વતંત્ર |
| તામસી | શાંત |
| તારાજી | આબાદી |
| તારીફ | નિંદા |
| તારુણ્ય | વૃદ્ધાવસ્થા |

**ગુજરાત મોરી મોરી રે:** ભરૂચ

**ઓળખાણ પડી?** ગોવા

**માઈન્ડ ગેમ :** સાઉદી અરેબિયા

**ચતુર આપો જવાબ અર્થ જણાવો:** વાસણ

## ચતુર આપો જવાબ

### માથું ખંજવાળો

'દૂર છે ઘર, વિકટ છે રસ્તા બધા' પંક્તિમાં વિકટનો અર્થ શું થાય એ જણાવો.

અ) નજીક બ) વિશાળ ક) સુંદર ડ) મુશ્કેલ

## માઈન્ડ ગેમ

મુખ્યત્વે બેંગાલ ટાઈગર તેમ જ મગર અને અજગર માટે પ્રખ્યાત અને વર્લ્ડ હેરિટેજ સાઈટમાં સ્થાન ધરાવતું સુંદરવન જંગલ ક્યાં છે?

અ) બાંગ્લાદેશ બ) નેપાળ ક) ભૂતાન ડ) શ્રીલંકા

## ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) કિશોરકુમાર જીવણદાસ વેદ (૨) ભારતી બુચ (૩) મુલરાજ કપૂર (૪) ડો. પ્રકાશ કટકિયા (૫) શ્રીમતી ભારતી પ્રકાશ કટકિયા (૬) ભરત કજરિયા (૭) હરિહાર ભટ્ટ (૮) વિપીન શાહ (૯) નૂતન વિપીન શાહ (૧૦) ખુશરૂ કાપડિયા (૧૧) શ્રદ્ધા આશર (૧૨) પ્રવીણ વોરા (૧૩) લજિતા ખોના (૧૪) જ્યોતિ ખાંડવાલા (૧૫) મીનળ કાપડિયા (૧૬) મહેશ સંઘવી (૧૭) ભાવના કર્વે (૧૮) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૧૯) નિખિલ બંગાળી (૨૦) અમીશી બંગાળી (૨૧) મનીષા શેઠ (૨૨) ફાલ્ગુની શેઠ (૨૩) કમલ માતલિયા (૨૪) નંદુભાઈ અ. ગોઠી (૨૫) વિણા સંપટ (૨૬) દેવેન્દ્ર સંપટ (૨૭) જયવંત પદમશી ચિખલ (૨૮) અંજુ ટોલિયા (૨૯) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૩૦) અલકા વાણી (૩૧) નિતીન જયંતીલાલ બજરિયા (૩૨) ધીરેન્દ્ર ઉદેશી (૩૩) રશીક જુથાણી - ટોરંટો - કેનેડા (૩૪) તાહેર ઔરંગાબાદવાલા (૩૫) ડાયના સંતોકે (૩૬) શીરીન ઔરંગાબાદવાલા (૩૭) અબ્દુલ્લા એફ. મુનીમ (૩૮) નીતા દેસાઈ (૩૯) પુષ્પા પટેલ (૪૦) મહેશ દોશી (૪૧) સુભાષ મોમાયા (૪૨) નયના ગિરીશ મિસ્ત્રી

# ફરી વંદે ભારત એક્સપ્રેસે જીવ બચાવવાનું કામ કર્યું, અંકલેશ્વરનું 'દિલ' અમદાવાદ પહોંચાડ્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ત્રણ દિવસમાં બે વાર વંદે ભારત એક્સપ્રેસ ઓર્ગન ટ્રાન્સપ્લાન્ટેશનની રાહ જોઈ રહેલા દરદીઓને કામ આવી છે. અમદાવાદના યુ. એન. મહેતા ઇન્સ્ટિટ્યૂટ ઓફ કાર્ડિયોલોજી એન્ડ રિસર્ચ સેન્ટર ખાતે હાર્ટ ટ્રાન્સપ્લાન્ટ માટે અંકલેશ્વરથી હૃદય લઈ તેને સમયસર પહોંચાડવાનું કામ વંદે ભારત એક્સપ્રેસે કર્યું હતું. આ માટે પહેલીવાર આ એક્સપ્રેસ ટ્રેન ખાસ અંકલેશ્વર સ્ટેશન પર ઊભી રખવામાં આવી હતી, તેવી માહિતી રેલવેના સૂત્રો પાસેથી મળી હતી.

યુ. એન. મહેતા હોસ્પિટલની તબીબી ટીમ દ્વારા અંકલેશ્વરની શ્રીમતી જયાબેન મોદી મલ્ટી-સ્પેશિયાલિટી હોસ્પિટલમાંથી આ હૃદય મેળવવામાં આવ્યું હતું. હોસ્પિટલથી અંકલેશ્વર રેલ્વે સ્ટેશન સુધી મિનિટોમાં ઓર્ગન ટ્રાન્સપોર્ટેશન માટે ગ્રીન કોરિડોર બનાવવામાં આવ્યો હતો, જેમાં ઓછામાં ઓછો પરિવહન સમય લાગે તેની તકેદારી રાખવામાં આવી હતી. ઑર્ગન ટ્રાન્સપ્લાન્ટેશનમાં એક એક મિનિટ મહત્ત્વની હોય છે અને દરદી માટે જીવનમરણનો ખેલ બની રહે છે.

ત્રણ દિવસમાં આ બીજી વખત બન્યું છે જ્યારે વંદે ભારત એક્સપ્રેસનો ઉપયોગ દાનમાં મળેલા અવયવને યુ.એન. મહેતા હૉસ્પિટલમાં લઈ જવા માટે કરવામાં આવ્યો છે. આગામી પ્રક્રિયા યુ.એન. મહેતા હૉસ્પિટલમાં કરવામાં આવતી ૭૮મી સફળ હૃદય પ્રત્યારોપણ (હાર્ટ ટ્રાન્સપ્લાન્ટેશન છે. તેવી માહિતી પણ સૂત્રો દ્વારા મળી હતી. ■

# ભુજમાંથી દેશી દારૂ બનાવવા વપરાતો 3000 કિલો અખાદ્ય ગોળ ઝડપાયો; ગુનો દાખલ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ આરોગ્ય માટે અત્યંત હાનિકારક દેશી દારૂ બનાવવાના હેતુસર હેરફેર કરાતો લગભગ ૩૦૦૦ કિલો અખાદ્ય સડેલો ગોળ ભુજ પોલીસે ઝડપી પાડી આરોપી વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

મળતી વિગતો મુજબ, ગત બાવીસ ફેબ્રુઆરીના રોજ ભુજ બી-ડિવિઝન પોલીસને બાતમી મળી હતી કે ભીડનાકાથી સરપટ નાકા તરફ એક બોલેરો પીકઅપ વાહનમાં શંકાસ્પદ જથ્થો લઈ જવામાં આવી રહ્યો છે. જેના આધારે પોલીસે આલાવારા કબ્રસ્તાન ગેટ પાસે ગાડી અટકાવી તપાસ કરતા રૂ. ૭૫,૦૦૦ની કિંમતનો ૩૦૦૦ કિલો અખાદ્ય ગોળ મળી આવ્યો હતો.

પોલીસે વાહનચાલક રેશમસિંહ બલવિંદરસિંઘ મટુ (મૂળ પંજાબ, હાલ રહે. ભુજપુર-મુંદરા)ની અટકાયત કરી પૂછપરછ કરતાં, આ ગોળનો ઉપયોગ દેશી દારૂ બનાવવામાં થતો હોવાની કબૂલાત કરી હતી.

પ્રાથમિક તબક્કે જાણવાજોગ નોંધ કરી પોલીસે ગોળના સેમ્પલ પરીક્ષણ અર્થે રાજકોટ ફોરેન્સિક પૃથ્થકરણ માટે મોકલ્યા હતા જેનો રિપોર્ટ આવ્યા બાદ પોલીસે આરોપી વિરુદ્ધ વિધિવત્ ગુનો દાખલ કરી આગળની કાર્યવાહી હાથ ધરી હોવાનું જાણવા મળે છે. ■

# જુલાઈમાં ૫૧૧ ફૂડ પાર્લરને મનપાએ નોટિસ આપી, ૧૫૦૦ કિલો ખાદ્ય સામગ્રીનો નાશ કર્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (મનપા)ના હેલ્થ એન્ડ ફૂડ ડિપાર્ટમેન્ટે જુલાઈ મહિનામાં શહેરભરમાં ૧,૬૮૯ ખાણીપીણીનાં પાર્લરનું ઈન્સ્પેક્શન કર્યું હતું.

એક મહિના સુધી ચાલેલા ઈન્સ્પેક્શન દરમિયાન, ૫૧૧ ફૂડપાર્લરને અસ્વચ્છતા, અનહાઈજેનિક કન્ડિશન અને નિયમોના ભંગ બદલ મનપાએ નોટિસ પાઠવી હતી અને લગભગ ૧,૫૪૩ કિલો અખાદ્ય ખોરાક અને ૧,૦૬૬ લિટર અખાદ્ય પીણાનો નાશ કર્યો હતો.

આ મહિનામાં પાંચ ફૂડ પાર્લરને હાઈજિન ન રાખવા બદલ સીલ કરવામાં આવી હતી. આ જ સમયગાળા દરમિયાન, બે ખાદ્ય નમૂનાઓ ખાવા માટે અસુરક્ષિત હોવાનું જણાયું હતું, જેના કારણે અધિકારીઓએ ૨,૦૦૦ કિલો મરચાંનો પાઉડર અને વિવિધ નાસ્તાના ઉત્પાદનોના ૧,૫૦૦ પેકેટ જપ્ત કર્યા હતાં.

મનપા એ શહેરભરના એકમોમાંથી ૭૮૩ ખાદ્ય પદાર્થોના નમૂના એકત્રિત કર્યા અને ટેસ્ટિંગ માટે લેબોરેટરીમાં મોકલવામાં આવ્યા હતા. મીઠાઈઓ અને બેકરીની વસ્તુઓના નમૂના સૌથી વધુ એકત્રિત કરવામાં આવ્યા હતા, જેમાં ૧૮૨ નમૂનાઓનું પરીક્ષણ કરવામાં આવ્યું હતું. ■

# ત્રિપલ સવારીમાં જતા મિત્રોનાં બે અકસ્માતની ઘટનામાં બે મોત, ચાર ઘાયલ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રવિવારે મૈત્રી દિવસ ઉજવવામાં આવે છે ત્યારે વડોદરા અને જૂનાગઢના મેંદરડામાં મિત્રો સાથે ત્રિપલ સવારીમાં જતા વાહનને અકસ્માત નડવાની બે ઘટનામાં બન્ને વાહનચાલકનાં મોત નિપજ્યાં હતાં જ્યારે ચાર જણને ઈજા થઈ હતી.

વડોદરામાં શનિવારે મોડી સાંજે વરસાદના કારણે ભીના થયેલા રસ્તા પર એક એક્ટિવા સ્લીપ થઈ જતાં રોડ પરથી પસાર થઈ રહેલા એક રોડ રોલર નીચે કચડાઈ જવાથી એક યુવતીનું ઘટનાસ્થળે જ કમકમાટીભર્યું મોત નીપજ્યું હતું. મૃતક યુવતીની ઓળખ તાંદલજામાં ફેથ સ્કૂલ પાસે રહેતી ૧૯ વર્ષીય મહિનબાનુ ઇરશાદ અલી સૈયદ તરીકે થઈ હતી.

મળતી વિગતો અનુસાર, મહિનબાનુ પોતાની અન્ય બે સહેલીઓ સાથે એક્ટિવા પર બેસીને ઘરે જઈ રહી હતી. તે જ સમયે રસ્તા પર રોડ નિર્માણનું કાર્ય ચાલી રહ્યું હતું અને એક રોડ રોલર ત્યાંથી પસાર થઈ રહ્યું હતું. અચાનક એક્ટિવા સ્લીપ થતાં ત્રણેય યુવતીઓ રસ્તા પર પટકાઈ હતી. કમનસીબે, મહિનબાનુ સીધી જ રોડ રોલરની અડફેટે આવી ગઈ હતી અને રોલર તેના પર ફરી વળતા તેનું કરુણ મૃત્યુ થયું હતું. જ્યારે તેની અન્ય બે સહેલીઓને સામાન્ય ઈજાઓ પહોંચી હતી. યુવતીને હૉસ્પિટલ પહોંચાડવામાં આવી હતી, પરંતુ તબીબોએ તેને મૃત જાહેર કરી હતી. પરિવારને જાણ કરવામાં આવી હતી. જોકે રોલરનો ડ્રાઈવર ઘટનાસ્થળેથી નાસી છૂટ્યો હતો. પોલીસે તેને શોધવા સહિતની આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

તો અન્ય એક બનાવમાં જૂનાગઢના મેંદરડામાં ૨૯ વર્ષીય યુવકનું અકસમાતમાં મોત નિપજ્યું હતું જ્યારે તેની બાઈકમાં પાછળ સવાર બે મિત્ર ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા હતા. જૂનાગઢ-મેંદરડા હાઈ વે પર એક જ બાઈક પર જતા ત્રણ મિત્રોને સોનારડી ગામ પાસે કારચાલકે અડફેટે લીધા હતા. ત્રણેય મિત્રો રસ્તા પર પટકાયા હતા, જેમાં સાગર નંદાણીયા નામના ૨૯ વર્ષીય યુવકનું ઘટનાસ્થળે જ મોત નિપજ્યું હોવાના અહેવાલો મળ્યા હતા જ્યારે અન્ય બે મિત્રોને પણ ગંભીર ઈજાઓ થઈ હોવાથી હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. મૃતક સાગર જૂનાગઢમાં પાનનો ગલ્લો ચલાવી પરિવારનું ગુજરાન ચલાવતો હતો. તેના મૃત્યુથી માત્ર છ મહિનાની દીકરીએ પિતાની છત્રછાયા ગુમાવી દીધી હતી. સાગરના મૃત્યુ બાદ તેના ઈન્સ્ટાગ્રામનું સ્ટેટ્સ ચર્ચાનું કેન્દ્ર બન્યું હતું. તેણે મૃત્યુની અમુક કલાકો પહેલા કભી કભી ફિલ્મનું ગીત કલ કોઈ મુજકો યાદ કરે ક્યું કોઈ મુજકો યાદ કરે સ્ટેટ્સમાં મૂકી આપણે બધા સમયની અનંત વાર્તાનો એક નાનો હિસ્સો છીએ, તેમ લખ્યું હતું. ■

# લૂંટેરી દુલ્હન ગેંગનો મુખ્ય સૂત્રધાર ઝડપાયો, ૧૧ યુવકને છેતર્યાનો આરોપ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ લગ્ન કરવા ઈચ્છતા યુવકો ઘણીવાર અજાણ્યા લોકો પર ભરોસો કરી ઠગાઈ જતા હોય છે. આવા લગભગ ૧૧ જેટલા યુવકને છેતરી તેમની પાસેથી રૂપિયા પડાવી છૂ થઈ જતી લૂંટેરી દુલ્હન ગેંગનો મુખ્ય સૂત્રધાર હિતેશ કાપડીયા સુરત પોલીસના સકંજામાં આવી ગયો હોવાની માહિતી સૂત્રોએ આપી હતી. આ ગેંગમાં લગભગ પાંચેક યુવતીઓ સામેલ છે, જેમણે સુરતમાં કાપોદ્રા, ઉત્રાણ, અડાજણ, અમરોલી, રાજકોટ અને અમદાવાદ સહિતના ૧૧ યુવકને છેતર્યા હોવાનું પોલીસ તપાસમાં બહાર આવ્યું હતું.

આ ગેંગનો મુખ્ય સૂત્રધાર હિતેશ નામ બદલીને યુવકોના લગ્ન કરાવતો હતો અને ત્યારબાદ ગણતરીના દિવસોમાં યુવતીઓ દાગીના, રોકડ રકમ લઈ ફરાર થઈ જતી હતી. ગોંડલના એક યુવકે રૂ. ૩.૫૦ લાખ જેટલી રકમ આપતો હોવાનો વીડિયો પણ બનાવ્યો હોવાની માહિતી સૂત્રો પાસેથી મળી હતી.

પોલીસે હિતેશને પકડવા માટે છટકું ગોઠવ્યું હતું. પોલીસ કોન્સ્ટેબલ મુસ્તાકે હિતેશનો લગ્ન ઈચ્છુક યુવક તરીકે સંપર્ક કર્યો હતો. હિતેશે તેના લગ્ન કરાવી આપવાની ખાતરી આપી હતી અને કોન્સ્ટેબલે પૈસા આપવાની તૈયારી બતાવી હતી. પોલીસે છટકું ગોઠવ્યું હતું તે પ્રમાણે પૈસા લેવા હિતેશ સુરત આવતા જ તેને દબોચી લેવામાં આવ્યો હતો. પોલીસે આગળની કાર્યવાહી હાથ ધરી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. ■

# બનાસકાંઠામાં અતિવૃષ્ટિથી ખેડૂતોની હાલત કફોડી : મગફળી, બાજરી, જુવાર અને એરંડાનો પાક નષ્ટ

અમદાવાદઃ બનાસકાંઠા જિલ્લામાં થયેલા ધોધમાર વરસાદના કારણે ખેતરોમાં પાણી ભરાઈ જવાથી ખેડૂતોની હાલત અત્યંત દયનીય અને ચિંતાજનક બની ગઈ છે. ખેતરો બેટમાં ફેરવાઈ જવાથી ખેડૂતોમાં ભારે નિરાશા વ્યાપી ગઈ છે.

જિલ્લામાં અતિવૃષ્ટિ અને જળબંબાકારની પરિસ્થિતિને કારણે બનાસકાંઠામાં ખેતીનો પાક પાણીમાં ડૂબી ગયો છે. ખાસ કરીને મગફળી, બાજરી, જુવાર અને એરંડા જેવા મુખ્ય પાકો સંપૂર્ણપણે નષ્ટ થઈ ગયા છે. પાક વાવેતર પાછળ કરેલો મોટો ખર્ચ અને દિવસ-રાતની મહેનત પાણીમાં વહી જવાથી ખેડૂતો પાયમાલીના આરે આવી ગયા છે.

આ કુદરતી આફતથી પાયમાલ થયેલા ખેડૂતોએ સરકાર અને તંત્ર સમક્ષ વહેલી તકે સર્વે હાથ ધરીને યોગ્ય આર્થિક સહાય અને વળતર ચૂકવવામાં આવે તેવી ઉગ્ર માગ કરી છે. ■

# વડોદરાના મેઢાદ ગામ નજીકથી પસાર થતી વિશ્વામિત્રી નદીના કિનારે બાળકીને મગર પાણીમાં ખેંચી ગયો

અમદાવાદઃ વડોદરાના પાદરા તાલુકાના મેઢાદ ગામે વિશ્વામિત્રી નદી કિનારે હૃદયદ્રાવક ઘટના બની હતી. મેઢાદ ગામે નદીના કાંઠે પાણીની નજીક ગયેલી એક નાની બાળકી પર અચાનક એક ખૂંખાર મગરે હુમલો કરી દીધો હતો. મગરે પળભરમાં જ બાળકીને પોતાના મજબૂત જબડામાં દબોચી લીધી હતી અને તેને નદીના ઊંડા પાણીમાં ખેંચી ગયો હતો. પ્રાથમિક માહિતી મુજબ, મગર બાળકીને નદીના પ્રવાહમાં પીંગલવાળા ગામ તરફ ખેંચી ગયો હોવાનું બહાર આવ્યું હતું.

આ કરુણ અને ભયાનક બનાવની જાણ થતાં જ આસપાસના ગ્રામજનો મોટી સંખ્યામાં નદી કિનારે દોડી આવ્યા હતા. આ ઘટનાને કારણે સમગ્ર વિસ્તારમાં ભારે અફરાતફરી, અરેરાટી અને શોકનું મોજું ફરી વળ્યું હતું.

બનાવની જાણ થતાં જ પાદરા અને કરજણ વન વિભાગની ટીમ તેમજ સ્થાનિક તંત્ર તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગયા હતા. વન વિભાગ અને સ્થાનિક ટીમ દ્વારા નદીના કાંઠે તથા પ્રવાહમાં બાળકીને શોધવા માટે સઘન રેસ્ક્યૂ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું. જોકે, નદીમાં મગરોની ભારે પાણીના પ્રવાહ તથા વહેણને કારણે શોધખોળની કામગીરીમાં મોટા પડકારોનો સામનો કરવો પડી રહ્યો છે. ■

# ભારે વરસાદથી ધોરડોનું સફેદ રણ બેટમાં ફેરવાયુંઃ નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાઈ જતાં તંત્ર અલર્ટ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ કચ્છમાં ગત બે દિવસથી પડી રહેલા અનરાધાર વરસાદના કારણે સમગ્ર પંથક જળબંબાકાર થઈ ગયો છે. આ ભારે વરસાદની સૌથી વ્યાપક અસર વિશ્વપ્રસિદ્ધ પ્રવાસન ધામ એવા ધોરડોના સફેદ રણ પર જોવા મળી છે. દર વર્ષે જ્યાં દેશ-વિદેશના લાખો પ્રવાસીઓ આવે છે અને ઝાકઝમાળ રણોત્સવ યોજાય છે, તે ભાતીગળ ધોરડોનું શ્વેત રણ હાલ વરસાદી પાણીના ભરાવાને કારણે બેટમાં ફેરવાઈ ગયું છે. અનંત સીમાઓ સુધી પથરાયેલી સફેદ મીઠાની ચાદર પર પાણી ફરી વળતાં સમગ્ર વિસ્તાર કોઈ વિશાળ દરિયા જેવો નજરે પડી રહ્યો છે.

સરહદી કચ્છ વિસ્તારમાં દર ચોમાસે રણમાં પાણી ભરાવાની પ્રક્રિયા થાય છે, પરંતુ આ વર્ષે ટૂંકા સમયમાં પડેલા ભારે વરસાદને કારણે રણમાં વિપુલ પ્રમાણમાં પાણીનો ભરાવો થયો છે. રણના ખારાપટ પર પાણી તરે છે ત્યારે સર્જાતા પ્રતિબિંબો અને દ્રશ્યો મનોરમ્ય લાગી રહ્યા છે, તો બીજી તરફ આ પરિસ્થિતિને કારણે રણ તરફ જતા માર્ગો અને આસપાસના નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાઈ જતાં સ્થાનિક તંત્ર એલર્ટ બન્યું છે. સુરક્ષાના કારણોસર તંત્ર દ્વારા હાલ પૂરતો રણ વિસ્તારમાં લોકો અને પ્રવાસીઓની અવરજવર પર નિયંત્રણો મૂકવામાં આવ્યા છે.

સ્થાનિકોના જણાવ્યા અનુસાર, રણમાં આ રીતે પાણી ભરાવું એ પ્રકૃતિની એક સ્વાભાવિક પ્રક્રિયા છે, જે ચોમાસા બાદ ધીમે ધીમે ઓસરી જાય છે. પાણી સુકાઈ ગયા બાદ જ જમીન પર મીઠાની નવી અને ચમકતી સફેદ ચાદર તૈયાર થાય છે, જે આગામી રણોત્સવ માટે પૃષ્ઠભૂમિ પૂરી પાડે છે.

હાલ તો સફેદ રણનો આ રૌદ્ર અને રમણીય ''સાગર અવતાર'' સ્થાનિકો અને સોશ્યલ મીડિયા પર આકર્ષણનું કેન્દ્ર બન્યો છે. તંત્ર દ્વારા પરિસ્થિતિ પર સતત નજર રાખવામાં આવી રહી છે અને માર્ગો પરથી પાણી ઓસર્યા બાદ વાહનવ્યવહાર પૂર્વવત કરવામાં આવશે તેવું જાણવા મળ્યું છે. ■

# રાજકોટના નવા રિંગરોડ પર કાર અને ટ્રક વચ્ચે અકસ્માતઃ ૨૭ વર્ષીય યુવકનું કરુણ મોત

અમદાવાદઃ રાજકોટના કોઠારિયા રોડ પર રહેતા જયદીપભાઈ વેકરિયા પોતાની કાર લઈને રાજકોટના નવા રિંગરોડ (ન્યૂ ગોંડલ રિંગ રોડ-૨) પરથી પસાર થઈ રહ્યા હતા. તે દરમિયાન કાળીપાટ ગામ નજીક સામેથી આવી રહેલા ટ્રક સાથે તેમની કાર સામસામે ધડાકાભેર અથડાઈ હતી. આ ટક્કર એટલી જોરદાર હતી કે કારનો આગળનો આખો ભાગ ટ્રકની નીચે ઘૂસી ગયો હતો અને કારનો ખુરદો બોલી ગયો હતો. આ ગંભીર અકસ્માતમાં કાર ચલાવી રહેલા ૨૭ વર્ષીય જયદીપભાઈનું ઘટનાસ્થળે જ અત્યંત કરુણ મોત નીપજ્યું હતું.

બનાવની જાણ થતાં જ રાજકોટ ફાયર બ્રિગેડની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવી હતી. અકસ્માત બાદ યુવાનનો મૃતદેહ કારના પતરા અને કાટમાળની વચ્ચે ફસાઈ ગયો હતો. ફાયર જવાનોએ આધુનિક સાધનો અને હાઇડ્રોલિક સ્પ્રેડરની વિશેષ મદદથી કારના પતરાં ચીરીને ભારે જહેમત બાદ યુવાનના મૃતદેહને બહાર કાઢ્યો હતો. પોલીસે મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે ખસેડી અકસ્માતનું ચોક્કસ કારણ જાણવા વધુ તપાસ હાથ ધરી છે.

યુવાન જયદીપભાઈના અચાનક અને આકસ્મિક અવસાનના સમાચાર મળતા જ વેકરિયા પરિવારમાં કલ્પાંત મચી ગયો છે. પરિવારના યુવાન દીકરાના અકાળે મૃત્યુને કારણે સમગ્ર કોઠારીયા રોડ અને ગ્રીન પાર્ક વિસ્તારમાં ઘેરા શોકની લાગણી છવાઈ ગઈ છે. ■

# અંકલેશ્વર-હાંસોટ-સુરત સ્ટેટ હાઈવે પર કિમ નદીના પાણી ફરી વળતાં સતત બીજા દિવસે બંધ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ભરૂચ જિલ્લામાં થયેલા વરસાદની અસર હજુ પણ યથાવત છે. ભરૂચના હાંસોટ તાલુકાના સાહોલ ગામ નજીક કીમ નદીના પૂરના પાણી ઉભરાઈને અંકલેશ્વર-હાંસોટ-સુરતને જોડતા મુખ્ય સ્ટેટ હાઇવે પર ફરી વળ્યા હતા. સુરક્ષા અને સાવચેતીના ભાગરૂપે તંત્ર દ્વારા આ વ્યસ્ત સ્ટેટ હાઇવેને વાહનવ્યવહાર માટે સતત બીજા દિવસે પણ બંધ રાખવાની ફરજ પડી હતી.

સ્ટેટ હાઇવે સતત બીજા દિવસે પણ વાહનવ્યવહાર માટે બંધ થવાને કારણે બંને તરફ વાહનોની અવરજવર સંપૂર્ણપણે અટકી ગઈ છે. આનાથી રોજિંદા મુસાફરો, નોકરીયાતો અને માલવાહક વાહનોના ચાલકોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે.

સ્થાનિક તંત્ર દ્વારા જણાવવામાં આવ્યું હતું કે, પાણી ઓસર્યા બાદ જ આ માર્ગ વાહનવ્યવહાર માટે ફરીથી ખોલવામાં આવશે. ત્યાં સુધી વાહનચાલકોને વૈકલ્પિક માર્ગનો ઉપયોગ કરવાની સલાહ આપવામાં આવી છે. ■

# અમદાવાદ મનપાનો નવતર પ્રયોગ, અચ્છેરમાં વૃક્ષના સાનિધ્યમાં બન્યું બસ સ્ટોપ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ આમ તો શહેરોમાં વિકાસના નામે પર્યાવરણનું જતન માત્ર કાગળ પર જ રહે છે, પરંતુ અમદાવાદ મહાનગરપાલિકાએ શહેરના પર્યાવરણના જતન માટે અલગ અલગ પ્રયોગો હાથ ધર્યા છે. જેમાંથી એક ગ્રીન બસ સ્ટોપનો પણ છે.

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (મનપા) એ સાબરમતી વિસ્તારમાં રાજુલપાર્ક સોસાયટી નજીક અચ્છેર સ્ટેશન પર પાઇલોટ પ્રોજેક્ટ તરીકે શહેરનું પ્રથમ ગ્રીન બસ શેલ્ટર ઊભું કર્યું છે. મોટા વૃક્ષને કાપવાને બદલે, તેની આસપાસ બસસ્ટોપ ડિઝાઇન કરવામાં આવ્યું છે. વૃક્ષના છાયડાંમાં સ્વચ્છ બેસવાની જગ્યા બનાવવામાં આવી છે. આ બસસ્ટોપ પર મનપા દ્વારા વાવેલા ખાસ પસંદ કરવામાં આવેલા વર્નોનિયા એલિપ્ટિકા ક્લાઇમ્બર છોડ છે, જે આગામી મહિનાઓમાં છત પર કુદરતી રીતે ફેલાશે અને ત્યારબાદ છત પણ હરિયાળી અને ઠંડક આપનારી બની જશે, તેમ મનપાના સૂત્રોએ જણાવ્યું હતું.

મનપા લોકોને શહેરોમાં એક પ્રાકૃતિક વાતાવરણ પૂરું પાડવા માગે છે. વૃક્ષો તોડવા કરતા આ રીતે વૃક્ષોનો ઉપયોગ કરવાનો પ્રયોગો બને તેટલા વધુ થાય તે જરૂરી છે. ■

# વરસાદે વિરામ લીધો, જુલાઈ મહિનામાં રાજ્યનો ૬૦ ટકા વરસાદ વરસી ગયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતના મોટાભાગના જિલ્લામાં છેલ્લા બે-ત્રણ દિવસથી ભારે વરસાદ પડ્યો હતો. અમુક જિલ્લામાં સરકારે રેડ અલર્ટ અને ઓરેન્જ અલર્ટ જાહેર કર્યા હતા. ગુરુ, શુક્ર અને શનિવારે દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્ર તેમ જ મધ્ય અને ઉત્તર ગુજરાતના મોટાભાગના જિલ્લામાં ભારે વરસાદ વરસ્યો હતો, ત્યારે રવિવારે વરસાદે વિરામ લીધો હતો. રવિવારે સવારે છથી સાંજના છ વાગ્યાના આંકડા અનુસાર રાજ્યમાં ૧૭૯ તાલુકામાં વરસાદે હાજરી નોંધાવી હતી. જોકે રાજકોટ શહેરને બાદ કરતા અન્ય સ્થળોએ ઘણો જ સામાન્ય એવો વરસાદ વરસ્યો હતો. રાજકોટમાં રવિવારે ૨.૭૨ ટકા વરસાદ નોંધાયો હતો.

વરસાદી સિઝનની શરૂઆત જૂન મહિનાથી થતી હોય છે. દેશભરમાં ચોમાસું મોડું બેઠું હતું. ગુજરાતમાં પણ જૂન મહિનો લગભગ કોરો ગયો હતો, પરંતુ જુલાઈ મહિનામાં રાજ્યમાં સતત વરસાદી માહોલ રહ્યો અને એક જ મહિનામાં સિઝનનો ૬૦ ટકા કરતા વધારે વરસાદ વરસી ગયો હોવાનું આંકડાઓ જણાવે છે. સિઝનનો કુલ ૬૮.૫૮ ટકા જેટલો વરસાદ ગુજરાતમાં પડ્યો છે. સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટરના આંકડાઓ અનુસાર છેલ્લા દસ વર્ષમાં આ વર્ષે જુલાઈ મહિનામાં સૌથી વધારે વરસાદ વરસ્યો છે. ૨૦૨૨ બાદ રાજ્યમાં જુલાઈ મહિનામાં ૫૦૦ મિમી કરતા વધારે વરસાદ નોંધાયો હતો. છેલ્લા દસકામાં માત્ર ત્રીજીવાર એવું બન્યું છે કે જુલાઈ મહિનામાં આટલો વરસાદ વરસ્યો હોય, તેમ અહેવાલો જણાવે છે.

અમદાવાદમાં એક જ દિવસમાં એકસાથે પડેલા વરસાદને કારણે શહેરનો સિઝનનો ૬૦ ટકા કરતા વધારે વરસાદ પડી ગયો હોવાનું અહેવાલો જણાવે છે. જુલાઈના અંતમાં શહેરમાં રેડ અલર્ટ જાહેર કરવામાં આવ્યું હતું, પરંતુ તે પ્રમાણે વરસાદ થયો ન હતો.

ઑગસ્ટ અને સપ્ટેમ્બર મહિનામાં વરસાદ ઓછો હોવાનું અનુમાન છે. હવામાન ખાતાના જણાવ્યા અનુસાર આગામી અઠવાડિયામા રાજ્યના મોટાભાગના જિલ્લામાં છુટાછવાયા ઝાપટાં કે હળવાથી મધ્યમ વરસાદની શક્યતા છે.

દરમિયાન રાજ્યમાં સૌથી વધારે ૯૫ ટકા વરસાદ દક્ષિણ ગુજરાતમાં નોંધાયો હતો. પૂર્વ-મધ્ય ગુજરાતમાં ૬૫.૦૬ ટકા, સૌરાષ્ટ્રમાં ૫૩.૫૮ ટકા, ઉત્તર ગુજરાતમાં ૫૦.૧૨ ટકા અને કચ્છમાં ૨૮.૨૯ ટકા વરસાદ વરસ્યો છે. વરસાદને કારણે રાજ્યના મોટાભાગના જળાશયો છલોછલ ભરાયા છે. કુલ ૩૪ ડેમને હાઈ અલર્ટ પર રાખવામાં આવ્યા હોવાની માહિતી રાજ્ય સરકારે આપી હતી. ■

# ગીર સોમનાથના જામવાળા માધુપુર રોડ પર એકસાથે ૧૨ સિંહોનું શાહી આગમન, રસ્તા પર વાહનોના પૈડા થંભી ગયા

ગીર સોમનાથઃ ગીરની ધરતી પર જ્યારે વાદળો વરસી રહ્યા હોય અને જંગલની ભીની માટીમાંથી કુદરતની સુગંધ પ્રસરી રહી હોય, ત્યારે ગીરના વનરાજ પોતાના સામ્રાજ્યમાંથી બહાર આવી રસ્તા પર આવી ચડે એ દૃશ્યને શબ્દોમાં વર્ણવવું પણ જાણે કુદરતની ભવ્યતાને સીમિત કરવા જેવું છે. આવો જ એક અલૌકિક અને રોમાંચથી ભરેલો નજારો જામવાળા, માધુપુર રોડ પર જોવા મળ્યો હતો, જ્યાં એકસાથે ૧૨ સિંહોના ટોળાએ રોડ પર આવી જાણે પોતાના સામ્રાજ્યની હદ જાહેર કરી દીધી હોય તેમ આંટા ફેરા માર્યા હતાં.

રવિવારે વરસાદી માહોલ વચ્ચે ગીરના જંગલ વિસ્તારમાં આવેલા જામવાળા માધુપુર રોડ પર અચાનક સિંહોના ટોળાનો પ્રવેશ થયો હતો. એક નહીં, બે નહીં પરંતુ એકસાથે ૧૨ સિંહો રોડ પર જોવા મળતાં વાહનચાલકો માટે આ ક્ષણ અવિસ્મરણીય બની ગઈ હતી. સમગ્ર દૃશ્ય જાણે કુદરતે પોતાના હાથથી દોરેલું જીવંત ચિત્ર હોય તેવું લાગી રહ્યું હતું.

સિંહણો અને સિંહ બાળ સહિતનું આ વિશાળ ટોળું અત્યંત નિર્ભયતાથી રોડ પર આગળ વધતું જોવા મળ્યું હતું. સિંહોના ટોળાને રોડ પર નિહાળતા વાહનચાલકોએ તાત્કાલિક પોતાના વાહનો થોભાવી દીધા હતા અને સુરક્ષિત અંતર જાળવી આ અદ્ભુત નજારો નિહાળ્યો હતો. સિંહોની અવરજવર દરમિયાન કોઈ અફરાતફરી સર્જાઈ નહોતી.

સિંહોના આ અદ્ભુત દર્શને સ્થાનિકો તેમજ પસાર થતા પ્રવાસી ઓમાં ભારે ઉત્સાહ છવાઈ ગયો હતો. અનેક લોકોએ પોતાના મોબાઈલ કેમેરામાં આ ક્ષણોને કેદ કરી લીધી હતી. સિંહોનું ટોળું રોડ પર નિર્ભયતાથી પસાર થતું હોય તેવા દૃશ્યો સોશ્યલ મીડિયામાં પણ ઝડપથી પ્રસરી રહ્યા છે. ■

# વરસાદ બાદ સુરત અને વડોદરા જિલ્લામાં પશુધનની જાળવણીના પગલાં હાથ ધરાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સુરત જિલ્લામાં તાજેતરમાં આવેલા ભારે વાવાઝોડા અને અતિવૃષ્ટિ બાદ, પશુધનની સુરક્ષા અને સંભવિત રોગચાળાને અટકાવવા વિશેષ પ્રયાસ હાથ ધરવામાં આવ્યા છે. જિલ્લા વિકાસ અધિકારી દેવેન્દ્ર પ્રકાશ મીના અને જિલ્લા પશુપાલન અધિકારી ડૉ. મયુર ભીમાણીના નેતૃત્વ હેઠળ ૧૨ વિશેષ તબીબી ટીમો દ્વારા સંવેદનશીલ વિસ્તારોમાં વ્યાપક પશુ રોગ પ્રતિકારક ઝુંબેશ શરૂ કરવામાં આવી છે. આ રાહત કામગીરી મુખ્યત્વે ઓલપાડ, માંડવી, અરેઠ અને માંગરોળ તાલુકાઓના સૌથી વધુ અસરગ્રસ્ત પશુપાલન ક્ષેત્રો પર કેન્દ્રિત છે.

રાજ્ય સરકારે આપેલી માહિતી અનુસાર પૂર બાદ ફેલાતા ગંભીર એચ.એસ. રોગ સામે પશુધન માટે વ્યાપક રસીકરણ ઝુંબેશ ચલાવવામાં આવી રહી છે. પશુઓના ન્યુટ્રિશનલ સપોર્ટ માટે પશુપાલકોને કૃમિનાશક દવાઓનું વિતરણ કરવામાં આવી રહ્યું છે. પૂરના કારણે મૃત્યુ પામેલા પશુઓની ચોક્કસ આંકડાકીય માહિતી એકત્ર કરવા માટે ગ્રાઉન્ડ સર્વે હાથ ધરાયો છે, જેથી અસરગ્રસ્ત પશુપાલકોને પુનઃવસન સહાય પૂરી પાડી શકાય.

આવી જ રીતે વડોદરા જિલ્લામાં થયેલા ભારે વરસાદ અને પૂરની પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને, વડોદરા જિલ્લા પંચાયતના પશુપાલન વિભાગ દ્વારા પશુધનની સુરક્ષા અને પૂર બાદ સંભવિત ચેપી રોગચાળો ફેલાતો અટકાવવા માટે યુદ્ધના ધોરણે રાહત અને તબીબી કામગીરી હાથ ધરવામાં આવી છે. આ માટે પશુપાલન વિભાગના ૩૭ પશુચિકિત્સકોની વિશેષ ટીમો દ્વારા પૂર અસરગ્રસ્ત ગામોની પ્રત્યક્ષ મુલાકાત લઈ કામગીરી કરવામાં આવી રહી છે.

જિલ્લામાં પૂરથી પ્રભાવિત થયેલા ૪૩૯ પશુઓને ટીમો દ્વારા સ્થળ પર જ તાત્કાલિક ધોરણે જરૂરી તબીબી સારવાર પૂરી પાડવામાં આવી હતી. આ સાથે પશુપાલકોને પશુઓની યોગ્ય સંભાળ, શેડની સ્વચ્છતા તેમજ વિપરીત પરિસ્થિતિમાં જૈવ-સુરક્ષા જાળવવા અંગે તબીબી માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું, તેવી માહિતી રાજ્ય સરકારે આપી હતી. ■

# દાદરમાં ચોરટાઓનો મેનહૉલ પર બેસાડેલી ગ્રીલ ચોરવાનો પ્રયાસ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: સાકીનાકામાં જુલાઈમાં ભારે વરસાદ દરમ્યાન મેનહૉલ કવરની અંદર જાળી લગાવવાના કામ દરમ્યાન કૉન્ટ્રાક્ટરની બેદરકારીને કારણે ૬૨ વર્ષના સિનિયર સિટિઝનનું ખુલ્લી ચેમ્બરમાં પડી જવાથી મૃત્યુ થયું હતું. આ ઘટના હજી તાજી છે ત્યાં દાદર (પૂર્વ)માં મેનહોલનું કવર કાઢીને તેની અંદરની લોખંડની જાળી ચોરી કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. ચોર જોકે જાળી કાઢવામાં નિષ્ફળ જતા તે ભાગી છૂટયો હતો. પોલીસે અજ્ઞાત ચોરટા વિરુદ્ધ ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.



નગરસેવક અમેય ઘોલેના જણાવ્યા મુજબ શનિવારે મધરાત બાદ ચોરટાએ દાદરમાં ખોદાદાદ સર્કલ પાસે મેનહોલના ઢાંકણાને હટાવીને તેમાંથી લોખંડની રક્ષણાત્મક ગ્રીલ ચોરવાનો પ્રયાસ કર્યો હોવાનું જણાઈ આવ્યું છે. જોકે જાળી ચેમ્બરની અંદર પડી ગઈ હતી અને તેને ચોરવાનો પ્રયાસ નિષ્ફળ ગયો હતો. ચોરો પાછા મેનહૉલ પર કવર લગાવી શક્યા નહીં અને તેને જેમ હતું તેમ રાખીને ભાગી છૂટયો હતો, જેના કારણે નાગરિકો અને વાહનોની સલામતી માટે ખતરો ઉભો થયો. આ બાબત તાત્કાલિક જાળવણી સ્ટાફના ધ્યાન પર લાવવામાં આવી હતી. સ્ટાફે ચેમ્બરમાંથી રક્ષણાત્મક ગ્રીલ બહાર કાઢીને તેને ફરીથી બેસાડી હતી. ■

# ડિજિટલ અરેસ્ટને નામે સિનિયર સિટિઝન સાથે ૩૧.૫૦ લાખનું સાયબર ફ્રોડ: યુવકની ધરપકડ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: આતંકવાદી સંગઠન સાથે સંપર્ક અને મની લોન્ડરિંગની તપાસમાં ડિજિટલ અરેસ્ટનો ભય દેખાડી દક્ષિણ મુંબઈના સિનિયર સિટીઝન સાથે ૩૧.૫૦ લાખ રૂપિયાનું સાયબર ફ્રોડ કરવાના કેસમાં પોલીસે સોલાપુરથી યુવકની ધરપકડ કરી હતી.

સાઉથ રિજન સાયબર પોલીસે પકડી પાડેલા આરોપીની ઓળખ અશપાક બાબુલાલ પઠાણ તરીકે થઈ હતી. સાયબર ફ્રોડથી મેળવેલી રકમ બોગસ બૅન્ક ખાતામાં જમા થઈ હતી, જેની પઠાણ ઑપરેટ કરતો હતો, એવું તપાસમાં જણાયું હતું.

આ પ્રકરણે ૭૫ વર્ષના સિનિયર સિટીઝનની ફરિયાદને આધારે સાયબર પોલીસે ગુનો નોંધ્યો હતો. ફરિયાદ અનુસાર ૧૫થી ૨૭ જુલાઈ દરમિયાન કથિત છેતરપિંડી થઈ હતી. સાયબર ઠગે વૉટ્સઍપ નંબર પર ફરિયાદીનો સંપર્ક સાધ્યો હતો અને પોતાની ઓળખ નૅશનલ ઈન્વેસ્ટિગેશન એજન્સી (એનઆઈએ)ના અધિકારી પ્રદીપ જયસ્વાલ તરીકે આપી હતી.

ફરિયાદીના નામ અને આધાર કાર્ડનો ઉપયોગ કરીને એક રાષ્ટ્રીયકૃત બૅન્કમાં ખાતું ખોલાવવામાં આવ્યું હતું. આ ખાતાના માધ્યમથી મની લોન્ડરિંગ થઈ હોઈ તેનું કનેક્શન આતંકવાદી સંગઠન સાથે હોવાનું તપાસમાં સામે આવ્યું હતું, એવું સાયબર ઠગે કહ્યું હતું.

ઠગ ટોળકીએ ભય ઊભો કરવા ફરિયાદીના સંપર્ક આતંકવાદી સંગઠન સાથે હોવાનું અત્યાર સુધીની તપાસમાં જણાયું હોવાથી તેમની વિરુદ્ધ ફરિયાદ નોંધવાની પ્રક્રિયા શરૂ કરાઈ છે, એમ કહ્યું હતું. આ મામલે ફરિયાદીના દીકરા સામે પણ ગુનો નોંધવામાં આવશે, એવી માહિતી આપી ફરિયાદીને ડિજિટલ અરેસ્ટનો ડર દેખાડ્યો હતો.

ફરિયાદ અનુસાર આરોપીએ આપેલા બૅન્ક ખાતામાં ૩૧.૫૦ લાખ રૂપિયા ટ્રાન્સફર કરવાની ફરજ ફરિયાદીને પડાઈ હતી. આ પ્રકરણે ગુનો નોંધી સાઉથ સાયબર પોલીસના સિનિયર ઈન્સ્પેક્ટર નંદકુમાર ગોપાળેની ટીમે તપાસ હાથ ધરી હતી. ■

# ગોવંડીમાં સગીર સાથેની બોલાચાલી પછી ફેરિયા પર ચાકુથી હુમલો

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: ગોવંડીમાં સગીર સાથે થયેલી બોલાચાલી પછી ફેરિયા પર ચાકુથી હુમલો કરવામાં આવતાં પોલીસે યુવકની ધરપકડ કરી હતી, જ્યારે બે સગીર વિરુદ્ધ ગુનો નોંધ્યો હતો.

શિવાજી નગર પોલીસના જણાવ્યા મુજબ ઘટના ૩૧ જુલાઈની મધરાત બાદ બે વાગ્યાની આસપાસ બૈગનવાડીમાં પ્લૉટ નંબર ૪૧ પાસે રોડ નંબર આઠ પર બની હતી. હુમલામાં ગંભીર રીતે ઘવાયેલા મોહમ્મદ શાહીદ મોહમ્મદ મુન્ના મન્સૂરી (૨૬)ને સારવાર માટે ઘાટકોપરની રાજાવાડી હૉસ્પિટલમાં દાખલ કરાયો હતો.

બૈગનવાડીમાં જ રહેતો મન્સૂરી ગોવંડીમાં ફરીને રેકડી પર બળી વેચવાનું કામ કરતો હતો. શુક્રવારની સાંજે ચાર વાગ્યાની આસપાસ આરોપી સગીર તેની પાસે બળી ખરીદવા આવ્યો હતો. પછી સગીરે જાતે જ છરીથી કાપીને બળી લેવાનો પ્રયાસ કરતાં મન્સૂરીએ તેને ટોક્યો હતો. આ વાતને લઈ ગુસ્સે ભરાયેલા સગીરે ગાળાગાળી કરી ધમકીની ભાષા વાપરી હતી.

ફરિયાદમાં જણાવાયું હતું કે ધમકી આપીને સગીર ત્યાંથી રવાના થયો હતો, પરંતુ બળી વેચીને મધરાતે બે વાગ્યાની આસપાસ મન્સૂરી ઘરે પાછો ફરી રહ્યો હતો ત્યારે બે મિત્ર સાથે આવેલા સગીરે તેને રોક્યો હતો. ગાળાગાળી પછી મન્સૂરીને ધમકાવીને ૧૯ વર્ષના યુવકે તેના પર ચાકુથી હુમલો કર્યો હતો.

ચાકુથી મન્સૂરીની પીઠ પર બે ઘા કરવામાં આવતાં તેણે મદદ માટે બૂમો પાડી હતી. સ્થાનિક રહેવાસીઓ એકઠા થવા લાગતાં યુવાન સાથે બન્ને સગીર નાસી ગયા હતા. દરમિયાન પેટ્રોલિંગ પર હાજર શિવાજી નગર પોલીસની ટીમ ઘટનાસ્થળે આવી પહોંચી હતી. જખમી મન્સૂરીને રાજાવાડી હૉસ્પિટલમાં દાખલ કરાયો હતો. તેણે આપેલા નિવેદનને આધારે પોલીસે બે સગીર વિરુદ્ધ ગુનો નોંધ્યો હતો, જ્યારે ચાકુ હુલાવનારા યુવકની ધરપકડ કરી હતી. ■

# ચર્ચગેટ-વિરાર ટ્રેનમાં મહિલા સાથે પ્રવાસીઓની 'ગેરવર્તણૂક': પોલીસે મહિલા અને બાળકને બચાવી લીધાં

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મુંબઈની લાઈફલાઈન ગણાતી લોકલ ટ્રેનમાં એક મહિલા પ્રવાસી અને તેના માસૂમ બાળક સાથે કથિત ગેરવર્તણૂકની ઘટના નોંધાઈ છે. ચર્ચગેટથી વિરાર જતી ફાસ્ટ લોકલના પ્રવાસ દરમિયાન અમુક પુરુષ પ્રવાસીઓએ મહિલાની ઘેરાબંધી કરી હતી એટલું જ નહીં, તેની સાથે બોલાચાલી કરી હતી. ઘટનાની જાણ થતા જ રેલવે પોલીસ દ્વારા બોરીવલી સ્ટેશન પર બચાવ કરી મહિલા અને તેના બાળકને સુરક્ષિત નીચે ઉતારવામાં આવ્યા હતા. ઘટનાની વિગતો અનુસાર આ ઘટના ૩૧ જુલાઈએ રાતે લગભગ ૧૧ વાગ્યે બની હતી. ચર્ચગેટથી વિરાર જતી ફાસ્ટ લોકલ ટ્રેનના ફર્સ્ટ કલાસ કોચમાં મહિલા કોચનો અડધો ભાગ જનરલ કોચમાં બદલાઈ જાય છે, જ્યાં પુરુષ પ્રવાસીઓને પણ બેસવાની પરવાનગી મળે છે. મહિલા આ માહિતીથી અજાણ હતી એટલે તે આ કોચમાં બેસી ગઈ હતી. દાદર સ્ટેશનથી ટ્રેનમાં ચડ્યા બાદ કોચમાં મોટી સંખ્યામાં પુરુષ પ્રવાસીઓને જોઈને મહિલાએ વિરોધ દર્શાવ્યો હતો, અમુક પ્રવાસીઓ સાથે બોલાચાલી થતા સમગ્ર વાતચીત વિવાદમાં પરિણમી હતી. કેટલાક પુરુષોએ મહિલાને ઘેરીને તેની મજાક ઉડાવી હતી અને તેને બેસવાની જગ્યા પણ આપી નહોતી. મહિલા પોતાના બાળક સાથે સમગ્ર મુસાફરી દરમિયાન અસ્વસ્થ બની ગઈ હતી.

મળતી વિગતો અનુસાર તે ડબ્બામાં હાજર મહિલા પોલીસ કોન્સ્ટેબલે મામલો શાંત પાડવાની કોશિશ કરી છતાં પ્રવાસીઓએ તેમની વાત નહીં માનતા વિવાદ વકરતા રેલવે કંટ્રોલ રૂમને જાણ કરવામાં આવી હતી ત્યાર બાદ બોરીવલી સ્ટેશન પર રેલવે પોલીસે મહિલા અને તેના બાળકને સુરક્ષિત ઉતાર્યા અને તેમને મીરારોડ સુધી મહિલા કોચમાં બેસાડીને રવાના કર્યા હતા. ■

# ખેડૂતોની લોન માફી માટે હવે ફાર્મર આઈડીની સમસ્યા

મુંબઈ/રત્નાગિરિ: મહારાષ્ટ્ર સરકાર દ્વારા જાહેરાત કરવામાં આવેલી પુણ્યશ્લોક અહિલ્યાદેવી હોળકર લોન માફી યોજનાનો લાભ મેળવવા આડે હવે ખેડૂતોને ફાર્મર આઈડીની સમસ્યાનો સામનો કરવો પડી રહ્યો છે. જાણવા મળ્યા મુજબ જરૂરી દસ્તાવેજોની પ્રક્રિયા અધૂરી હોવાથી હજારો ખેડૂતોને સરકાર દ્વારા મંજૂર કરાયેલી લોનમાફીનો લાભ હજી સુધી મળી શક્યો નથી. આ બાબતને ધ્યાનમાં લેતાં રત્નાગિરિ જિલ્લા વહીવટી તંત્રે તમામ પાત્ર ખેડૂતોને તાત્કાલિક 'એગ્રીસ્ટેક ફાર્મર આઈડી' બનાવવાની અને ઈ-કેવાયસી પ્રક્રિયા ઝડપથી પૂર્ણ કરવાની અપીલ કરી છે.

હાલ જિલ્લામાં કુલ ૭,૦૦૮ ખેડૂતો લોનમાફી માટે પાત્ર જાહેર થયા છે, પરંતુ માત્ર ૨,૧૦૯ ખેડૂતો પાસે જ ફાર્મર આઈડી છે. બાકીના ૪,૮૯૯ ખેડૂતો પાસે હજુ ફાર્મર આઈડી ન હોવાથી તેમને લાભ મળ્યો નથી. બીજી તરફ ૪,૦૦૬ ખેડૂતોની ઈ-કેવાયસી પ્રક્રિયા પણ બાકી છે. આ બધાને કારણે જિલ્લાના આશરે ૬૯ ટકા પાત્ર ખેડૂતોના ખાતામાં લોનમાફીની રકમ હજુ સુધી જમા થઈ શકી નથી. આ પ્રકરણે માહિતી આપતા વહીવટીતંત્રે જણાવ્યું હતું કે લોનમાફીનો લાભ મેળવવા માટે 'એગ્રીસ્ટેક ફાર્મર આઈડી' ફરજિયાત છે. જોકે, ઘણા ખેડૂતોને નામે સાતબારા ન હોવા , જમીન પરિવારના અન્ય સભ્યોના નામે હોવી અથવા માલિકીના રેકોર્ડ અધૂરા હોવાના કારણે ફાર્મર આઈડી બનાવવામાં મુશ્કેલી પડી રહી છે. આ ટેક્નિકલ કારણોસર સહાયની રકમ ખેડૂતોના ખાતામાં જમા થવામાં વિલંબ થઈ રહ્યો છે.

તંત્રએ તમામ પાત્ર ખેડૂતોને લાભાર્થી યાદીનો ક્રમાંક, આધાર કાર્ડ, લોન ખાતાની પાસબુક અને બેંક પાસબુક સાથે નજીકના 'આપલે સરકાર' સેવા કેન્દ્ર અથવા કોમન સર્વિસ સેન્ટર (સીએસસી)માં જઈ આધાર આધારિત ચકાસણી કરાવી ફાર્મર આઈડી અને ઈ-કેવાયસીની પ્રક્રિયા તાત્કાલિક પૂર્ણ કરવાની અપીલ કરી છે. આ સેવા સંપૂર્ણપણે નિઃશુલ્ક ઉપલબ્ધ હોવાનું પણ સ્પષ્ટ કરવામાં આવ્યું છે. ■

# ગઢચિરોલીમાં પૂરના કારણે છ ગામ સંપર્ક વિહોણાં: ગર્ભવતીને બળદગાડામાં હૉસ્પિટલ પહોંચાડી

ગઢચિરોલી: ગુજરાત, મહારાષ્ટ્ર સહિત દક્ષિણ ભારતમાં વરસાદનું જોર વધ્યું છે, જેને કારણે મોટી જાનહાનિના સમાચાર છે. મહારાષ્ટ્રના ગઢચિરોલીમાં સિરોચા તાલુકાના ગ્રામ પંચાયત ગુમાલકોંડા હેઠળ આવતા ગુમાલકોંડા, મુક્તાપુર, સોમનૂર, મુકીડીગુત્તા, જૂના સોમનૂર અને નવા સોમનૂર ગામો ભારે વરસાદના કારણે સંપર્ક વિહોણાં બન્યાં હતાં. મુત્તાપુરનો પૂલ ડૂબી જતા અવરજવર ઠપ બની હતી, જેથી સમગ્ર ગ્રામીણોના જનજીવન પર માઠી અસર પડી હતી.

સ્થિતિની ગંભીરતા જોતા એવો અંદાજ લગાવી શકાય કે એક ગર્ભવતી મહિલાને પ્રસૂતિ માટે હોસ્પિટલ લઇ જવા એમ્બ્યુલન્સ પણ પહોંચી શકી નહોતી. જોકે, પુલ પાણીમાં ગરકાવ થઈ જતા ગ્રામીણોએ મોટું જોખમ લઈને આ મહિલાને બળદગાડાની મદદથી સુરક્ષિત સ્થળ સુધી પહોંચાડી હતી.

ગ્રામ્યજનોના જણાવ્યા અનુસાર આ વિસ્તારમાં પુલ ડૂબ્યા બાદ દર્દીઓની સારવાર માટે સિરોંચા ઉપજિલ્લા હોસ્પિટલ સુધી પહોંચાડવામાં ભારે મુશ્કેલી પડી જાય છે.

કોઈ પણ સમયે દર્દીઓની તબિયત લથડતા આપાતકાલીન સ્થિતિ ઉત્પન્ન થતા લોકોના સ્વાસ્થ્ય પર જોખમ આવી શકે છે. વરસાદ અને પુલ ડૂબવાના કારણે સરકારી કામકાજ, વિદ્યાર્થીઓના શિક્ષણ, સ્કૂલ અવરજવર, જરૂરી સેવાઓ, બજાર અને ગ્રામીણોના દૈનિક જીવન પર પણ વ્યાપક અસર થઈ હતી.

ગ્રામીણો દ્વારા શાસન અને પ્રશાસનને મુક્તાપુરમાં ઊંચા પૂલના નિર્માણ માટે અને દરેક ઋતુમાં અવરજવર સુગમ બને તે માટે માર્ગ વ્યવસ્થા ઉપલબ્ધ કરાવવાની માગ કરવામાં આવી છે. આ સાથે ચેતવણી આપવામાં આવી કે જો તાત્કાલિક કાર્યવાહી ન કરવામાં આવે તો તીવ્ર આંદોલન કરવામાં આવશે. ■

# મહારાષ્ટ્રમાં મુક્ત કરાયા બાદ પુનર્વસિત ગીધે આઠ અઠવાડિયામાં ૧,૬૦૦ કિમીથી વધુનું અંતર કાપ્યું

મુંબઈ : વન્યજીવ નિષ્ણાતોએ રવિવારે જણાવ્યું હતું કે, મહારાષ્ટ્રમાં કુદરતી આવાસમાં મુક્ત કરાયા બાદ એક પુનર્વસિત ભારતીય ગીધે ૫૬ દિવસમાં ૧,૬૦૦ કિમીથી વધુની મુસાફરી કરી છે. આ ગીધે તેની જીવિત રહેવાની ક્ષમતા ઉત્તમ રીતે દર્શાવી છે અને આ ઘટના સંરક્ષણ કાર્યક્રમમાં એક મોટી સફળતા સમાન છે.

બોમ્બે નેચરલ હિસ્ટ્રી સોસાયટી (બીએનએચએસ) ના સંશોધકોએ જણાવ્યું હતું કે, આ ગીધે ૧૭ જૂનના રોજ એક જ દિવસમાં સૌથી લાંબી ૧૬૮ કિમીની મુસાફરી કરી હતી.

'જે૧૩૨' ટેગ ધરાવતા આ પક્ષીને ૭ જૂનના રોજ નાશિકમાં મુક્ત કરવામાં આવ્યું હતું.

અગાઉ તેને બે વાર મુક્ત કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો, પરંતુ તેની શારીરિક સ્થિતિ અને જીવિત રહેવાની શક્યતાઓ સુધારવા માટે તેને ફરીથી પકડી લેવામાં આવ્યું હતું. આ પક્ષીને સૌપ્રથમ ૧૧ ડિસેમ્બર, ૨૦૨૫ના રોજ પેંચ ટાઈગર રિઝર્વ ખાતે મુક્ત કરવામાં આવ્યું હતું. પક્ષીનું નિરીક્ષણ કરી રહેલા બીએનએચએસ સંશોધક માનનસિંહ મહાદેવે જણાવ્યું હતું કે ઉત્તર નાશિકમાં જે૧૩૨ની સતત હાજરી અત્યંત જોખમમાં મુકાયેલા જીપ્સ ગીધના સંરક્ષણ માટે આ પ્રદેશના મહત્તવને ઉજાગર કરે છે. બીએનએચએસએ જણાવ્યું હતું કે આ ગીધનું સફળ પુનર્વસન ભારતના અત્યંત જોખમમાં મુકાયેલા ગીધની વસ્તીને પુનઃસ્થાપિત કરવાના પ્રયાસોમાં એક પ્રોત્સાહક પગલું છે. (પીટીઆઈ) ■

# ગિરિરાજ સિંહે ઘૃષ્ણેશ્વર જ્યોતિર્લિંગના દર્શન કર્યા

## કપાસ ક્ષેત્રના હિતધારકો સાથે પણ કરી બેઠક

કેન્દ્રીય વસ્ત્રોદ્યોગ ખાતાના પ્રધાન ગિરિરાજ સિંહે રવિવારે મહારાષ્ટ્રના છત્રપતિ સંભાજીનગર જિલ્લામાં ઈલોરા ખાતે આવેલા પ્રસિદ્ધ ઘૃષ્ણેશ્વર જ્યોતિર્લિંગ મંદિરમાં દર્શન કરી વિશેષ પૂજા-અર્ચના કરી હતી.

ઉત્તર ભારતના શ્રાવણ માસ દરમિયાન ભગવાન ભોલેનાથના આશીર્વાદ મેળવવા મોટી સંખ્યામાં ભાવિકો અહીં ઉમટી રહ્યા છે. ઘૃષ્ણેશ્વર મંદિર દેશના ૧૨ જ્યોતિર્લિંગોમાંથી અંતિમ મહત્ત્વપૂર્ણ જ્યોતિર્લિંગ તરીકેની ખ્યાતિ ધરાવે છે અને પ્રદેશના સૌથી પ્રાચીન શિવ મંદિરોમાંનું એક છે.

મહારાષ્ટ્રની બે દિવસની મુલાકાત દરમિયાન ગિરિરાજ સિંહે રાજ્યના કપાસ ક્ષેત્ર સાથે જોડાયેલા વિવિધ હિતધારકો સાથે પણ બેઠક યોજી હતી.

બેઠકમાં કપાસનું ઉત્પાદન, ગુણવત્તા, માર્કેટિંગ તેમજ બંધ જગ્યામાં આધુનિક પદ્ધતિથી થતી કપાસની ખેતી જેવા મુદ્દાઓ પર વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. ઉપરાંત તેમણે કોટન કોર્પોરેશન ઓફ ઈન્ડિયાના ૫૬મા સ્થાપના દિવસના કાર્યક્રમમાં પણ હાજરી આપી હતી.

પોતાની મુલાકાત દરમિયાન ગિરિરાજ સિંહે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (આરએસએસ)ના સ્થાનિક કાર્યાલયની મુલાકાત લઈને સંગઠનના પ્રતિનિધિઓ સાથે બેઠક પણ યોજી હતી. પોતાના સોશ્યલ મીડિયા પ્લેટફોર્મ 'એક્સ' પર તેમણે લખ્યું હતું કે, ''શ્રાવણના પવિત્ર મહિનામાં મહારાષ્ટ્ર સ્થિત શ્રી ઘૃષ્ણેશ્વર જ્યોતિર્લિંગ મહાદેવના દર્શન અને પૂજા કરવાનું સૌભાગ્ય પ્રાપ્ત થયું હતું. ભગવાન ભોલેનાથને દરેકના જીવનમાં સુખ, શાંતિ, ઉત્તમ આરોગ્ય અને સમૃદ્ધિ માટે મેં પ્રાર્થના કરી હતી.'' ■

# રાજ્યની ૧૬,૦૦૦ શાળાઓને મળશે લાઉડસ્પીકર સિસ્ટમ

પુણે: રાજ્યની સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની શાળાઓમાં આનંદદાયક અને ટેકનોલોજી-ફ્રેન્ડલી શૈક્ષણિક વાતાવરણ ઊભું કરવા માટે શિક્ષણ વિભાગે એક મહત્ત્વપૂર્ણ પગલું ભર્યું છે. રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦ ના ધ્યેયો અને નીતિઓને અનુરૂપ રાજ્યની ૧૬ હજાર શાળાઓને લાઉડસ્પીકર સિસ્ટમ સેટ પૂરા પાડવા માટે મંજૂરી આપવામાં આવી છે, જે અંતર્ગત ૨૦ કરોડ ૮૦ લાખ રૂપિયાનું ભંડોળ ખર્ચવામાં આવશે. રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦ મુજબ શાળાઓમાં આનંદદાયક, ઉત્સાહવર્ધક અને શૈક્ષણિક રીતે સાનુકૂળ વાતાવરણમાં ઉચ્ચ સ્તરનું શિક્ષણ આપીને, બાળકો ૨૧મી સદીના મુખ્ય કૌશલ્યો આત્મસાત કરે અને તેમનો સર્વાંગી વિકાસ થાય તેના પર ભાર મૂકવામાં આવ્યો છે. આ સંદર્ભમાં, શાળા શિક્ષણ પ્રધાન દાદાજી ભુસેના અધ્યક્ષસ્થાને મળેલી બેઠકમાં શાળાઓને લાઉડસ્પીકર સિસ્ટમ સેટ આપવા અંગે ચર્ચા કરવામાં આવી હતી. તે માટેનો અભ્યાસ કરીને પ્રસ્તાવ રજૂ કરવાની સૂચના શિક્ષણ કમિશનરને આપવામાં આવી હતી. પ્રાથમિક શિક્ષણ નિયામક દ્વારા ૧૬,૦૦૦ શાળાઓમાં લાઉડસ્પીકર સિસ્ટમ સેટ પૂરા પાડવાનો પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો હતો. ■



**મૈત્રી દિનની ઉજવણી:** ઓગસ્ટ મહિનાના પહેલા રવિવારે ઉજવાતા વિશ્વ મિત્રતા દિવસ નિમિત્તે, મુંબઈના મરીન ડ્રાઈવ વિસ્તારમાં યુવાનોની મોટી ભીડ જોવા મળી હતી. ઘણા લોકોએ મિત્રો સાથે ગુણવત્તાયુક્ત સમય વિતાવવા, બીચ પર ફરવા અને મિત્રતાની યાદોને તાજી કરવા માટે મરીન ડ્રાઈવને પસંદ કર્યું હતું. (અમય ખરાડે)

# મુંબઈમાં વૈભવી ઘરોના વેચાણમાં વર્લી ટોચ પર

મુંબઈ: છેલ્લા છ મહિનામાં મુંબઈમાં આલીશાન ઘરોના વેચાણે નવો રેકોર્ડ બનાવ્યો છે. જે ઘરોની કિંમત ૧૦ કરોડ કે તેથી વધુ છે, તેવા ઘરોના વેચાણના વ્યવહારોમાં અધધ ૧૮ હજાર ૫૧૨ કરોડ રૂપિયાનું ટર્નઓવર થયું છે. આ અત્યાર સુધીનો સર્વોચ્ચ આંકડો છે અને ઘર ખરીદ-વેચાણમાં વરલી વિસ્તાર સૌથી વધુ પસંદગીનો રહ્યો છે. ગયા વર્ષની સરખામણીમાં આમાં ૧૨ ટકાનો વધારો થયો છે.

રિયલ એસ્ટેટ કન્સલ્ટન્સી ફર્મ ઇન્ડિયા સોથેબીઝ ઇન્ટરનેશનલ રિયલ્ટી અને સીઆરઇ મેટ્રિક્સના અહેવાલ મુજબ, જાન્યુઆરીથી જૂન ૨૦૨૬ના સમયગાળા દરમિયાન ૭૬૨ લક્ઝરી ઘરના વ્યવહારો થયા હતા. ખાસ વાત એ છે કે ૨૦ થી ૪૦ કરોડ રૂપિયાની કિંમતના ઘરોના વેચાણમાં સૌથી વધુ વધારો જોવા મળ્યો હતો. આ શ્રેણીના સોદાઓમાં ૧૩૬ ટકાનો જંગી વધારો નોંધાયો છે. કુલ સોદાના મૂલ્યમાંથી આશરે ૨૭ ટકા હિસ્સો વરલીના પ્રોજેક્ટ્સનો હતો. દરિયા કિનારે આવેલા પ્રીમિયમ પ્રોજેક્ટ્સ, ઉત્કૃષ્ટ કનેક્ટિવિટી અને ઉચ્ચ વર્ગના ગ્રાહકોની વધતી પસંદગીને કારણે વરલી અવ્વલ રહ્યું છે. ■

# ટીવી અભિનેત્રી અદિતિ શર્માએ પતિ અને સાસરિયા વિરુદ્ધ નોંધાવી ફરિયાદ

મુંબઈ: 'રબ સે હૈ દુઆ', 'અપોલીના - સપનોં કી ઊંચી ઉડાન' અને 'કલીરે' જેવી ટીવી સિરિયલોથી ઓળખ મેળવનારી અભિનેત્રી અદિતિ શર્માએ પોતાના પતિ, સાસુ અને નણંદ વિરુદ્ધ ઘરેલુ હિંસા અને માનસિક સતામણીના ગંભીર આક્ષેપો સાથેની ફરિયાદ નોંધાવી છે. અદિતિની ફરિયાદના આધારે ગોરેગાંવ પોલીસ સ્ટેશનમાં એફઆઇઆર નોંધવામાં આવી છે. જોકે, પોલીસ દ્વારા હજુ સુધી કોઈની ધરપકડ કરવામાં આવી નથી અને સમગ્ર મામલે તપાસ ચાલી રહી છે. ફરિયાદમાં અદિતિએ એવો આરોપ લગાવ્યો હતો કે લગ્ન બાદ તેના પતિ તેમજ સાસરિયાના સભ્યોએ તેની સાથે શારીરિક અને માનસિક કનડગત શરૂ કરી હતી. તેને મારપીટ કરવી, અપશબ્દો બોલવા, તેના ચારિત્ર્ય પર શંકા વ્યક્ત કરવી અને લગ્નના દાગીનાનો ગેરઉપયોગ કરવાનો પ્રયાસ કર્યાનો પણ આરોપ લગાવ્યો છે. પોલીસે જણાવ્યું કે ફરિયાદમાં દર્શાવાયેલા તમામ મુદ્દાઓની તપાસ કરવામાં આવી રહી છે. પોલીસ સમક્ષ આપેલાં નિવેદનમાં અદિતિએ જણાવ્યું કે જૂન ૨૦૨૧માં એક ઓનલાઈન એક્ટિંગ ક્લાસ દરમિયાન તેની ઓળખ અભિનીત સાથે થઈ હતી. બંને વચ્ચેની મિત્રતા બાદમાં પ્રેમસંબંધમાં પરિણમી હતી. બંને પરિવારની સંમતિથી ૧૨ નવેમ્બર, ૨૦૨૪ના રોજ તેઓએ લગ્ન કર્યાં હતાં. લગ્ન પહેલાં જ સપ્ટેમ્બર, ૨૦૨૪થી બંને ગોરેગાંવ પશ્ચિમમાં આવેલા એક એપાર્ટમેન્ટમાં સાથે 'લિવ ઈન'માં સાથે રહેતાં હતાં. ■


## કલાસિફાઈડ

### ૧૦. મહિલાઓ માટે

**કાનનાં મોટા કાણાં**
દવાથી એકજ સીટીંગમાં પુરાવો તરત બુટ્ટી પહેરો. નાક કાન વિંધાવો. બોરીવલી: 9969388693 / 7506569229. (બી-૧૭૮૧૪)

### ૧૨. યાત્રા સહેલગાહ

■ Private Car Tours Kerala Karnataka, Singapore Vietnam Thailand Cruise Lonavala, Igatpuri, Silvassa, Karjat રેન્ટાકેબ મુંબઈ લોકલ આઉટસ્ટેશન Oneway All Over India ડિઝાયર ઈનોવા ક્રિસ્ટા ટેમ્પો Urbania સ્થાનિક, આંતરરાષ્ટ્રીય ફ્લાઈટ, હોટેલ TravelInsurance. Arrham Holiday 9769977466 / 9892534488. (બી-૧૭૮૭૪)

**તુષાર નેગાંધી**
ગંગાસાગર જગન્નાથપુરી ચંપારેન, નેપાલ પુમડીકોટ મુક્તિનાથ, દક્ષિણ ભારત + કેરલા. દેવીબેન પ્રવાસ ૯૮૩૩૭૩૦૬૩૯. (૧૨૪૪-એ)

### ૧૭. જગ્યા આપવી છે

**LEAVE AND LICENSE**
Shambhu Tirth Haji Ali 2 Bedroom 2 Lac nego Maheshwari Niketan Peddar Road 2 Bedroom 2.50 Lac nego Shanti Peddar Road 2 Bedroom 2.50 nego Mazda Breach Candy 2 Bedroom 2.80 Lac nego 9892710071 / 9619048555. (B-17936)

### ૨૦. ધંધાદારી જગ્યા

**જોઈએ છે**
**ઈન્ડસ્ટ્રીયલ ગાલો અથવા શોપ 500 થી 700 કાર્પેટ ગ્રાઉન્ડ, ફસ્ટ, સેકન્ડ ફ્લોર વિલેપાર્લે / અંધેરી વેસ્ટ અથવા તેના નજીકના લોકેશનમાં કોન્ટેકટ નંબર 98252 25428. (૧૨૭૩-એ)**

### ૩૩. ધંધાદારી

**''પ્રતાપ પેકર્સ-મુવર્સ''**
52 વર્ષથી ઓફિસ/ઘરસામાન, ફેરવવા- ૯૮૨૧૦૭૦૩૨૦, ૯૮૨૧૫૪૩૮૧૬, ૨૩૪૮૧૬૪૭. લલિતભાઈ ઠક્કર. (એસએ/૨૬૨૧-એ)

### ૩૫. જ્યોતિષ ભવિષ્ય

સચોટ જ્યોતિષ
જન્મતારીખ અને સમય વોટસએપ કરો
લગ્ન યોગ ક્યારે, ભાગ્યોદય ક્યારે
વાતો ન કરો, રીઝલ્ટ માંગો
ફી લેવામાં આવતીજ નથી
7304586200
(બી-૧૭૯૨૯)

### ૪૪. પેસ્ટ કન્ટ્રોલ

**ACE પેસ્ટીસાઇડ**
(1993થી) ઉધઈ, વાંદા, માંકડ. કાંદીવલી: 9833523290, 9220789533, ચીરાબજાર: 9029181030. (૧૨૦૪-સી)

**PREMIUM**
૧૯૮૩થી વિશ્વાસુ - વાંદા, ઊધઈ, ઉંદરનો ઉપાય. Pesti Guard - 8169473531 / 9869781781. (બી-૧૭૯૫૨)

### ૫૨. કુરીઅર્સ

**ફોરેન**
પાર્સલ માટે એક માત્ર જુનું વિશ્વસનીય નામ રમેશભાઈ-9702251440 / 9224320626. (બી-૧૬૮૩૫)

**મુંબઈ સમાચાર**
વાચકોને આથી ભલામણ કરવાની કે આ પ્રકાશનમાં પ્રસિદ્ધ થતી કોઈપણ જાહેરખબરના સંદર્ભમાં પૈસા મોકલતા અગાઉ કે તબીબી ભલામણના આધારે થતા ખર્ચ અથવા તો તેવા જ પ્રકારની કોઈપણ વચનપૂર્તિ કરતા અગાઉ અધિકૃત પૂછપરછ અને સલાહ લેવી. મુંબઈ સમાચાર જૂથ જાહેરાતની કોઈપણ સેવા કે ઉત્પાદનો અંગે કોઇ જ દાવાની ચકાસણી કરતું નથી. પ્રીન્ટર, પબ્લિશર, તંત્રી, મુંબઈ સમાચાર જૂથ પબ્લિકેશનનાં માલિકો તેનાથી ઉપસ્થિત થતાં કોઈપણ પરિણામ કે દાવા જો જાહેરાતકારો નકારે તો તેની જવાબદારી લેશે નહીં.
email id for advertisement: samacharadvt@gmail.com

### સ્પેક્ટ્રમ સંબંધિત જવાબદારીઓમાં ડિફોલ્ટ

# વોડા આઈડિયાને ટેલિકોમ ડિપાર્ટમેન્ટની ₹ ૨૬.૮ કરોડની નોટિસ

નવી દિલ્હીઃ ટેલિકોમ્યુનિકેશન ડિપાર્ટમેન્ટે ૨૦૨૨ના લિલામ હેઠળ ફાળવવામાં આવેલા સ્પેક્ટ્રમ સંદર્ભમાં લઘુતમ રોલઆઉટની જવાબદારીઓમાં કથિત ડિફોલ્ટને ધ્યાનમાં લેતા વોડાફોન આઈડિઆને રૂ. ૨૬.૮૩ કરોડ રૂપિયાના લિક્વિડેટેડ નુકસાનની ચુકવણી માટે નોટિસ પાઠવી હોવાનું ટેલિકોમ કંપનીએ જણાવ્યું હતું.

ગત ૩૧મી જુલાઈનાં રોજ શુક્રવારે મળેલી આ નોટિસની કંપની સમીક્ષા કરી રહી છે અને આગામી પગલાંની આકારણી કરી રહી હોવાનું કંપનીએ જણાવ્યું હતું.

ટેલિકોમ વિભાગ દ્વારા જારી કરવામાં આવેલ વિગતો અંગો વોડાફોન આઈડિઆ લિ. (વીઆઈએલ)એ રેગ્યુલેટરી ફાઈલિંગમાં જણાવ્યું હતું કે આ ૨૦૨૨માં હાથ ધરવામાં આવેલા સ્પેક્ટ્રમ લિલામ હેઠળ ફાળવવામાં આવેલા સ્પેક્ટ્રમના સંદર્ભમાં લઘુતમ રોલઆઉટ જવાબદારીઓનાં પાલનમાં કથિત ક્ષતિ માટે રૂ. ૨૬.૮૩ કરોડનાં લિક્વિડેટેડ નુકસાનની ચુકવણીની માગ કરવામાં આવી છે.

ઉલ્લંઘનની આ નોટિસ ઈન્વાઈટિંગ એપ્લિકેશન ૨૦૨૨ (બિડનાં દસ્તાવેજ) હેઠળ ઉલ્લેખિત કરવામાં આવેલી નેટવર્ક રોલઆઉટ જવાબદારીઓ સંબંધિત છે. જે સ્પેક્ટ્રમ સોંપાયા બાદ તેનું પાલન કરવું જરૂરી હોય છે.

જોકે, વોડાફોન આઈડિઆએ કહ્યું હતું કે તેની કંપનીની કામગીરી પર નાણાકીય સહિત અન્ય કોઈ અસર નહીં થાય તેમ છતાં કંપની નોટિસની સમીક્ષા કરી રહી છે અને આ સંદર્ભના આગળના પગલાંની પણ આકારણી કરી રહી હોવાનું ફાઈલિંગમાં ઉમેર્યું હતું. ■

# આરબીઆઈના વ્યાજદર અંગેના નિર્ણય, પશ્ચિમ એશિયાની સ્થિતિ અને ક્રૂડતેલના ભાવ પર ઈક્વિટી માર્કેટની વધઘટ અવલંબિત રહેશે

નવી દિલ્હીઃ આજથી (સોમવારથી) શરૂ થઈ રહેલી રિઝર્વ બૅન્ક ઑફ ઈન્ડિયાની મોનેટરી પૉલિસી કમિટીની ત્રણ દિવસયી બેઠકનાં અંતે વ્યાજદર અંગેના નિર્ણય, અમેરિકા અને ઈરાન વચ્ચેના વિવાદને ધ્યાનમાં લેતા પશ્ચિમ એશિયાની સ્થિતિ અને ક્રૂડતેલના ભાવની વધઘટ પર ઈક્વિટી માર્કેટની વધઘટ અવલંબિત રહેશે, એવું વિશ્લેષકોનું માનવું છે.

વધુમાં સપ્તાહ દરમિયાન જાહેર થનારા વર્તમાન નાણાકીય વર્ષના પહેલા ત્રિમાસિકગાળાનાં પરિણામો અને વિદેશી સંસ્થાકીય રોકાણકારોની લે-વેચ પર પણ બજારની અસર જોવા મળશે.

વર્તમાન સપ્તાહે આજથી અથવા ત્રીજી ઑગસ્ટથી પાંચમી ઑગસ્ટ દરમિયાન રિઝર્વ બૅન્કની મોનેટરી પૉલિસી કમિટીની બેઠકમાં વ્યાજદર અંગેનો નિર્ણય બજારનું મુખ્ય ચાલક પરિબળ પુરવાર થશે. આ ઉપરાંત બજાર વર્તુળોની નજર વર્તમાન નાણાકીય વર્ષનાં પહેલા ત્રિમાસિકગાળાના જાહેર થનારા લાર્જકેપ અને મિડકેપ કંપનીઓનાં પરિણામો પર મંડાયેલી રહેશે, એમ રેલિગેર બ્રોકિંગ લિ.નાં રિસર્ચ વિભાગના સિનિયર વાઈસ પ્રેસિડેન્ટ અજિત મિશ્રાએ જણાવ્યું હતું. વધુમાં વૈશ્વિક પરિબળોમાં મુખ્યત્વે અમેરિકા અને ઈરાન વચ્ચેના વિવાદના અહેવાલો અને દરિયાઈ માર્ગે હેરફેર થઈ રહેલા ક્રૂડતેલના પુરવઠાના અહેવાલો પર પણ બજાર પર અસર જોવા મળશે, એમ તેમણે ઉમેર્યું હતું.

અત્રે નોંધનીય બાબત એ છે કે વિદેશી રોકાણકારોએ સતત ચાર મહિના સુધી ભારતીય ઈક્વિટી માર્કેટમાં વેચવાલી કર્યા બાદ આકર્ષક વૅલ્યૂએશન, પ્રોત્સાહક કોર્પોરેટ પરિણામો અને વૈશ્વિક સ્તરે જોખમો હળવાં થયાં હોવાથી ગત જુલાઈ મહિનામાં પહેલી વખત તેઓનો રૂ. ૨૦,૨૦૦ કરોડનો ચોખ્ખો આંતરપ્રવાહ જોવા મળ્યો હતો.

વધુમાં ઓનલાઈન ટ્રેડિંગ અને વૅલ્થ ટેક કંપની એનરીચ મનીના ચીફ એક્ઝિક્યુટીવ ઑફિસર પોન્મુડી આરએ જણાવ્યું હતું કે રોકાણકારોની નજર પશ્ચિમ એશિયાના ભૂરાજકીય તણાવના અહેવાલો પર મંડાયેલી રહેશે. જો અમેરિકા અને ઈરાન વચ્ચેનો વિવાદ વધુ વકરશે તો તેની માઠી અસર ક્રૂડતેલના ભાવ પર પડતાં વૈશ્વિક જોખમોમાં વધારો થશે. વર્તમાન સપ્તાહે મુખ્યત્વે ડીએલએફ, ભારતી એરટેલ, ઓએનજીસી, હીરોમોટોકોર્પ, એલઆઈસી અને સ્ટેટ બૅન્ક ઑફ ઈન્ડિયાનાં પરિણામોની જાહેરાત થનાર છે. વધુમાં મોતીલાલ ઓસ્વાલ ફાઈનાન્સિયલ સર્વિસીસ લિ.નાં રિસર્ચ અને વૅલ્થ મેનેજમેન્ટના હેડ સિદ્ધાર્થ ખેમકાએ જણાવ્યું હતું કે વર્તમાન સપ્તાહ સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં સ્થાનિક આર્થિક પરિબળો અને વર્તમાન નાણાકીય વર્ષનાં પહેલા ત્રિમાસિકગાળાના પરિણામો પ્રોત્સાહક આવી રહ્યાં હોવાથી રોકાણકારોના વિશ્વાસમાં વધારો થતાં બજારમાં સુધારાતરફી વલણ જળવાઈ રહે તેવી શક્યતા છે.

આ ઉપરાંત બજાર વર્તુળોની નજર રિઝર્વ બૅન્કના નીતિવિષયક નિર્ણય, ગત જુલાઈ મહિનાના પીએમઆઈ મેન્યુફેક્ચરિંગ અને સર્વિસીસનાં ઈન્ડેક્સની જાહેરાત, ક્રૂડતેલના ભાવની વધઘટ અને પશ્ચિમ એશિયાના ભૂરાજકીય તણાવના અહેવાલો પર પણ રહેશે, એમ તેમણે ઉમેર્યું હતું. ગત સપ્તાહે બીએસઈ બૅન્ચમાર્ક સેન્સેક્સ ૨.૬૭ ટકા અથવા તો ૨૦૩૪.૮૭ પૉઈન્ટ અને એનએસઈ બૅન્ચમાર્ક નિફ્ટી ૨.૫૯ ટકા અથવા તો ૬૧૬.૧૫ પૉઈન્ટ વધીને બંધ રહ્યો હતો. ■

# ફોરેન પોર્ટફોલિયો ઈન્વેસ્ટરોની સતત ચાર મહિનાની વેચવાલી બાદ જુલાઈમાં ₹ ૨૦,૨૦૦ કરોડની ખરીદી

નવી દિલ્હીઃ સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં આકર્ષક વૅલ્યૂએશન્સ, પ્રોત્સાહક કોર્પોરેટ પરિણામો અને વૈશ્વિક જોખમો હળવા થતાં ફોરેન પોર્ટફોલિયો ઈન્વેસ્ટરો (એફપીઆઈ-વિદેશી સંસ્થાકીય રોકાણકારો)ની સતત ચાર મહિના સુધી ઈક્વિટીમાં વેચવાલી રહ્યા બાદ ગત જુલાઈ મહિનામાં તેઓની રૂ. ૨૦,૨૦૦ કરોડની ચોખ્ખી લેવાલી જોવા મળી હતી.

સેન્ટ્રલ ડિપોઝિટરી સર્વિસીસ (ઈન્ડિયા) લિ. (સીડીએસએલ)ની આંકડાકીય માહિતી અનુસાર અગાઉ વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ભારતીય ઈક્વિટીમાં ગત માર્ચ મહિનામાં રૂ. ૧.૧૭ લાખ કરોડની, એપ્રિલ મહિનામાં રૂ. ૬૦,૮૪૭ કરોડની, મે મહિનામાં રૂ. ૩૨,૯૬૩ કરોડની અને જૂન મહિનામાં રૂ. ૪૯,૩૪૦ કરોડની ચોખ્ખી વેચવાલી રહી હતી. સતત ચાર મહિના સુધી જોવા મળેલા બાહ્યપ્રવાહ પૂર્વે ફેબ્રુઆરી મહિનામાં વિદેશી સંસ્થાકીય રોકાણકારોનો ઈક્વિટીમાં રૂ. ૨૨,૬૧૫ કરોડનો આંતરપ્રવાહ રહ્યો હતો.

એકંદરે ગત જુલાઈ મહિનામાં વિદેશી સંસ્થાકીય રોકાણકારોની નવેસરથી લેવાલી નીકળી હોવા છતાં કેલેન્ડર વર્ષ ૨૦૨૬માં અત્યાર સુધીમાં તેઓનો ભારતીય ઈક્વિટી માર્કેટમાં રૂ. ૨.૫૪ લાખ કરોડનો ચોખ્ખો બાહ્યપ્રવાહ જોવા મળ્યો છે, જે આગલા સમગ્ર કેલેન્ડર વર્ષમાં રહેલા રૂ. ૧.૬૬ લાખ કરોડના બાહ્યપ્રવાહની સરખામણીમાં વધુ છે.

બજારનાં નિષ્ણાતોનાં મતાનુસાર તાજેતરમાં વિદેશી સંસ્થાકીય રોકાણકારો ભારતીય ઈક્વિટી માર્કેટ તરફ પાછા વળવાના મુખ્ય કારણોમાં ભારતીય બજારની સ્થિરતા, લાર્જકેપ શૅરોનાં વાજબી સ્તરના વૅલ્યૂએશન્સ, પ્રોત્સાહક કોર્પોરેટ પરિણામો અને વૈશ્વિક સાનુકૂળ પરિબળો છે. જિઓજીત ઈન્વેસ્ટમેન્ટનાં ચીફ ઈન્વેસ્ટમેન્ટ સ્ટ્રેટેજિસ્ટ વી કે વિજયકુમરે જણાવ્યું હતું કે દક્ષિણ કોરિયા અને તાઈવાન જેવી બજારોમાં ભારે ચંચળતા અને સસ્તા વેપાર સામેના જોખમોની સરખામણીમાં ભારતીય બજારમાં સ્થિરતા હોવાથી વિદેશી રોકાણકારો પાછા ફર્યા હોવાનું જણાય છે. ખાસ કરીને ભારતીય રૂપિયામાં આવી રહેલી સ્થિરતા અને દેશમાં ફોરેન પોર્ટફોલિયો ઈન્વેસ્ટરોનાં આંતરપ્રવાહ માટે આપવામાં આવેલી સુવિધાઓને ટેકે પણ આંતરપ્રવાહ વધ્યો છે.

વધુમાં ઈન્વેસ્ટમેન્ટ પ્લેટફોર્મ ટ્રેકનાં કો ફાઉન્ડર અને ચીફ એક્ઝિક્યુટીવ ઑફિસર વેદાંત ગુપ્તેએ જણાવ્યું હતું કે તાજેતરમાં જૂન અંતે પૂરા થયેલા ત્રિમાસિકગાળાનાં કોર્પોરેટ પરિણામો પ્રોત્સાહક આવ્યા હોવાથી ચોક્કસ ક્ષેત્રમાં સુધારાના સંકેતો મળવાથી પણ વિદેશી રોકાણકારો ભારતીય બજાર તરફ આકર્ષાયા છે. ખાસ કરીને આઈટી સ્ટોકમાં અપેક્ષા કરતાં સારા પરિણામો આવતા કરવામાં આવેલા રિ-રેટિંગને કારણે ક્ષેત્રની સામે એઆઈની માઠી અસરની ચિંતાઓ હળવી થઈ હતી. સાથે સાથે અમેરિકી ફેડરલ રિઝર્વ ટૂંક સમયમાં વ્યાજદરમાં વધારો કરે તેવી શક્યતાને ધ્યાનમાં લેતા રૂપિયા સામે ડૉલરનું દબાણ હળવું થવાથી પણ રોકાણકારોનું ઊભરતી બજારો તરફનું આકર્ષણ વધ્યું હોવાનું તેમણે ઉમેર્યું હતું.

જોકે, વિદેશી રોકાણકારોનું આકર્ષણ માત્ર ઈક્વિટી પૂરતું સીમિત ન રહેતાં ગત જુલાઈ મહિનામાં ફોરેન પોર્ટફોલિયો ઈન્વેસ્ટરોનો ડેબ્ટમાં જનરલ રૂટ મારફતે રૂ. ૨૯,૨૧૨ કરોડનો અને ફુલ્લી એક્સેસેબલ રૂટ મારફતે રૂ. ૩૦૩૩ કરોડનો આંતરપ્રવાહ રહ્યો હતો. ■

## PUBLIC NOTICE પબ્લિક નોટીસ


**પશ્ચિમ રેલવે – રતલામ ડિવિઝન**

**ઈ-ટેન્ડર નોટિસ**

સિરિયલ નં. ૧: ઈ-ટેન્ડર નં.: EL: 2026-27-13. • કામનું નામઃ રતલામ ડિવિઝન IND અને DADN કૉચિંગ ડેપોમાં બે વર્ષ માટે રેગ્યુલેટર પેનલ, અલ્ટરનેટર, મોનોબ્લોક પમ્પ, ટ્રાન્સફોર્મર, ઈબીસી, બેરિંગ, બ્લોઅર ફૅન, કન્ડેન્સર ફૅન મોટર વગેરેનું રિપેરિંગ અને સર્વિસિંગ. • અંદાજે મૂલ્યઃ રૂા. ૧,૦૫,૮૭,૦૫૭.૫૨. • અર્નેસ્ટ મની ડિપોઝીટ (ઈએમડી): રૂા. ૨,૧૧,૮૦૦.૦૦/- • કામ પૂરું કરવાની મહેતલઃ ૨૪ મહિના. • અપલોડિંગ વેબસાઈટની તારીખઃ ૨૯.૦૭.૨૦૨૬. • ટેન્ડર ખોલવાની તારીખઃ ૨૫.૦૮.૨૦૨૬. • ટેન્ડર ફોર્મની કિંમતઃ શૂન્ય. • ટેન્ડરની વિગતોઃ વિગતવાર ટેન્ડર નૉટિસ, યોગ્યતાનાં માપદંડ અને શરતો www.ireps.gov.in V/0184

અમને લાઈક કરોઃ facebook.com/WesternRly

**પશ્ચિમ રેલવે – રતલામ ડિવિઝન**

**ઈ-ટેન્ડર નોટિસ**

ટેન્ડર નં.: EL/TRD/58/2026-27-13. • કામનું નામઃ રતલામ ડિવિઝનમાં ટાવર વેગન શેડ, ટીએસએસ અને એસપી/એસએસપી ટીઆરડી ડેપોમાં સીસીટીવી સર્વેલન્સ સિસ્ટમની જોગવાઈ કરવી. • કામનો અંદાજિત ખર્ચઃ રૂા. ૨,૩૧,૭૫,૮૩૨.૦૦. • અર્નેસ્ટ મની ડિપોઝીટ / બીડ સિક્યોરિટીઃ રૂા. ૪,૬૩,૫૦૦.૦૦/- • પૂરા થવાનો સમયઃ છ મહિના. • ટેન્ડર ડોક્યુમેન્ટની કિંમતઃ શૂન્ય • બંધ થવાની તારીખ અને સમયઃ ૩૧.૦૮.૨૦૨૬એ ૧૫.૦૦ કલાકે. • ઓફરની વેલિડીટીઃ ઓપનિંગની તારીખના ૬૦ દિવસ સુધી. • વેબસાઈટઃ www.ireps.gov.in • Notice Board લોકેશનઃ પશ્ચિમ રેલવેના રતલામ-457001ના ડિવિઝનના ઈલેક્ટ્રિકલ એન્જિનિયરિંગ (ટ્રેક્શન ડિસ્ટ્રિબ્યુશન)ના ઓફિસની સામે. V/0183

અમને લાઈક કરોઃ facebook.com/WesternRly

**BRIHANMUMBAI MAHANAGARPALIKA**

**ટેન્ડર નોટીસ**

| | |
|---|---|
| ટેન્ડર દસ્તાવેજ નં. | ટેન્ડર ID નં.: ૨૦૨૬_MCGM_૧૩૨૩૭૮૦_૧ |
| સંસ્થાનું નામ | બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન |
| વિષય | એક્ષિક્યૂટિવ એન્જિનિયર, ઝોન-૭, SWM વિભાગની ઓફિસમાં વ્યાપક M & E સર્વિસેસ અપગ્રેડેશન અને સંલગ્ન સુવિધા સુધારણા. |
| સ્ક્રુટીની ફી | રૂ. ૩૯૯૩.૦૦ + ૧૮% GSTની સ્ક્રુટીની ચાર્જીસ (અથવા નવીનતમ પરિપત્ર મુજબ લાગુ) |
| બીડ સુરક્ષા ડિપોઝિટ/ બારડી | રૂ. ૨૦,૦૦૦.૦૦ |
| બીડ માન્યતા | ૧૮૦ દિવસ |
| ટેન્ડરની ઈશ્યૂ અને વેચાણની તારીખ | ૦૩/૦૮/૨૦૨૬ ૧૧.૦૦ ક. |
| ટેન્ડર વેચાણ માટે છેલ્લી તારીખ & સમય અથવા બીડ સુરક્ષા ડિપોઝિટની પ્રાપ્તિ | ૦૮/૦૮/૨૦૨૬ ૧૮.૦૦ ક. |
| પેકેટ A, B, & પેકેટ Cની સુપ્રતિ (ઓનલાઈન) | ૦૮/૦૮/૨૦૨૬ ૧૮.૦૦ ક. |
| પેકેટ A & B ખૂલશે | ૧૧/૦૮/૨૦૨૬ ૧૨.૦૦ ક. |
| પેકેટ C ખૂલશે | પેકેટ A & Bની સ્ક્રુટીની પછી |
| પ્રી-બીડ મિટિંગ | N.A. |
| સંચાર માટેનું સરનામું | ચીફ એન્જિનિયર (SWM)ની ઓફિસ, ૩જો માળ, ખટાવ માર્કેટ બિલ્ડીંગ, નૌશિર ભરૂચા માર્ગ, સ્લેટર રોડ, ગ્રાન્ટ રોડ (પ), મુંબઈ - ૪૦૦૦૦૭. |
| બીડ ખોલવા માટેનું સ્થળ | ચીફ એન્જિનિયર (SWM)ની ઓફિસ, ૩જો માળ, ખટાવ માર્કેટ બિલ્ડીંગ, નૌશિર ભરૂચા માર્ગ, સ્લેટર રોડ, ગ્રાન્ટ રોડ (પ), મુંબઈ - ૪૦૦૦૦૭. |

આ ટેન્ડર દસ્તાવેજ ટ્રાન્સફરેબલ નથી.

BMC કોઈપણ કારણ આપ્યા વિના ઉપરોક્ત વિષય માટે મળેલ કોઈપણ અરજી સ્વીકારવાનો અને કોઈપણ કે તમામ અરજીઓ નકારવાના હક્કો અનામત રાખે છે.

સહી/-
એક્ષિ. એન્જિ. (S.W.M.)P

PRO/973/ADV./2026-27

પાણી બચાવો, પાણીનો દુર્વ્યય ટાળો.


# ટોચની ૧૦ કંપનીઓ પૈકી નવના માર્કેટ કેપિટલાઈઝેશનમાં ₹ ૨.૫૧ લાખ કરોડનો ઉછાળો

નવી દિલ્હીઃ સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં ગત સપ્તાહ દરમિયાન સુધારાતરફી વલણ રહ્યું હોવાથી સપ્તાહના અંતે દેશની ટોચની ૧૦ કંપનીઓ પૈકી નવ કંપનીઓનાં માર્કેટ કેપિટલાઈઝેશનમાં રૂ. ૨.૫૧ લાખ કરોડનો ઉછાળો નોંધાયો હતો, જેમાં બજાજ ફાઈનાન્સમાં સૌથી વધુ ઉછાળો જોવા મળ્યો હતો. નોંધનીય બાબત એ છે કે ગત સપ્તાહે બીએસઈ બૅન્ચમાર્ક સેન્સેક્સમાં ૨.૬૭ ટકા અથવા તો ૨૦૩૪.૮૭ પૉઈન્ટનો અને એનએસઈ બૅન્ચમાર્ક નિફ્ટીમાં ૨.૫૯ ટકાનો અથવા તો ૬૧૬.૧૫ પૉઈન્ટનો ઉછાળો આવ્યો હતો.

એકંદરે વૈશ્વિક સ્તરે ક્રૂડતેલના ભાવમાં વધ્યા મથાળેથી પીછેહઠ નોંધાવાની સાથે વર્તમાન નાણાકીય વર્ષનાં પહેલા ત્રિમાસિકગાળાના પ્રોત્સાહક પરિણામો અને વિદેશી સંસ્થાકીય રોકાણકારોની નવેસરથી લેવાલી નીકળતાં સ્થાનિક કક્વિટી માર્કેટમાં મજબૂત રિબાઉન્ડ જોવા મળ્યું હોવાનું રેલિગેર બ્રોકિંગ લિ.નાં સિનિયર વાઈસ પ્રેસિડેન્ટ અજિત મિશ્રાએ જણાવ્યું હતું. સપ્તાહ દરમિયાન મુખ્યત્વે રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ, ભારતી એરટેલ, એચડીએફસી બૅન્ક, આઈસીઆઈસીઆઈ બૅન્ક, સ્ટેટ બૅન્ક ઑફ ઈન્ડિયા, ટાટા કન્સલ્ટન્સી સર્વિસીસ, બજાજ ફાઈનાન્સ, લાર્સન ઍન્ડ ટૂબ્રો અને લાઈફ ઈન્સ્ટોરન્સ કોર્પોરેશન ઑફ ઈન્ડિયાનાં માર્કેટ કેપિટલાઈઝેશન (માર્કેટકેપ)માં વધારો થયો હતો, જ્યારે એકમાત્ર હિન્દુસ્તાન યુનીલિવરના માર્કેટકેપમાં ઘટાડો થયો હતો.

સપ્તાહનાં અંતે ટોચની ૧૦ કંપનીઓ પૈકી બજાજ ફાઈનાન્સનું માર્કેટકેપ સૌથી વધુ રૂ. ૮૦,૩૪૫.૯૭ કરોડ વધીને રૂ. ૭,૧૦,૮૧૭.૫૧ કરોડની સપાટીએ રહ્યું હતું. નોન બૅન્કિંગ ફાઈનાન્સ કંપની (એનબીએફસી) બજાજ ફાઈનાન્સે જાહેર કરેલાં પરિણામોમાં કંપનીનો પહેલા ત્રિમાસિકગાળાનો કોન્સોલિડેટેડ ધોરણે ચોખ્ખો નફો ૨૮ ટકા વધીને આવ્યો હોવાના અહેવાલે ગત શુક્રવારે કંપનીનાં શૅરના ભાવમાં આઠ ટકાનો ઉછાળો જોવા મળ્યો હતો.

વધુમાં સપ્તાહના અંતે ભારતી એરટેલનું માર્કેટકેપ રૂ. ૪૪,૯૫૯.૫ કરોડ વધીને રૂ. ૧૨,૩૦,૦૦૫.૬૩ કરોડની સપાટીએ, ટીસીએસનું માર્કેટકેપ રૂ. ૪૦,૪૧૪.૦૩ કરોડ વધીને રૂ. ૮,૫૫,૮૯૪.૭૮ કરોડ, રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝનું માર્કેટકેપ રૂ. ૩૯,૪૪૭.૩૫ કરોડ, લાર્સન ઍન્ડ ટૂબ્રોનું માર્કેટકેપ રૂ. ૨૧,૦૯૬.૮ કરોડ વધીને રૂ. ૫,૪૧,૮૪૪.૬૯ કરોડ, સ્ટેટ બૅન્ક ઑફ ઈન્ડિયાનું માર્કેટકેપ રૂ. ૧૦,૮૪૫.૯૭ કરોડ વધીને રૂ. ૯,૪૭,૭૯૯.૮૧ કરોડ, એચડીએફસી બૅન્કનું માર્કેટકેપ રૂ. ૮૧૬૪.૭૩ કરોડ વધીને રૂ. ૧૧,૫૨,૧૫૦.૬૩ કરોડ, એલઆઈસીનું માર્કેટકેપ રૂ. ૪૪૨૭.૪૯ કરોડ વધીને રૂ. ૫,૩૭,૪૩૫.૦૫ કરોડ અને આઈસીઆઈસીઆઈ બૅન્કનું માર્કેટકેપ રૂ. ૧૬૬૦.૩૭ કરોડ વધીને રૂ. ૧૦,૨૯,૮૭૮.૩૦ કરોડની સપાટીએ રહ્યું હતું.

જોકે, સપ્તાહ દરમિયાન હિન્દુસ્તાન યુનીલિવરનું માર્કેટકેપ રૂ. ૧૦,૩૨૬.૪૬ કરોડ ઘટીને રૂ. ૪,૯૩,૬૦૨.૧૩ કરોડની સપાટીએ રહ્યું હતું. તેમ જ સપ્તાહના અંતે માર્કેટ વૅલ્યૂએશનની દૃષ્ટિએ ટોચનું વૅલ્યૂએશન ધરાવતી કંપની રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ રહી હતી. ત્યાર બાદ અનુક્રમે ભારતી એરટેલ લિ., એચડીએફસી બૅન્ક, આઈસીઆઈસીઆઈ બૅન્ક, સ્ટેટ બૅન્ક ઑફ ઈન્ડિયા, ટીસીએસ, બજાજ ફાઈનાન્સ, લાર્સન ઍન્ડ ટૂબ્રો, એલઆઈસી અને હિન્દુસ્તાન યુનીલિવર રહી હતી. ■

# જુલાઈ મહિનામાં મારુતિ સુઝુકીનું વિક્રમી ૨,૪૮,૮૪૫ યુનિટનું ઉત્પાદન

નવી દિલ્હીઃ દેશની અગ્રણી કાર ઉત્પાદક કંપની મારુતિ સુઝુકી લિ.એ ગત જુલાઈ મહિનામાં સૌથી વધુ ૨,૪૮,૮૪૫ યુનિટ કારનું ઉત્પાદન કર્યું હતું કે અને જુલાઈ, ૨૦૨૫નાં ૧,૮૭,૦૭૩ યુનિટના ઉત્પાદનની સરખામણીમાં ૩૩ ટકાનો ઉછાળો દર્શાવ્યો હતો.

કંપનીએ ગત જુલાઈ મહિનામાં ઉત્પાદનમાં અત્યાર સુધીની શ્રેષ્ઠ કામગીરી દાખવી છે. આ પૂર્વે માર્ચ, ૨૦૨૬માં કંપનીનું ઉત્પાદન ૨,૩૧,૯૩૩ યુનિટની સર્વોચ્ચ સપાટીએ રહ્યું હતું.

એકંદરે ગત જુલાઈ મહિનામાં વિક્રમ ઉત્પાદન થયું હોવા છતાં જુલાઈ મહિનામાં રિટેલ વેચાણ ૧.૭૮ લાખ યુનિટની સપાટીએ રહ્યું હોવાથી ડીલરો પાસેનો સ્ટોક સરેરાશ કરતાં નીચી સપાટીએ રહ્યો હોવાનું મારુતિ સુઝુકી ઈન્ડિયા લિ.નાં માર્કેટિંગ અને વેચાણ વિભાગના સિનિયર એક્ઝિક્યુટીવ પાર્થો બેનરજીએ જણાવ્યું હતું.

સામાન્યપણે તમામ ડીલરોમાં અમારો નેટવર્ક સ્ટોક ૧૬ દિવસનો હોય છે અને પેન્ડિંગ બુકિંગ અથવા તો રવાનગી બાકી હોય તેવા બુકિંગની સંખ્યા ૧.૬ લાખ યુનિટની હોવાનું જણાવતા તેમણે ઉમેર્યું હતું કે ઉદ્યોગમાં ડીલરોના સ્ટોકની સરેરાશ ૩૦ દિવસની હોય છે.

વધુમાં કંપનીની આંકડાકીય માહિતી અનુસાર ગત જુલાઈ મહિનામાં કંપનીનું હોલસેલ ધોરણે પેસેન્જર વાહનોનું વેચાણ જુલાઈ ૨૦૨૫નાં ૧,૩૭,૭૭૬ યુનિટ સામે ૪૩ ટકાના આકર્ષક દરે વધીને ૧,૯૬,૨૦૩ યુનિટની સપાટીએ રહ્યું હતું.

આમ કંપનીએ વેચાણમાં પણ શ્રેષ્ઠ કામગીરી દાખવી છે. તેમ જ ગત જુલાઈ મહિનામાં કંપનીની હળવા વેપારી વાહનોનું વેચાણ પણ ૨,૦૦,૧૨૩ યુનિટની ઐતિહાસિક ઊંચી સપાટીએ રહ્યું હતું.

કંપનીના જણાવ્યાનુસાર ગત જુલાઈ મહિનામાં બલેનો, સેલેરિયો અને સ્વિફ્ટ જેવાં કોમ્પેક્ટ મૉડેલોનું ૧,૧૩,૦૬૭ યુનિટનું ઉત્પાદન કર્યું હતું અને ગત જુલાઈ મહિનાના ૮૭,૯૫૦ યુનિટ ઉત્પાદનની સરખામણીમાં ૨૯ ટકાનો વધારો જોવ મળ્યો હતો. તે જ પ્રમાણે એસ-પ્રેસો અને અલ્ટોનું જુલાઈ મહિનામાં ઉત્પાદન જુલાઈ, ૨૦૨૫નાં ૧૧,૪૮૪ યુનિટ સામે વધીને ૧૩,૯૬૪ યુનિટની સપાટીએ રહ્યું હતું. આ સિવાય બ્રીઝા, અર્ટિગા અને ફ્રોન્ક્સ જેવાં યુટિલિટી વાહનોનું ઉત્પાદન જુલાઈ, ૨૦૨૫નાં ૭૦,૨૪૧ યુનિટ સામે ૪૬ ટકા વધીને ૧,૦૨,૭૮૭ યુનિટની સપાટીએ રહ્યું હતું.

વધુમાં ગત જુલાઈ મહિનામાં કંપનીએ ૧૪,૬૨૭ યુનિટ (૧૩,૬૧૦ યુનિટ) ઈકો વાનનું ઉત્પાદન કર્યું હતું. તેમ જ હળવા વેપારી વાહન સુપ કેરીનું ઉત્પાદન જુલાઈ, ૨૦૨૫નાં ૩૭૮૮ યુનિટ સામે વધીને ૪૪૦૦ યુનિટની સપાટીએ રહ્યું હતું. ■

# તંબાકુ પર વેરાના ઊંચા દરની સિગારેટ કંપનીઓની પહેલા ત્રિમાસિકગાળાની આવક અને વૉલ્યૂમ પર માઠી અસર

નવી દિલ્હીઃ સરકારે તંબાકુના ઉત્પાદનો અને સિગારેટ પર વેરાના દરમાં કરેલા તીવ્ર વધારાની માઠી અસર આઈટીસી, ગોડફ્રે ફિલિપ્સ ઈન્ડિયા અને વીએસટી ઈન્ડસ્ટ્રીઝ જેવી દેશની અગ્રણી સિગારેટ કંપનીઓનાં વર્તમાન નાણાકીય વર્ષનાં ગત જૂનના અંતે પૂરા થયેલા ત્રિમાસિકગાળાની ચોખ્ખી આવકો, વૉલ્યૂમ અને નફાશક્તિ પર માઠી અસર પડી છે.

અત્રે નોંધનીય બાબત એ છે કે સ્થાનિક સિગારેટ બજારમાં ઉક્ત ત્રણ કંપનીઓ ૯૦ ટકા બજાર હિસ્સો ધરાવે છે અને એક અહેવાલ અનુસાર તેઓનું વાર્ષિક વૉલ્યૂમ અંદાજે ૧૦૦થી ૧૨૦ અબજ સ્ટિક (સિગારેટ) કરતાં વધુ છે. અગાઉ સરકારે ગત ફેબ્રુઆરી મહિનામાં સિગારેટ અને તંબાકુના ઉત્પાદનો પરનાં ગૂડ્સ ઍન્ડ સર્વિસ ટૅક્સ (જીએસટી)ના દર વધારીને ૪૦ ટકા કર્યા હતા અને કોમ્પેન્સેશન સેસને સ્થાને સિગારેટની લંબાઈ અનુસાર પ્રત્યેક ૧૦૦૦ સ્ટિકદીઠ રૂ. ૨૧૦૦થી ૮૫૦૦ સુધીની અતિરિક્ત એક્સાઈઝ ડ્યૂટી લાદી હતી.

આમ ડ્યૂટીના વધારાને કારણે સિગારેટ કંપનીઓની રેવેન્યૂ (આવકો)માં વધારો વેચાણમાં જોવા મળ્યો હતો, પરંતુ વેરામાં અકલ્પનિય વધારો થવાને કારણે કંપનીઓનાં નફાના માર્જિન દબાણ હેઠળ આવ્યા હતા. પ્રાપ્ત આંકડાકીય માહિતી અનુસાર વર્તમાન નાણાકીય વર્ષના પહેલા ત્રિમાસિકગાળામાં બજારની અગ્રણી કંપની આઈટીસીની સિગારેટ બિઝનેસમાંથી આવકો ગત સાલના સમાનગાળાના રૂ. ૯૫૫૩.૮૬ કરોડ સામે ૭૩.૭૧ ટકા વધીને રૂ. ૧૬,૫૯૬.૬૭ કરોડની સપાટીએ રહી હતી. આ વૃદ્ધિનું મુખ્ય કારણ વેરામાં થયેલો વધારો છે. જોકે, કંપનીની સિગારેટ સેગ્મેન્ટમાં કુલ આવકો (ઉત્પાદનોનાં વેચાણ અને સર્વિસીસમાંથી) જેમાં ડ્યૂટી પાસ થ્રુ દૂર કરવામાં આવે તે આવક વર્ષાનુવર્ષ ધોરણે ૩૧.૪૫ ટકાના ઘટાડા સાથે રૂ. ૫૪૯૮.૯૩ કરોડની થઈ હતી.જે વેચાણના વૉલ્યૂમમાં ઘટાડો દર્શાવે છે. તે જ પ્રમાણે ગોડફ્રે ફિલિપ્સ ઈન્ડિયાનો સમીક્ષા હેઠળના સમયગાળામાં કોન્સોલિડેટેડ ધોરણે ચોખ્ખો નફો ગત સાલના સમાનગાળાની તુલનામાં ૪૪.૩ ટકા ઘટીને રૂ. ૧૯૮.૩૯ કરોડની સપાટીએ રહ્યો હતો. જ્યારે ડ્યૂટી વધારને કારણે મોદી એન્ટરપ્રાઈઝીસની ૨૬૧૪ કરોડની એક્સાઈઝ ડ્યૂટીને કારણે કાર્યકારી આવકો રૂ. ગત સાલની સરખામણીમાં બમણી થઈને રૂ. ૩૮૧૯.૫૬ કરોડની થઈ હતી, પરંતુ એક્સાઈઝ ડ્યૂટીને બાદ કરતાં ચોખ્ખા આવકો ૧૮.૮ ટકાના ઘટાડા સાથે રૂ. ૧૨૦૬ કરોડ (રૂ. ૧૪૮૬ કરોડ)ની સપાટીએ રહી હોવાનું કંપનીએ જણાવ્યું હતું.

વધુમાં વીએસટી ઈન્ડસ્ટ્રીઝની સમીક્ષા હેઠળના સમયગાળામાં આવકો ગત સાલના સમાનગાળાની સરખામણીમાં બમણી થઈને રૂ. ૮૮૧.૪૯ કરોડ (રૂ. ૪૨૪.૯૩ કરોડ)ની સપાટીએ રહી હતી, પરંતુ કરવેરા બાદનો ચોખ્ખો નફો વર્ષાનુવર્ષ ધોરણે ૨૪.૪૨ ટકા ઘટીને રૂ. ૪૨.૪૨ કરોડ (રૂ. ૫૬.૧૩ કરોડ)ની સપાટીએ રહ્યો હતો. તેમ જ ચોખ્ખી આવકો ૧૩.૫ ટકા ઘટીને રૂ. ૨૫૬ કરોડ (રૂ. ૨૧૬ કરોડ)નાં સ્તરે રહી હતી.

અત્રે ઉલ્લેખનીય બાબત એ છે કે ડ્યૂટીનાં નવા માળખાનું અમલીકરણ થતાં જ તાત્કાલિક ધોરણે ૧૦ સ્ટિકનાં સિગારેટના એક પેકેટનાં ભાવમાં રૂ.૨૨થી ૨૫નો ઉછાળો આવ્યો હતો. જેને કારણે ઉત્પાદકોને તે સમયે કેલિબ્રેટેડ ભાવવધારો કરવાની અને પોર્ટફોલિયો એડજસ્ટમેન્ટ કરવાની ફરજ પડી હતી. ■


**BRIHANMUMBAI MAHANAGARPALIKA**

**સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગ (પ્લાનિંગ)**

નંબર ડે.ચી.એ./૨૬૫૩/SWM/પ્લાનિંગ તા. ૩૧/૦૭/૨૦૨૬

**ઈ-ટેન્ડર નોટિસ**

| | | |
|---|---|---|
| વિષય | : | ''C & E વોર્ડમાં નેરો લેન્સથી ગાર્બેજના કલેક્શન માટે નાના ગાર્બેજ ઈ-વાહનો (ઈ-ઓટો રિક્ષા)ની સર્વિસેસને ભાડે લેવું.'' |
| વિભાગ | : | સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ/ ડે. ચી. એન્જિ. (SWM) પ્લાનિંગ |
| ટેન્ડર ID નં. | : | ૨૦૨૬_MCGM_૧૩૨૩૪૯૨_૧ |
| બીડ પ્રારંભ તારીખ & સમય | : | ૦૩.૦૮.૨૦૨૬ સ. ૧૧.૦૦ ક.થી |
| બીડ અંતિમ તારીખ & સમય | : | ૧૦.૦૮.૨૦૨૬ સાં. ૧૬.૦૦ ક. સુધી |
| વેબસાઈટ | : | https://mahatenders.gov.in |
| સંપર્ક વ્યક્તિઃ- | | |
| a નામ | : | શ્રીમતી અનુજા લાલપોતુ A.E. (SWM) પ્લાનિંગ |
| b ટેલિફોન | : | ૦૨૨-૨૩૮૪૪૪૫૦ |
| c મોબાઈલ નંબર | : | ૮૮૭૯૦૮૨૪૪૦ |
| d ઈ-મેલ ID | : | ee1swm.pl@mcgm.gov.in |

સહી/-
એક્ષિ. એન્જિ. (SWM) પ્લાનિંગ

PRO/970/ADV./2026-27

પાણી બચાવો, પાણીનો દુર્વ્યય ટાળો.

દુઃખદ અવસાન



**મીનાબેન એસ. દિવેટિયા**
૧૭.૦૫.૧૯૩૭ – ૦૨.૦૮.૨૦૨૬
પતિ: સુનંદન રણજીતભાઈ દિવેટિયા
પુત્ર- પુત્રી: શાલીન અને વૈશાલી
પુત્રવધૂ- જમાઈ:
અદિતી અને હિમાંશુ બક્ષી
પૌત્ર: શૈશિર અને હર્ષિત
દોહિત્રી: અનુષા અને રિશા
પ્રાર્થના સભા
સોમવાર, તા. ૦૩.૦૮.૨૦૨૬
સમય: સાંજે ૫.૦૦ થી ૬.૩૦
સ્થળ: જલારામ હોલ,
એન એસ રોડ નં. ૬,
જોગર્સ પાર્કની સામે, જેવીપીડી સ્કીમ
વિલે પાર્લે (વેસ્ટ), મુંબઈ- ૪૯


# ધનુષ્ય અને બાણ આપણું છે, તૈયારી શરૂ કરોઃ ઉદ્ધવ ઠાકરે

પક્ષની સંગઠનાત્મક તાકાત વધારવા પર ભાર મૂકી પદાધિકારીઓને ૨૦૨૯ની લોકસભા અને વિધાનસભા ચૂંટણી માટે તૈયારી શરૂ કરવાનો આદેશ

મુંબઈઃ શિવસેના પક્ષના નામ અને ચૂંટણી પ્રતીક 'ધનુષ્યબાણ' પર સુપ્રીમ કોર્ટમાં સુનાવણી હવે નિર્ણાયક તબક્કામાં છે ત્યારે શિવસેના પક્ષના વડા ઉદ્ધવ ઠાકરેએ પક્ષના પદાધિકારીઓ અને કાર્યકર્તાઓનું મનોબળ વધારવા માટે કોર્ટનો નિર્ણય આપણી જ તરફેણમાં આવશે. તેથી આગામી ચૂંટણીઓ માટે તૈયારી શરૂ કરો એવી શીખામણ આપી હતી.

શિવસેના ભવનમાં જિલ્લા પ્રમુખો અને સંપર્ક પ્રમુખો સાથેની બેઠકમાં ઠાકરે તમામ લોકોનો નૈતિક રીતે જુસ્સો વધારવા માટે ઉદ્ધવ ઠાકરેએ કોર્ટમાં આખરી તબક્કામાં ચાલી રહેલી સુનાવણીના પરિણામ તેમની તરફેણમાં આવશે એવું કહ્યું હતું. આ બેઠકમાં પક્ષ સંગઠન, આગામી ચૂંટણીઓ અને સુપ્રીમ કોર્ટમાં પેન્ડિંગ કેસ અંગે પણ વિગતવાર ચર્ચા કરવામાં આવી હતી.

પક્ષની સંગઠનાત્મક તાકાત વધારવા પર ભાર મૂકતા ઉદ્ધવ ઠાકરેએ પદાધિકારીઓને ૨૦૨૯માં થનારી લોકસભા અને વિધાનસભા ચૂંટણી માટે અત્યારથી તૈયારીઓ શરૂ કરી દેવાનો આદેશ આપ્યો હતો. બેઠકમાં સંગઠનને મજબૂત કરવાની સૂચના આપીને વધુને

(જુઓ પાનું ૪) ▸▸



**બાપ્પા આલે:** ગણેશોત્સવ માટે થોડા જ દિવસો બાકી હોવાથી, મુંબઈમાં જાહેર ગણેશોત્સવ મંડળોની તૈયારીઓ અંતિમ તબક્કામાં પહોંચી ગઈ છે. રવિવાર રજા હોવાથી, ગિરગાંવના વિવિધ મૂર્તિ વર્કશોપમાંથી શ્રી ગણેશ મૂર્તિઓનું મોટા પ્રમાણમાં પરિવહન જાહેર ગણેશોત્સવ મંડળોના મંડપમાં કરવામાં આવ્યું હતું. મુંબઈના વિવિધ ભાગોમાંથી ગણેશ મંડળના કાર્યકરો ઢોલ અને ઝાંઝના અવાજ વચ્ચે અને ભક્તિમય વાતાવરણમાં તેમના પ્રિય બાપ્પાની મૂર્તિઓને મંડપમાં લઈ જતા જોવા મળ્યા. દિવસભર શહેરના મુખ્ય માર્ગો પર ગણેશ મૂર્તિઓ અને કાર્યકરોને લઈ જતાં વાહનો જોવાં મળ્યાં. ગણેશોત્સવના સ્વાગત માટે મુંબઈકરોમાં ઉત્સાહનું વાતાવરણ સર્જાયું છે, અને જાહેર મંડળો દ્વારા મંડપ બનાવવા અને સજાવવાનું કામ પણ ઝડપથી ચાલી રહ્યું છે. (અમય ખરાડે)

### હાઈ કોર્ટની ફટકાર અને વિવાદો સામે એફડીએ કમિશનર તુકારામ મુંઢેનો દાવો

# ફક્ત ૧૦ ટકા ખાદ્યગૃહોનાં લાઈસન્સ સસ્પેન્ડઃ લોકોનું આરોગ્ય પ્રાથમિકતા

મુંબઈઃ અસ્વચ્છતાનું કારણ આપી ખાદ્યગૃહોનાં લાઈસન્સ સસ્પેન્ડ કરવા મામલે હાઈ કોર્ટની ફટકાર અને અન્ય વિવાદો સામે ફૂડ ઍન્ડ ડ્રગ એડ્મિનિસ્ટ્રેશન (એફડીએ)ના કમિશનર તુકારામ મુંઢેએ દાવો કર્યો હતો કે છેલ્લા બે મહિનામાં જેટલી કાર્યવાહી કરી છે તેની સામે માત્ર ૧૦ ટકા ખાદ્યગૃહોનાં લાઈસન્સ સસ્પેન્ડ કરવામાં આવ્યાં છે. લોકોનું આરોગ્ય પ્રાથમિકતા છે અને લાઈસન્સ સસ્પેન્ડ કરવાનો એફડીએને અધિકાર પણ છે.

તુકારામ મુંઢેએ એક ચૅનલને આપેલા ઈન્ટરવ્યૂમાં દાવો કર્યો હતો કે એફડીએના કમિશનર પદનો કાર્યભાર સંભાળીને બે મહિના થયા છે. આ બે મહિનામાં એફડીએએ ૧,૪૦૦ જગ્યાએ કાર્યવાહી કરીને તપાસણી કરી છે. તેમાંથી ફક્ત ૧૧૦ હૉટેલ-રેસ્ટોરાંનાં લાઈસન્સ સસ્પેન્ડ કરવામાં આવ્યાં

(જુઓ પાનું ૪) ▸▸

## પાકિસ્તાની સૌંદર્ય પ્રસાધનો જપ્તઃ એફડીએની કાર્યવાહી

અહિલ્યાનગરઃ ભારતમાં વેચાણ પર પ્રતિબંધ હોવા છતાં અહિલ્યાનગરની એક દુકાનમાં પાકિસ્તાની સૌંદર્ય પ્રસાધનો વેચવામાં આવતાં હોવાની માહિતી પરથી ફૂડ ઍન્ડ ડ્રગ એડ્મિનિસ્ટ્રેશને (એફડીએ) કાર્યવાહી કરી હતી. દુકાનમાંથી અંદાજે ૧૩ હજાર રૂપિયાનાં સૌંદર્ય પ્રસાધનો જપ્ત કરી માલિકને તાબામાં લેવાયો હતો.

મળતી માહિતી અનુસાર એફડીએની ટીમે સંગમનેર સિટી પોલીસની મદદથી શનિવારની બપોરે ગોલ્ડન માર્કેટમાં આવેલી એક દુકાન પર રેઈડ કરી હતી. દુકાનમાંથી પાકિસ્તાનમાં બનતી 'ગોરી બ્યૂટી ક્રીમ' અને

(જુઓ પાનું ૪) ▸▸

# ભિવંડી દુર્ઘટના બાદ નવી મુંબઈમાં ૩૪ જોખમી ઈમારતો તાત્કાલિક ખાલી કરવાનો આદેશ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ ભિવંડીમાં ગુરુવારે મોડી રાતે જોખમી જાહેર કરેલી બિલ્ડિંગ તૂટી પડતાં ૧૦નાં મોત થયા હોવાની દુર્ઘટના બાદ રાજ્યના તમામ શહેરોમાં જોખમી ઈમારતોને લઈને પ્રશાસન સતર્ક થઈ ગયું છે. આ પાર્શ્વભૂમિ પર નવી મુંબઈ મહાનગરપાલિકાએ શહેરની સી-વન શ્રેણીમાં આવતી ૩૪ અતિજોખમી બિલ્ડિંગને તાત્કાલિક ખાલી કરવાની ચેતવણી આ બિલ્ડિંગમાં રહેતા નાગરિકોને આપી છે.

નવી મુંબઈ મહાનરગપાલિકાએ નવી મુંબઈના જુદા જુદા વિસ્તારમાં રહેલી સી-વન શ્રેણીની અત્યંત જોખમી ઈમારતમાં રહેતા નાગરિકોને તાત્કાલિક ધોરણે ઈમારત ખાલી કરવાનો આદેશ આપ્યો છે. ઈમારતમાં રહેવાસીઓ અને તેના માલિકોને તાત્કાલિક બિલ્ડિંગ ખાલી કરીને તેનો રહેણાક અને કમર્શિયલ ઉપયોગ કરવાનું બંધ કરવો અન્યથા કોઈ દુર્ઘટના થઈ તો તેની જવાબદારી સંબંધિતોની રહેશે એવી સ્પષ્ટ શબ્દોમાં ચેતવણી પણ આપવામાં આવી છે.

મહાનગરપાલિકાના અતિક્રમણ વિભાગે વર્ષ ૨૦૨૬-૨૭ની અતિજોખમી (સી-વન) ઈમારતોની યાદી જાહેર કરી છે. મહારાષ્ટ્ર શાસનના નગરવિકાસ વિભાગના પાંચ નવેમ્બર ૨૦૧૫ના સરકારી પરિપત્રક મુજબ આ બિલ્ડિંગ રહેણાંક અને કમર્શિયલ

(જુઓ પાનું ૪) ▸▸

## ભિવંડી ઈમારત દુર્ઘટનાઃ આજે બિલ્ડિંગને તોડી પાડવામાં આવશે

મુંબઈ/ભિવંડીઃ ભિવંડીના ગંગારામવાડી વિસ્તારમાં આવેલા કોહિનૂર એપાર્ટમેન્ટના એ વિંગમાં સમારકામ દરમિયાન બનેલી ગોઝારી દુર્ઘટના બાદ પોલીસ અને પ્રશાસન દ્વારા કડક કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. આ દુર્ઘટનામાં માર્યા જનારાની સંખ્યામાં વધારો થયો છે. મળતી માહિતી અનુસાર અત્યાર સુધીમાં ૧૦ લોકોનાં મૃત્યુ નિપજ્યાં હતાં, જ્યારે ૩ લોકો ગંભીરરીતે ઈજાગ્રસ્ત થયા હતા.

હવે આ ઇમારતને સોમવારે એટલે કે આવતીકાલે તોડી પાડવામાં આવશે. દુર્ઘટના બાદ ભોઈવાડા પોલીસ સ્ટેશનમાં બિલ્ડિંગના માલિક બિલાલ અહેમદ અબુબકર ખાન અને કોન્ટ્રાક્ટર અશોક પાસવાન વિરુદ્ધ ફરિયાદ નોંધવામાં આવી છે. જો કે આ દુર્ઘટનામાં કોન્ટ્રાક્ટર અશોક પાસવાનનું મૃત્યુ થયું હતું. આમ છતાં પોલીસે તપાસના આધારે તેની વિરુદ્ધ એફઆઈઆર દાખલ કરી છે.

દુર્ઘટનાની તપાસ દરમિયાન પોલીસે બિલ્ડિંગના રહેવાસી

(જુઓ પાનું ૪) ▸▸

# મુંબઈમાં નવી ઈમારતોની લિફ્ટ સ્ટ્રેચર સાઈઝની બનાવવી ફરજિયાત બનશે

### ડીસી રૂલ્સમાં ફેરફાર કરવાની નગરસેવિકાની માગણી

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ ઈમરજન્સી મેડિકલ સેવાઓને વધુ અસરકારક બનાવવા અને દર્દીઓના જીવ બચાવવા બિલ્ડિંગની લિફ્ટમાં સરળતાથી સ્ટ્રેચર આવી શકે એ માપની બનાવવાની માગણી ભાજપ દ્વારા કરવામાં આવી છે. મુંબઈમાં તમામ નવી ઈમારતોમાં ઓછામાં ઓછી પાંચ ફૂટ બાય દસ ફૂટની સ્ટ્રેચર-સક્ષમ લિફ્ટ ફરજિયાત બનાવવાની માગણી સામે જોકે મુંબઈ મહાનગરપાલિકાને તેના ડેવલપમેન્ટ કંટ્રોલ (ડીસી) રૂલ્સમાં સુધારા કરવા પડશે, તેમાં જોકે લાંબો સમય જઈ શકે છે.

ભાજપના નગરસેવિકા ડૉ. શિલ્પા સંગોરે ઠરાવની નોટિસ દ્વારા આ માગણી કરીને ડેવલપમેન્ટ કંટ્રોલ-૩૪માં નિયમો તેમજ સંબંધિત બાંધકામ નિયમોમાં જરૂરી સુધારા કરવા મહાનગરપાલિકાને સૂચન કર્યું છે. નગરસેવિકાના કહેવા મુજબ ઘણી ઇમારતોમાં લિફ્ટના નાના અને અપૂરતા કદને લીધે સ્ટ્રેચર, વ્હિલચેર અથવા અન્ય તબીબી સાધનો સાથે

(જુઓ પાનું ૪) ▸▸

# પીડબ્લ્યુડી પ્રધાને પાલઘરમાં વરસાદથી થયેલા નુકસાનનું નિરીક્ષણ કર્યું, ઝડપી સમારકામનો આદેશ

પાલઘરઃ મહારાષ્ટ્રના જાહેર બાંધકામ વિભાગ (પીડબ્લ્યુડી) પ્રધાન શિવેન્દ્રસિંહ ભોંસલેએ અધિકારીઓને પાલઘર જિલ્લામાં તાજેતરના ભારે વરસાદથી નુકસાન પામેલા રસ્તાઓનું તાત્કાલિક સમારકામ સુનિશ્ચિત કરવા નિર્દેશ આપ્યો છે.

જિલ્લા વહીવટીતંત્ર તરફથી એક પ્રકાશનમાં જણાવાયું છે કે પ્રધાને શનિવારે ધારાસભ્યો અને મુખ્ય વહીવટી વડાઓ સાથે કેટલાક મહત્ત્વપૂર્ણ પરિવહન માર્ગોની સ્થિતિ સહિત રોડ નેટવર્કનું નિરીક્ષણ કર્યું હતું. ક્ષેત્રીય મુલાકાતો પછી, તેમણે એક સમીક્ષા બેઠકની અધ્યક્ષતા કરી, જેમાં વરસાદથી થયેલા નુકસાન, ચાલુ રોડ ઇન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ્સની પ્રગતિ, બાકી રહેલાં કામો અને તાત્કાલિક સમારકામની વ્યૂહરચના પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું.

તેમણે અધિકારીઓને ઉચ્ચ બાંધકામ ધોરણો જાળવવા, પૂર્ણતાની સમયરેખાનું પાલન કરવા અને જાહેર સલામતીને પ્રાથમિકતા આપવા કડક સૂચનાઓ આપી. (પીટીઆઈ)■


PAC n DELIVER
INTERNATIONAL COURIER
Send parcels to your Children & loved ones in CANADA, UK, USA & WORLD WIDE including Garments, Farsan, Chocolates, Sweets, Gifts, Eatables, Medicines & any permissible item & get benefited with SPECIAL rates.
Contact : Mr. ANUJ SANGOI
8879991866
Email - sales@pacndeliver.com
"20 Yrs of Quality Service"


# મહારાષ્ટ્રના ધર્મ સ્વાતંત્ર્ય કાયદાને રાષ્ટ્રપતિની મંજૂરી

### હવે બળજબરીથી ધર્માંતર બદલ સાત વર્ષ સુધીના કારાવાસની જોગવાઈ

મુંબઈઃ રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂની મંજૂરી અને ગેઝેટમાં સત્તાવાર પ્રકાશન બાદ હવે 'મહારાષ્ટ્ર ધર્મ સ્વાતંત્ર્ય અધિનિયમ-૨૦૨૬' કાયદો રાજ્યમાં અમલમાં આવી ગયો છે. અધિકારીઓના જણાવ્યા અનુસાર, આ કાયદો ૩૦ જુલાઈથી અમલી બન્યો છે. તેથી હવે બળજબરી, છેતરપિંડી કે લાલચ આપીને અથવા અન્ય ગેરકાયદે રીતે કરાયેલા ધર્માંતરના કેસોમાં આ નવા કાયદા હેઠળ કડક કાનૂની કાર્યવાહી થઈ શકશે.

આ કાયદો માર્ચ મહિનામાં યોજાયેલા રાજ્ય વિધાનસભાના બજેટ સત્ર દરમિયાન મંજૂર કરવામાં આવ્યો હતો. ત્યારબાદ તેને રાજ્યપાલ અને અંતે રાષ્ટ્રપતિની મંજૂરી માટે મોકલવામાં આવ્યો હતો. કાયદાનો મુખ્ય હેતુ બળજબરી, છેતરપિંડી, પ્રલોભન, ખોટી માહિતી

(જુઓ પાનું ૪) ▸▸

# મુંબઈમાં ચાલતી ટ્રેન નીચે યુવકે કર્યો આપઘાતનો પ્રયાસ પણ બહાદુર મહિલા કોન્સ્ટેબલે જીવ બચાવ્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈના દાદર રેલવે સ્ટેશન પર મહિલા સરકારી રેલવે પોલીસ જીઆરપીની સતર્કતા અને બહાદુરીના કારણે એક ૨૮ વર્ષીય યુવકનો જીવ બચી ગયો. ગુરુવારે રાત્રે બનેલી ઘટના સ્ટેશનના સીસીટીવી કેમેરામાં કેદ થઈ છે, જેનો વીડિયો હવે સોશ્યલ મીડિયા પર વાઇરલ થઈ રહ્યો છે. ગણતરીની જ સેકન્ડની અંદર મહિલા હેડ કોન્સ્ટેબલે દોડી જઈ યુવકને ચાલતી લોકલ ટ્રેનની અડફેટમાં આવતાં બચાવી લીધો.

પશ્ચિમ રેલવેમાં આ ઘટના ૩૦ જુલાઈની રાત્રે લગભગ ૧૦.૫૨ વાગ્યે દાદર સ્ટેશનના પ્લેટફૉર્મ નંબર-૧ પર બની હતી. બોરીવલી જતી ધીમી લોકલ જ્યારે દાદરના પ્લેટફૉર્મ પરથી આગળ વધી રહી હતી ત્યારે રાત્રિના પેટ્રોલિંગ પર રહેલી જીઆરપીની હેડ કોન્સ્ટેબલ અનિતા નરવડે, સહાયક પોલીસ નિરીક્ષક પઠાણ અને ચવાણ, હેડ કોન્સ્ટેબલ રૂપનવર તેમ જ પોલીસ કોન્સ્ટેબલ તાપોલે ફરજ પર હતા. જોકે, એ વખતે યુવક અચાનક પ્લેટફૉર્મ પર સૂઈ ગયો અને ચાલતી લોકલ ટ્રેનના ફૂટબોર્ડ નીચે પોતાનું માથું મૂકી આત્મહત્યાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ કોન્સ્ટેબલની સમયસૂચકતાએ યુવકનો જીવ

(જુઓ પાનું ૪) ▸▸


10 DAYS
South KOREA



• SEOUL • JEJU • BUSAN
DATE OF DEP :- NOV-10th & APR-02nd
PACKAGE INCLUSIONS
• Hyundai Motorstudio, Han River Cruise, Painters Show, Songdo Cable Car અને Sea Life Aquarium નો અદભુત અનુભવ.
• રીટર્ન ઈકોનોમી ક્લાસ એરફેર.
• આપણા પોતાના રાજસ્થાની મહારાજ શુદ્ધ શાકાહારી જૈન જમણ
• ગુજરાતી, હિન્દી અને ઈંગલિશ જાણતા ટૂર મેનેજર સામેલ.
• એરફેર, વીઝા, એન્ટ્રન્સ ફી અને GST સહિત તમામ ખર્ચ ટૂર કોસ્ટ માં જ સામેલ.
WhatsApp No 07506679945
SHAH HOLIDAYS
203, Man Excellenza, 2nd Floor, Opp. Pawan Hans, S. V. Road, Vile Parle (W), Mum-56. | 022 - 26103073, 74 | 9920490227, 09324064281
sales@shahholidays.com | www.shahholidays.com


# એઆઈ, સેમિકન્ડક્ટર્સ અને ક્વોન્ટમ કમ્પ્યુટિંગ આ સદીના ભવિષ્યને ઘડશેઃ મુખ્ય પ્રધાન

નાગપુર : મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે રવિવારે જણાવ્યું હતું કે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (એઆઈ), સેમિકન્ડક્ટર્સ અને ક્વોન્ટમ કમ્પ્યુટિંગ આગામી સદીની દિશા નક્કી કરશે. તેમણે શિક્ષણ વ્યવસ્થાને આ નવી ટેક્નોલોજીઓ અપનાવવા અને રોજગાર-સક્ષમ તથા અત્યાધુનિક કૌશલ્ય ધરાવતું માનવબળ તૈયાર કરવા અનુરોધ કર્યો હતો. ફડણવીસ નાગપુરની રામદેવબાબા યુનિવર્સિટી ખાતે એનવીડીઆ દ્વારા સંચાલિત 'એઆઈ સેન્ટર ઓફ કોમ્પિટન્સી'ના ઉદ્ઘાટન સમારોહમાં ઉપસ્થિત જનમેદનીને સંબોધિત કરી રહ્યા હતા.

બજારમાં આવેલા ફેરફારોને નજરમાં રાખીને શૈક્ષણિક સંસ્થાઓને ફેરફાર લાવવા મહારાષ્ટ્ર સરકાર પ્રોત્સાહન આપે છે, એમ તેમણે જાણવાયું હતું.

માત્ર સ્નાતકો જ નહીં, પરંતુ રોજગાર મેળવવાને લાયક અને સક્ષમ માનવ સંસાધનો તૈયાર કરવા પર તેમણે ભાર મૂક્યો

(જુઓ પાનું ૪) ▸▸

# એનસીપીનાં નેતા સુપ્રિયા સુળે રિયા અહીરને મળ્યાઃ

### રિયાને દરેક સંજોગોમાં સાથ આપવાનું આપ્યું વચન

મુંબઈઃ મુંબઈ વિદ્યાર્થી આંદોલન દરમિયાન પોલીસની વેન સામે ઊભી રહી સમગ્ર દેશનું ધ્યાન ખેંચનાર રિયા અહીરે સાથે રાષ્ટ્રવાદી કૉંગ્રેસ પાર્ટી (શરદ પવાર જૂથ) ના કાર્યકારી અધ્યક્ષ અને સાંસદ સુપ્રિયા સુળેએ મુલાકાત કરી હતી. આ મુલાકાત દરમિયાન એનસીપી (શરદ પવાર જૂથ)ના પ્રમુખ શરદ પવાર પણ હાજર રહ્યા હતા. સુપ્રિયા સુળેએ રિયાને દરેક સંજોગોમાં સાથ આપવાનું વચન આપ્યું હતું અને તેના વિરુદ્ધ ચાલી રહેલી કથિત ધમકીઓ તેમજ બદનામીના અભિયાન અંગે ગંભીર ચિંતા પણ વ્યક્ત

(જુઓ પાનું ૪) ▸▸

# મહારાષ્ટ્રમાં 'ન્યૂ સ્ટેટ એમ્બ્યુલન્સ પૉલિસી': મોબાઈલ એપ પર મળશે તમામ સુવિધા

મુંબઈઃ મહારાષ્ટ્ર સરકાર રાજ્યમાં ટૂંક સમયમાં નવી સ્ટેટ એમ્બ્યુલન્સ પૉલિસી લાગુ કરવાની તૈયારીમાં છે. જેનો ઉદ્દેશ ઇમરજન્સી મેડિકલ સેવાઓને ઝડપી, પારદર્શક અને જવાબદાર બનાવવાની છે. રાજ્ય પરિવહન પ્રધાને જણાવ્યું હતું કે રાજ્યમાં દરેક નોંધણી કરાયેલી એમ્બ્યુલન્સને ડિજિટલ મોનિટરિંગ સિસ્ટમ સાથે જોડવામાં આવશે. જેથી એમ્બ્યુલન્સના લોકેશન, ઉપલબ્ધતા અને પહોંચવાના સમય અને સેવાની ગુણવત્તા પર યોગ્ય સમયે નિરીક્ષણ કરી શકાય.

હાલમાં મહારાષ્ટ્રમાં ૧૦૮ ઇમરજન્સી સેવાઓ હેઠળ લગભગ ૧,૦૭૬ એમ્બ્યુલન્સ કાર્યરત છે. આ સિવાય ખાનગી હોસ્પિટલો, ટ્રસ્ટની ૪,૫૦૦થી ૫,૦૦૦ એમ્બ્યુલન્સ કાર્યરત છે. પરંતુ હાલ પણ એકીકૃત વ્યવસ્થાનો અભાવ છે. નવી પૉલિસી

(જુઓ પાનું ૪) ▸▸

"MUMBAI SAMACHAR" Newspaper (Periodicity-Daily) Owners The Bombay Samachar Pvt. Ltd. Publisher and Printer Meherwanji Rustomji Cama, Printed at their Press "Mumbai Samachar" at Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001 & Dangat Media PVT. LTD., Plot No. 22, Digha, MIDC, TTC Industrial Area, Vishnu Nagar, Digha, Navi Mumbai-400708 and Published from Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001. Editor * Nilesh Mahendra Dave (*Responsible for selection of news under the PRB Act.). Email: samachar.bombay@gmail.com Tel. Nos. 022-22045531-33. **RNI Registration No. 1563/1957.** ''મુંબઈ સમાચાર'' પત્ર રેડ હાઉસ, સૈયદ અબ્દુલ્લા બ્રેલવી રોડ, ફોર્ટ, મુંબઈ અને દાંગટ મીડિયા પ્રા. લિ., પ્લોટ ક્ર. ૨૨, દિઘા, એમઆઈડીસી, ટીટીસી ઈન્ડસ્ટ્રિયલ એરિયા, વિષ્ણુનગર, નવી મુંબઈ-૪૦૦૭૦૮ ખાતે તેના માલિકો ધી બોમ્બે સમાચાર પ્રા. લિ. માટે તેઓના ''મુંબઈ સમાચાર'' પ્રેસમાં મહેરવાનજી રૂસ્તમજી કામાએ છાપ્યું અને પ્રગટ કર્યું છે. તંત્રીઃ *નીલેશ મહેન્દ્ર દવે (*પીઆરબી એક્ટ હેઠળ સમાચારોની પસંદગી માટે જવાબદાર). ઈ-મેઈલઃ **samachar.bombay@gmail.com** ટેલિફોનઃ ૨૨૦૪૫૫૩૧-૩૩. **R.N.I. No. 1563/1957.**